વર્ષ : 4 અંક : 04

16-31 ઓગષ્ટ, 2023 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર







## વિકસિત ગામડાં વિકસિત ભારત

પં. દીનદયાળ ઉપાધ્યાયના અંત્યોદયના સિદ્ધાંતને સાકાર કરીને કેન્દ્ર સરકારે સમાજના અંતિમ છેડા સુધી સામાજિક-આર્થિક વિકાસ સુનિશ્ચિત કરીને 80 કરોડ કરતાં વધુની વસ્તી ધરાવતા ગ્રામીણ ભારતને ગુણવત્તાયુક્ત અને ગૌરવપૂર્ણ જીવન પ્રદાન કર્યું છે...

# "સર્વજન હિતાયની ભાવના એ ભારતની ઓળખ અને ભારતની તાકાત છે"



કોઈપણ આપદાનો સામનો કરવામાં આપણું સામર્થ્ય અને સંસાધનો મોટી ભૂમિકા ભજવે છે - પરંતુ સાથે સાથે, આપણી સંવેદનશીલતા અને એકબીજાનો હાથ પકડીને સાથ આપવાની ભાવના પણ એટલી જ મહત્વપૂર્ણ છે. સર્વજન હિતાયની આ ભાવના જ ભારતની ઓળખ અને તાકાત છે. 30 જુલાઈના રોજ પ્રસારિત થયેલા માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિતેલા દિવસોમાં આવેલી કુદરતી આપદાઓ દરમિયાન દેશવાસીઓએ કરેલા સામૂહિક પ્રયાસોની પ્રશંસા કરી હતી અને જળ સંરક્ષણ સહિત અન્ય ઘણા વિષયો પર પણ વાત કરી હતી. અહીં 'મન કી બાત'ના 103મા એપિસોડના મુખ્ય અંશો રજૂ કર્યા છે...

- **જળ સંરક્ષણના પ્રયાસો:** આપણા દેશવાસીઓ સંપૂર્ણ જાગૃતિ અને જવાબદારી સાથે 'જળ સંરક્ષણ' માટે નવા નવા પ્રયાસો કરી રહ્યા છે. થોડા સમય પહેલાં જ, હું મધ્યપ્રદેશના શહડોલની મુલાકાતે ગયો હતો. ત્યાં મારી મુલાકાત પકરિયા ગામના આદિવાસી ભાઈ-બહેનો સાથે થઈ હતી. પ્રકૃતિ અને પાણી બચાવવા માટે પણ મેં તેમની સાથે ચર્ચા કરી હતી. હવે મને ખબર પડી છે કે, તેમણે આના પર કામ શરૂ પણ કરી દીધું છે.
- **આપણાં તીર્થધામોની મુલાકાતે દુનિયાભરના લોકો:** હવે દુનિયાભરના લોકો આપણાં તીર્થધામોની મુલાકાતે આવી રહ્યા છે. મને આવા જ બે અમેરિકન મિત્રો વિશે જાણવા મળ્યું છે જેઓ કેલિફોર્નિયાથી અહીં અમરનાથ યાત્રા કરવા આવ્યા હતા. આ વિદેશી મહેમાનોએ સ્વામી વિવેકાનંદની અમરનાથ યાત્રા વિશેના અનુભવો સાંભળ્યા હતા. તેમાંથી તેમને પ્રેરણા મળી અને તેઓ પોતે પણ અમરનાથ યાત્રા કરવા માટે આવ્યા હતા.
- **યોગનો અભ્યાસ:** ફ્રેન્ચ મૂળની મહિલા શાર્લોટ શોપા એક યોગ શિક્ષક છે અને તેમની ઉંમર 100 વર્ષથી પણ વધુ છે. તે છેલ્લાં 40 વર્ષથી તેઓ યોગનો અભ્યાસ કરી રહ્યાં છે. તેઓ પોતાના સારા સ્વાસ્થ્ય અને આ 100 વર્ષના આયુષ્યનો શ્રેય યોગને જ આપે છે. તેઓ દુનિયામાં ભારતના યોગ વિજ્ઞાન અને તેની શક્તિનો એક અગ્રણી ચહેરો બની ગયા છે.
- **વારસા પ્રત્યે ગૌરવ:** થોડા દિવસો પહેલાં સોશિયલ મીડિયા પર અદ્ભુત ક્રેઝ જોવા મળ્યો હતો. અમેરિકાએ સો કરતાં પણ વધુ દુર્લભ અને પ્રાચીન કલાકૃતિઓ આપણને પરત કરી છે. આ સમાચાર સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર આ કલાકૃતિઓ અંગે ઘણી ચર્ચા થઈ હતી. યુવાનોમાં તેમના વારસા પ્રત્યે ગૌરવની ભાવના જોવા મળતી હતી.
- **ભાવુક કરી દેનારો પત્ર:** દેવભૂમિ ઉત્તરાખંડની કેટલીક માતાઓ અને બહેનોએ મને લખેલા પત્રો ખૂબ જ ભાવુક કરી દે તેવા છે. તેમણે તેમના દીકરા, ભાઈને ઘણા આશીર્વાદ આપ્યા છે. તેમણે લખ્યું છે કે, તેમણે ક્યારેય કલ્પના પણ ન હતી કરી કે આપણી સાંસ્કૃતિક ધરોહર 'ભોજપત્ર' છે, તે આપણી આજીવિકાનું સાધન બની શકે છે.
- **મેહરમ વગરની હજયાત્રા:** મને પણ આ વખતે એવા પણ અનેક પત્રો મળ્યા છે, જેનાથી મનને ઘણો સંતોષ મળે છે. આ પત્ર એવી મુસ્લિમ મહિલાઓએ લખ્યો છે જેઓ તાજેતરમાં હજ યાત્રા કરીને આવી છે. આ એ મહિલાઓ છે જેમણે કોઈ પુરુષ સાથી એટલે કે મેહરમ વગર હજ યાત્રા કરી છે.
- **નશીલા દ્રવ્યો સામે અભિયાન:** નશીલા દ્રવ્યો સામેના અભિયાનમાં યુવાનોની ભાગીદારી વધારવાના પ્રયાસો ભારતમાં નશા વિરોધીના અભિયાનને ઘણું બળ આપે છે. જો આપણે દેશની ભાવિ પેઢીઓને બચાવવી હોય તો તેમને ડ્રગ્સથી દૂર રાખવા જ પડશે.
- **મિની બ્રાઝિલ:** મધ્યપ્રદેશના શહડોલમાં બિચારપુર નામનું એક ગામ છે. બિચારપુરને મિની બ્રાઝિલ કહેવામાં આવે છે. મિની બ્રાઝિલ કહેવાનું કારણ એ છે કે, આ ગામ આજે ફૂટબોલના ઉભરતા સ્ટાર્સનું ગઢ બની ગયું છે.

*સંપૂર્ણ 'મન કી બાત' સાંભળવા માટે QR કોડ સ્કૅન કરો.*

न्यू ईन्डिया
# સમાચાર
વર્ષ 4, અંકઃ 04 | 16-31 ઓગસ્ટ, 2023



**મુખ્ય સંપાદક**
**રાજેશ મલ્હોત્રા**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**ફુલચંદ તિવારી**
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ
https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia

# અંદરના પાને...

## 'અંત્યોદય'થી આધુનિકતા તરફ આગેકૂચ કરતું ગ્રામીણ ભારત



**કવર સ્ટોરી**

ભારતનો આત્મા એટલે કે 83 કરોડથી વધુ વસ્તીને સમાવતા ગ્રામીણ ભારતને લગતી વિશેષ પહેલ અને યોજનાઓએ ગામડાઓને સશક્ત- સક્ષમ અને આત્મનિર્ભર બનાવ્યા છે. પં. દીનદયાળ ઉપાધ્યાયના 'અંત્યોદય'ના પ્રયાસોને કારણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગરીબીમાં જીવતા લોકોની સંખ્યા 22 ટકાથી ઘટીને 10 ટકા થઈ છે અને અત્યંત ગરીબી રેખાનો દર પણ એક ટકાથી નીચે જતો રહ્યો છે... | 10-27

### G-20: દુનિયાને થઈ રહ્યો છે 'ભારતીયતા'નો સાક્ષાત્કાર



"પ્રાથમિકતાઓ પર સહમતિ થઈ રહી છે" 9-10 સપ્ટેમ્બરે નેતાઓનું શિખર સંમેલન યોજાશે | 40-43

### સીમા માર્ગ સંગઠને અમરનાથ યાત્રાને સરળ અને સુગમ બનાવી



પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે છેલ્લાં 9 વર્ષમાં દેશમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સ્થળોના પુનર્વિકાસ માટે અદ્ભુત કામ કર્યું છે | 46-47


સમાચાર સાર | 4-5

**વ્યક્તિત્વ - પરમવીર એ.બી. તારાપોર**
જેમણે 1965ના યુદ્ધમાં અદ્ભુત શૌર્ય બતાવ્યું | 6

**પ્રાચીનતા-આધુનિકતાનો અદ્ભુત સંગમ છે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ**
ત્રીજી વર્ષગાંઠઃ અખિલ ભારતીય શિક્ષણ સમાગમમાં પીએમ મોદીએ સંબોધન આપ્યું | 7

**વર્ષોથી કૌભાંડમાં ફસાયેલા પૈસા હવે પાછા મળવાના શરૂ થયા**
કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સહારા રિફંડ પોર્ટલનો શુભારંભ કર્યો | 8-9

**"બદલાતી તસવીર અને બદલાતા માર્ગો સાથે આપણે આગળ વધી રહ્યા છીએ"**
કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતીરાજ મંત્રી ગિરિરાજસિંહનો ઈન્ટરવ્યુ | 28-29

**ભારતના સામર્થ્ય, દૃઢ ઈચ્છાશક્તિનું પ્રમાણ 'ભારત મંડપમ'**
પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્રનું લોકાર્પણ કર્યું | 30-31

**ઉન્નતિ-સમૃદ્ધિના માર્ગે ખેડૂતો**
રાજસ્થાનને મળી વિકાસની ભેટો, કિસાન સન્માન નિધિના 14મા હપ્તાની ચુકવણી થઈ | 32-33

**નાના શહેરોથી લઈને ટાપુ સમૂહો સુધી પહોંચી રહી છે વિકાસની ગતિ**
પીએમ મોદીએ પોર્ટ બ્લેરમાં નવા એરપોર્ટ ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન કર્યું | 34-35

**રાષ્ટ્રીય રોજગાર મેળોઃ યુવા શક્તિના સપનાંને નવી ઊડાન મળી રહી છે**
પ્રધાનમંત્રી મોદીએ 7મા રાષ્ટ્રીય રોજગાર મેળામાં નિયુક્તિ પત્રો સોંપ્યા | 36-37

**સૌરાષ્ટ્રના વિકાસનું એન્જિન બની રહ્યું છે 'રાજકોટ'**
પીએમ મોદીએ રાજકોટમાં આંતરરાષ્ટ્રીય હવાઈમથકનું લોકાર્પણ કર્યું | 38-39

**નવા ભારતમાં ફિટ ઈન્ડિયા સંકલ્પને તાકાત મળી**
રાષ્ટ્રીય ખેલ દિવસ પર જાણો ફિટ ઈન્ડિયા અભિયાનની સફળતાનાં ચાર વર્ષ | 44-45

**'સ્કીલ ઈન્ડિયા'થી કાશ્મીરની 'નમદા' કળા પુનર્જીવિત થઈ**
પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાની સફળતાની ગાથા | 48



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મુખ્ય મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે

## વ્યક્તિ, ગામ અને પ્રદેશના સમાંતર ઉત્કર્ષથી સર્વાંગી ગ્રામીણ વિકાસ થઈ રહ્યો છે

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે, ભારતનો આત્મા ગામડાંઓમાં વસે છે. ગામડાંના વિકાસ વગર દેશનો વિકાસ થઈ શકે નહીં. ભારતને ગ્રામપ્રધાન દેશ તરીકે ઓળખવામાં આવે છે. આજે પણ લગભગ 65 ટકા વસ્તી ગ્રામીણ ભારતમાં વસે છે. પરંતુ આઝાદી પછી લાંબા સમય સુધી ગામડાંઓના સામર્થ્યને એવી તક નહોતી મળી જેના માટે તેઓ લાયક હતા. દેશમાં 60 કરોડથી વધુ લોકો પાસે બેંક ખાતા પણ નથી. આવી સ્થિતિમાં 2014 પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રામીણ વિકાસની નવી કલ્પના રજૂ કરી કે વ્યક્તિ, ગામ અને વિસ્તારના સમાંતર વિકાસથી સર્વાંગી ગ્રામીણ વિકાસ શક્ય છે, જે તેમણે કરીને પણ બતાવ્યું છે. એક સમય હતો જ્યારે એવું કહેવામાં આવતું હતું કે ગામડાંઓમાં કોઈ પરિવર્તન ન આવી શકે. પરંતુ ગામડાંઓએ બતાવી દીધું છે કે ગામડાંઓ માત્ર પરિવર્તન લાવી શકતા નથી, પરંતુ તેનું નેતૃત્વ પણ કરી શકે છે.


આજે દરેક પરિવાર બેંક ખાતું ધરાવે છે, ગામડાંની અર્થવ્યવસ્થા, ગામડાંમાં સુવિધાઓ, ગામના લોકોના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. દેશમાં પ્રથમવાર ગામડાંના ગરીબોને સુરક્ષા અને સન્માન મળ્યું છે અને વિકાસની ઝડપને કારણે ગરીબીમાં પણ ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્ર પરિવર્તનની પ્રક્રિયા અને પહેલ સંપૂર્ણપણે ગરીબી નાબૂદી માટે સમર્પિત છે.

ગ્રામીણ વિકાસ સૈદ્ધાંતિક ન હોઈ શકે, તેના માટે એક સમર્પિત ભાવનાની જરૂર છે. જો આ દેશને સમૃદ્ધ, સુવિધાપૂર્ણ અને આત્મનિર્ભર બનાવવો હોય તો ગામડાને સમૃદ્ધ, સુવિધાપૂર્ણ અને આત્મનિર્ભર બનાવવા પડશે. ગામડાંઓમાં રહેતી 70 ટકા વસ્તીને અર્થતંત્ર સાથે જોડવી જ પડશે જેથી ભારત 5 ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનવાનું લક્ષ્ય હાંસલ કરી શકે. ગ્રામીણ ભારતને ગૌરવપૂર્ણ અને ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરવાના સંકલ્પની સિદ્ધિ જ આ અંકમાં અમારી કવર સ્ટોરી બની છે. આમાં કેન્દ્રીય ગ્રામીણ અને પંચાયતીરાજ મંત્રી ગિરિરાજસિંહનો ઈન્ટરવ્યુ પણ સામેલ કરવામાં આવ્યો છે.

વ્યક્તિત્વની શ્રેણીમાં પરમવીર એ.બી. તારાપોરની પ્રેરક ગાથા, રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે ફિટ ઈન્ડિયા યોજના અંગે વિશેષ વાંચન સામગ્રી, પ્રધાનમંત્રી તરફથી રાજ્યોને આપવામાં આવેલી વિકાસની ભેટો, આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્રનું લોકાર્પણ, ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના ત્રણ વર્ષ નિમિત્તે આયોજિત અખિલ ભારતીય શિક્ષણ સંમેલન, G-20 સંબંધિત કાર્યક્રમો, ભારત રત્નથી સન્માનિત ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ 16 ઓગસ્ટ નિમિત્તે કૃતજ્ઞ રાષ્ટ્ર દ્વારા તેમને વંદન સહિત અન્ય બાબતોને આ અંકમાં સમાવી લેવામાં આવી છે.

તા.ક.: ભારતને વિકસિત બનાવવા માટે ભારતનાં ગામડાંઓની સામાજિક વ્યવસ્થાનો વિકાસ કરવો જરૂરી છે. ભારતના ગામડાઓની આર્થિક વ્યવસ્થાનો વિકાસ કરવો જરૂરી છે. ભારતનો આત્મા ગામડાંઓમાં વસે છે અને તે વાતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સંપૂર્ણ મક્કમતાથી ગ્રામોદય માટે આગળ વધી રહી છે.


આપના સૂચનો અમને મોકલતા રહો.



(રાજેશ મલ્હોત્રા)

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...




### તલવાર કરતાં વધુ શક્તિશાળી કલમ

ન્યૂ ઈન્ડિયા સમાચારના 16 થી 31 જુલાઈના અંકમાં 'યુવા શક્તિ, રાષ્ટ્રની પ્રગતિ' શીર્ષક સાથે પ્રકાશિત કવર સ્ટોરી તેના નામ પ્રમાણે અર્થપૂર્ણ અને યોગ્ય છે. વિષયો ઉત્તમ સંશોધન સાથે લખવામાં આવ્યા છે અને સરકારની કામગીરી રજૂ કરી છે. NEP સારી રીતે તૈયાર કરવામાં આવી છે અને ખૂબ જ સ્પષ્ટ ફોર્મેટમાં રજૂઆત કરી છે. જો આ મેગેઝીન આપણા દેશના દરેક યુવાનો સુધી પહોંચે તો તે બ્રેઈન ડ્રેઈનને ઘણી હદ સુધી ઓછું કરી શકાય તેમ શકે છે. બધા વિષયો ઉત્તમ છે. આવી સ્થિતિમાં, આ કહેવત એકદમ બંધબેસે છે કે, તલવાર કરતાં કલમ વધુ શક્તિશાળી હોય છે.

શાલિની ભટનાગર | sbhatnagar1971@gmail.com

### સરકારની નીતિ અને કાર્યક્રમોની વ્યાપક અને ઉદ્દેશ્ય રજૂઆત

ન્યૂ ઈન્ડિયા સમાચારનો જૂન મહિનાનો અંક મળ્યો. ઉત્તમ અંક બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર. આ મેગેઝીન સરકારની નીતિઓ અને કાર્યક્રમોના અમલીકરણની વ્યાપક અને ઉદ્દેશ્યપૂર્ણ રજૂઆત છે. સાથે જ, સરકારની વહીવટી કામગીરી અને યોજનાઓ વિશે સારી માહિતી મળે છે. ગુણવત્તાયુક્ત મેગેઝીન પ્રકાશિત કરવા બદલ સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

ડૉ. મઝહર મહમૂદ

ms.mazharmahmood@rediffmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન માહિતીથી ભરપૂર હોય છે

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનનો નિયમિત વાચક છું. આમાં પ્રકાશિત તમામ સમાચાર રસપ્રદ અને માહિતીથી ભરપૂર હોય છે, જેમાં ખાસ કરીને દેશની બહાર રહેતા લોકો માટે તે ઉપયોગી છે. મને સ્વાતંત્ર્ય સેનાનીઓની ગાથાઓ અને તેમના યોગદાન સાથે સંબંધિત માહિતી સૌથી મહત્વપૂર્ણ લાગે છે. યુવા પેઢીએ કદાચ શાળાઓમાં એવા સમર્પિત સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે નહીં વાંચ્યું હોય કે, જેઓ આઝાદીની જંગ લડ્યા અને આપણને આઝાદી અપાવી. મેગેઝીનમાં આપવામાં આવતી માહિતી સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાનની જાણકારી માટે સન્માનની વાત છે. હું ન્યૂ ઈન્ડિયા સમાચારમાં પ્રકાશિત થયેલી ગાથાઓનું સંકલન કરીને યોગ્ય સમયે એક પુસ્તક પ્રકાશિત કરવાનું સૂચન કરીશ. આશા છે કે, તમે આમ કરવા પર વિચાર કરશો. આવા પુસ્તક દરેક પુસ્તકાલય અને ઘરમાં રાખી શકાય.

ડૉ. અરુણ અગ્રવાલ

agarwal.arun.47@gmail.com

### કલ્યાણકારી યોજનાઓને લગતી માહિતી વાંચવા મળે છે

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત વાંચું છું. આમાં પ્રકાશિત થતા લેખો વાંચીને મને ખૂબ આનંદ થાય છે કારણ કે, આમાં આપણને ભારતના સામાન્ય લોકો માટે કેન્દ્ર સરકારની સંખ્યાબંધ કલ્યાણકારી યોજનાઓ સાથે સંબંધિત સમાચાર વાંચવા મળે છે. તે નાગરિક સેવાઓની પરીક્ષા માટે તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને સાંપ્રત બાબતો અને સામાજિક જ્ઞાન, વિજ્ઞાન તેમજ ટેકનોલોજી વિશે જાણવામાં પણ મદદ કરે છે.

મિથુન ચક્રવર્તી

mithunvalmiki999@gmail.com

અમને ફોલો કરો @NISPIBIndia

પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in



# પ્રધાનમંત્રી મોદીને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર, રકમ નમામી ગંગે માટે આપી

રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસ માટે નોંધપાત્ર અને અસાધારણ કામ કરવા બદલ સ્વાતંત્ર્ય સેનાની લોકમાન્ય તિલકની પુણ્યતિથિના રોજ તિલક સ્મારત મંદિર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતો લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપવામાં આવ્યો છે. 1 ઓગસ્ટના રોજ પુણેમાં યોજાયેલા 41મા પુરસ્કાર સમારંભમાં મુખ્ય ટ્રસ્ટી દીપક તિલકે પ્રધાનમંત્રી મોદીને ખેસ, સન્માનપત્ર અર્પણ કર્યા હતા. અગાઉ આ પુરસ્કાર ડૉ. શંકર દયાળ શર્મા, પ્રણવ મુખર્જી, અટલ બિહારી વાજપેયી, ઈન્દિરા ગાંધી, ડૉ. મનમોહન સિંહ સહિત અનેક મહાનુભાવોને એનાયત કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સન્માન મેળવ્યા પછી કહ્યું હતું કે, "મને પુણેમાં આ સન્માન મળ્યું તે મારા જીવનનો અવિસ્મરણીય પ્રસંગ છે. મને પુરસ્કાર સાથે જે રકમ આપવામાં આવી છે તેને નમામી ગંગે પ્રોજેક્ટ માટે દાનમાં આપવાનો નિર્ણય લીધો છે. લોકમાન્ય તિલક આપણા સ્વતંત્રતાના ઈતિહાસના કપાળ પરનું તિલક છે. પુરસ્કારનું નામ લોકમાન્ય તિલક સાથે જોડવામાં આવે તો જવાબદારીની ભાવના અનેકગણી વધી જાય છે. હું આ પુરસ્કાર 140 કરોડ દેશવાસીઓને અર્પણ કરું છું. હું દેશવાસીઓને ભરોસો આપું છું કે, હું તેમની સેવા, ઈચ્છાઓ અને આકાંક્ષાઓને પૂરી કરવામાં કોઈ કસર છોડીશ નહીં."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અગાઉ વર્ષ 2019ની શરૂઆતમાં, આંતરરાષ્ટ્રીય સહયોગ બદલ દક્ષિણ કોરિયામાં સિઓલ પીસ પ્રાઈઝમાં મળેલી 1.30 કરોડ રૂપિયાની રકમ પણ નમામી ગંગે પ્રોજેક્ટ માટે અર્પણ કરી હતી. પ્રધાનમંત્રી મોદીને દેશ-વિદેશમાં મળતી વિવિધ ભેટોની હરાજી કરીને એકઠી કરવામાં આવેલી રકમ પણ નમામી ગંગે પ્રોજેક્ટને સોંપવામાં આવે છે.

# સ્ટીલ સ્લેગ માર્ગો 'વેસ્ટ ટુ વેલ્થ'નો મંત્ર મજબૂત કરે છે

ભારતે વિશ્વની અદ્યતન સ્ટીલ માર્ગ ટેકનોલોજી (સ્ટીલ સ્લેગ રોડ) તૈયાર કરી છે, જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વેસ્ટ ટુ વેલ્થ' એટલે કે કચરામાંથી કંચન મંત્રને મજબૂત કરી રહી છે. આવા રસ્તાઓ ભારતીય વિસ્તાર માટે યોગ્ય હોવાની સાથે સાથે તેનું નિર્માણ 30 ટકા સસ્તું પણ થાય છે અને ત્રણ ગણા વધુ સમય સુધી ટકી રહે છે.

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) ડૉ. જિતેન્દ્રસિંહે 17 જુલાઈના રોજ નવી દિલ્હીમાં એવી જાહેરાત કરી હતી કે, ભારતે વિશ્વની નવીનતમ સ્ટીલ રોડ ટેકનોલોજી વિકસાવી છે. આ ટેક્નોલોજી તૈયાર કરવાનું બીડું CSIR-CRRI દ્વારા ઉપાડવામાં આવ્યું છે, જેના કારણે સ્ટીલ પ્લાન્ટમાં નીકળેલા કચરાના સ્ટીલ સ્લેગનો ઉપયોગ માર્ગ નિર્માણમાં ખૂબ જ મોટાપાયે થઈ શકે છે. ગુજરાતના સુરતમાં પ્રથમ વખત સ્ટીલ સ્લેગથી માર્ગ બનાવવામાં આવ્યો હતો, જ્યારે સીમા માર્ગ સંગઠને અરૂણાચલ પ્રદેશમાં હેવી ડ્યુટી રોડમાં સ્ટીલ સ્લેગનો ઉપયોગ કર્યો છે. ગુજરાત, ઝારખંડ, મહારાષ્ટ્ર અને અરૂણાચલ પ્રદેશમાં આ ટેકનોલોજીનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારત સમગ્ર વિશ્વમાં બીજો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક દેશ છે.
- પ્રતિ ટન સ્ટીલના ઉત્પાદનમાં 200 કિલો સ્ટીલ સ્લેગ ઉત્પન્ન થાય છે.
- હાલમાં દેશમાં દર વર્ષે 19 મિલિયન ટન સ્ટીલ સ્લેગ ઉત્પન્ન થાય છે, જે 2030 સુધીમાં વધીને 60 મિલિયન ટન સુધી પહોંચવાની અપેક્ષા છે.

# પાસપોર્ટ સ્ટ્રેન્થ રેન્કિંગમાં ભારત મજબૂત બન્યું

ભારતનો પાસપોર્ટ વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બન્યો છે. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સના તાજેતરના અહેવાલ અનુસાર, ભારતીય પાસપોર્ટના રેન્કિંગમાં 2022ની સરખામણીમાં 5 પોઈન્ટનો સુધારો થયો છે. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ 2023માં ભારત 80મા ક્રમે છે. આ પાસપોર્ટથી વિશ્વના 57 દેશો કાં તો વિઝા ફ્રી ઍક્સેસ મળે છે અથવા તો વિઝા ઓન અરાઈવલનો વિકલ્પ આપવામાં આવે છે. વિઝા ઓન અરાઈવલમાં મુસાફરો જે-તે દેશમાં પહોંચે તે પછી એરપોર્ટ પર જ તેમને તાત્કાલિક વિઝા આપવામાં આવે છે અને તેની પ્રક્રિયા પણ સરળ હોય છે. ભારતીય પાસપોર્ટ ધારકોને વિશ્વના 177 દેશોમાં જવા માટે વિઝા લેવાની જરૂર પડે છે, જેમાં અમેરિકા, ચીન, જાપાન, રશિયા, યુરોપિયન યુનિયન દેશોનો સમાવેશ થાય છે.

## ટ્વીટર પર પીએમ મોદીના 9 કરોડ ફોલોઅર્સ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હવે ટ્વીટર પર નવ કરોડ ફોલોઅર્સ થઈ ગયા છે, જે તેમને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિશ્વભરમાં સૌથી વધુ ફોલો કરવામાં આવતા સક્રિય રાજનેતાઓમાંથી એક બનાવે છે. પ્રધાનમંત્રી મોદીના 90.3 મિલિયન ફોલોઅર્સ છે, જે યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક કરતાં પણ વધુ છે. આ સાથે જ, તેઓ ટ્વીટર પર સૌથી વધુ ફોલો કરવામાં આવતા ભારતીય પણ છે. તેમના ફોલોઅર્સની યાદીમાં ટ્વીટરના વડા એલન મસ્કનો પણ સમાવેશ થાય છે, જેઓ સોશિયલ નેટવર્કિંગમાં સૌથી વધુ ફોલોઅર્સ ધરાવે છે.




## વિદેશી ધરતી પર ચેમ્પિયનશિપમાં સૌથી વધુ ચંદ્રકો મેળવ્યા

એશિયન એથલેટિક્સ ચેમ્પિયનશિપ 2023માં ચંદ્રકોનું કોષ્ટક

| રેન્ક | દેશ | સુવર્ણ | રજત | કાંસ્ય | કુલ ચંદ્રક |
|---|---|---|---|---|---|
| 1 | જાપાન | 16 | 11 | 10 | 37 |
| 2 | ચીન | 8 | 8 | 6 | 22 |
| 3 | ભારત | 6 | 12 | 9 | 27 |
| 4 | શ્રીલંકા | 3 | 2 | 3 | 8 |
| 5 | કતર | 2 | 1 | 1 | 4 |
| 6 | ફિલિપાઈન્સ | 2 | 0 | 0 | 2 |
| 6 | સિંગાપોર | 2 | 0 | 0 | 2 |

25મી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2023માં સર્વોત્કૃષ્ટ પ્રદર્શન સાથે, ભારતીય ખેલાડીઓની ટુકડીએ વિદેશી ધરતી પર યોજાયેલી કોઈપણ ચેમ્પિયનશિપમાં અત્યાર સુધીના સૌથી વધુ ચંદ્રક જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ચેમ્પિયનશિપમાં સર્વોત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેમની પ્રશંસા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, "આપણા ખેલાડીઓએ 27 ચંદ્રક જીત્યા, જે વિદેશી ધરતી પર કોઈપણ ચેમ્પિયનશિપની સૌથી વધુ ચંદ્રક સંખ્યા છે. આ સિદ્ધિ માટે અમારા ખેલાડીઓને અભિનંદન. આનાથી અમારી છાતી ગર્વથી ફૂલી ગઈ છે."

25મી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2023નું સમાપન 16 જુલાઈના રોજ થાઈલેન્ડના બેંગકોકમાં થયું હતું. ભારતીય ખેલાડીઓની ટુકડીએ આ ચેમ્પિયનશિપમાં 6 સુવર્ણ ચંદ્રક, 12 રજત ચંદ્રક અને 9 કાંસ્ય ચંદ્રક જીત્યા હતા. ભારત એકંદર ચંદ્રકના રેન્કિંગમાં ચીન અને જાપાન પછી ત્રીજા સ્થાને છે. વિદેશી ધરતી પર આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. અગાઉનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 2017માં ભુવનેશ્વરમાં જોવા મળ્યું હતું, જ્યાં ભારતે નવ સુવર્ણ, છ રજત અને 12 કાંસ્ય ચંદ્રક જીત્યા હતા. જ્યોતિ યારાંજીએ 100 મીટર વિઘ્ન દોડમાં સુવર્ણ ચંદ્રક અને 200 મીટર ફાઈનલમાં રજત ચંદ્રક જીતીને ભારત તરફ સ્ટાર રહી હતી.

## 105 કળાકૃતિઓ સ્વદેશ પરત આવી, અમેરિકાએ પાછી આપી




ભારતના વિવિધ પ્રદેશો અને પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરતી 105 કળાકૃતિઓને દાણચોરી કરીને લઈ જવામાં આવી હતી તેને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં સ્વદેશ પરત લાવવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આના માટે અમેરિકાનો આભાર માન્યો છે. વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસના ટ્વીટના જવાબમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "આનાથી દરેક ભારતીય ખુશ થશે. આના માટે અમેરિકાનો આભારી છું. આ અમૂલ્ય કળાકૃતિઓ ખૂબ જ સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વ ધરાવે છે. તેમનું સ્વદેશ પરત આવી એ આપણા વારસા અને સમૃદ્ધ ઈતિહાસને જાળવવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે."

ભારતીય દૂતાવાસે માહિતી આપી હતી કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રાજકીય મુલાકાત પછી અમેરિકા તરફથી આ પ્રાચીન કળાકૃતિઓ સોંપવામાં આવી છે. તેમાં રાજસ્થાનની 12-13મી સદીની આરસની કમાન, મધ્ય ભારતની 14-15મી સદીની અપ્સરા, દક્ષિણ ભારતમાંથી 14-15મી સદીની સંબંદર અને 17-18મી સદીની કાંસ્યની નટરાજ મૂર્તિનો સમાવેશ થાય છે. આ પહેલાં પણ છેલ્લાં નવ વર્ષમાં વિશ્વના વિવિધ દેશોમાંથી 228 ઐતિહાસિક ધરોહર ભારતમાં પરત લાવવામાં આવી છે, જ્યારે વર્ષ 2014 પહેલાં માત્ર 13 ચોરાયેલી મૂર્તિઓ પરત લાવવામાં આવી હતી.

# એ. બી. તારાપોર

# 1965ના યુદ્ધમાં અદ્ભુત શૌર્ય બતાવ્યું



જન્મઃ 18 ઓગસ્ટ 1923, અવસાનઃ 16 સપ્ટેમ્બર 1965

**1965ના યુદ્ધમાં પાકિસ્તાનને ભારત સામે કારમા પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ વિજય ઘણા નાયકો હતા. તેમાંથી એક ભારતીય સેનાના લેફ્ટેનન્ટ કર્નલ એ.બી. તારાપોર હતા, જેમણે પોતાની બહાદુરીથી પાકિસ્તાની સેનાના દરેક ઈરાદા પર પાણી ફેરવી દીધું હતું. એ.બી. તારાપોરે 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં સતત 6 દિવસ સુધી અદ્વિતીય સાહસ, શૌર્ય અને અજોડ બહાદુરીપૂર્વક લડવાની સાથે સાથે, દેશ માટે સર્વોચ્ચ બલિદાન પણ આપ્યું હતું. આ અદ્ભુત શૌર્ય બતાવવા બદલ, તેમને 1965માં મરણોત્તર પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની ગૌરવ ગાથાઓ હંમેશા ભાવિ પેઢીઓને પ્રેરણા આપશે...**

પરમવીર ચક્રથી સન્માનિત લેફ્ટેનન્ટ કર્નલ એ.બી. તારાપોરનું પૂરું નામ અર્દેશિર બુર્જોરજી તારાપોર હતું પરંતુ, લોકો તેમને પ્રેમથી 'આદિ' કહીને બોલાવતા હતા. તારાપોરનો જન્મ 18 ઓગસ્ટ, 1923ના રોજ મુંબઈમાં બુર્જોરજી તારાપોર અને નર્ગિશને ત્યાં થયો હતો. તેમના પૂર્વજ રતનજીબાએ છત્રપતિ શિવાજીને આધીન સેનાપતિ તરીકે સેવા આપી હતી.

તારાપોરે 1942 માં 7 હૈદરાબાદ ઈન્ફેન્ટ્રીમાંથી તેમની સૈન્ય કારકિર્દીની શરૂઆત કરી હતી. આઝાદી પછી, જ્યારે હૈદરાબાદ ભારત સંઘમાં ભળી ગયું, ત્યારે તેમને ભારતીય સેનાની પૂના હોર્સ રેજિમેન્ટમાં તૈનાત કરવામાં આવ્યા હતા. 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં સિયાલકોટ (પાકિસ્તાન)ના ફિલૌરામાં 7 થી 11 સપ્ટેમ્બર સુધી યુદ્ધ થયું હતું. પૂના હોર્સ રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટેનન્ટ કર્નલ એ.બી. તારાપોરને આ ક્ષેત્ર કબજે કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. 7 સપ્ટેમ્બરના રોજ, ફિલૌરા ખાતે રેજિમેન્ટનો સામનો પાકિસ્તાનની પેટન ટેન્ક સાથે થયો હતો. અમેરિકા દ્વારા સૌથી મજબૂત અને ખતરનાક ગણાવવામાં આવતી પેટન ટેન્ક સામે સીધી લડાઈમાં ભારતીય સેનાએ પાકિસ્તાની સેના ધૂળ ચટાડી દીધી હતી.

લેફ્ટેનન્ટ કર્નલ એ.બી. તારાપોરના નેતૃત્વમાં સ્નાઈપર્સે એટલે કે નિશાન તાકનારા જવાનોએ એટલી સચોટતાથી લક્ષ્ય વિંધિ નાખ્યા હતા કે, પાકિસ્તાની સેનાની 60 ટેન્કો તોડી પાડી હતી, જ્યારે ભારતની માત્ર 9 ટેન્કોનો નાશ થયો હતો. તેઓ ઘાયલ હોવા છતાં, તેઓ મેદાનમાંથી પાછો ન હટ્યા અને યુદ્ધનું નેતૃત્વ સંભાળવાનું ચાલુ રાખ્યું. આ દરમિયાન લેફ્ટેનન્ટ કર્નલ તારાપોરની ટેન્કને નુકસાન થયું અને આગની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ હતી. પોતાના શૌર્યના દમ પર યુદ્ધના પરિણામને પોતાના પક્ષમાં કર્યા પછી 16 સપ્ટેમ્બર 1965ના રોજ, આગની જ્વાળાઓથી ઘેરાયેલા, લેફ્ટેનન્ટ કર્નલ એ.બી. તારાપોર એક નાયકની જેમ શહીદ થયા. યુદ્ધમાં તેમણે બતાવેલા શૌર્ય બદલ તેમને મરણોત્તર પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તારાપોરની છેલ્લી ઈચ્છા હતી કે, જો હું યુદ્ધમાં માર્યો જાઉં તો મારા અંતિમ સંસ્કાર અહીં યુદ્ધના મેદાનમાં કરવામાં આવે, તેથી 17 સપ્ટેમ્બર, 1965ના રોજ તેમના અંતિમ સંસ્કાર જસોરણમાં કરવામાં આવ્યા. યુદ્ધ દરમિયાન, તેમની કમાન્ડની તાકાતનો પરચો પાકિસ્તાની સેનાને પણ મળી ગયો હતો.

દેશના વાસ્તવિક જીવનના નાયકોને યોગ્ય સન્માન આપવામાં આવે એ હંમેશા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટોચની પ્રાથમિકતા રહી છે. આ ભાવનામાં આગળ વધીને, 23 જાન્યુઆરી 2023ના રોજ, આંદામાન અને નિકોબાર ટાપુઓના 21 મોટા અજ્ઞાત ટાપુઓને 21 પરમવીર ચક્ર વિજેતાઓના નામ પરથી નામાંકિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આમાં એક ટાપુનું નામ એ.બી. તારાપોરના નામ પરથી રાખવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 18 જુલાઈ, 2023ના રોજ જણાવ્યું હતું કે, "અમે 21 ટાપુઓનું નામ દેશ માટે બહાદુરી દર્શાવનારા પરાક્રમી સપુતો, પરમવીર ચક્ર વિજેતાઓના નામ પરથી રાખ્યું છે. આજે આંદામાન-નિકોબારના આ ટાપુઓ સમગ્ર દેશના યુવાનોને દેશના વિકાસ માટે નવી પ્રેરણા આપી રહ્યા છે."

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં ત્રણ વર્ષ

# પ્રાચીનતા-આધુનિકતાનો અદ્ભુત સંગમ

**આઝાદીના અમૃતકાળમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દ્વારા, દેશે અંગ્રેજી અંગેની હીન ભાવનાને પણ પાછળ છોડવાની શરૂઆત કરી દીધી છે. હવે સમાજ વિજ્ઞાનથી લઈને એન્જિનિયરિંગ સુધીનું શિક્ષણ પણ ભારતીય ભાષાઓમાં આપવામાં આવશે. યુવાનોમાં ભાષા પ્રત્યે આત્મવિશ્વાસ હશે તો તેમની પ્રતિભા ખુલીને બહાર આવશે. શિક્ષણને પ્રેક્ટિલ લર્નિંગનો એક ભાગ બનાવનારી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની ત્રીજી વર્ષગાંઠ પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 29 જુલાઈએ ભારત મંડપમ ખાતે અખિલ ભારતીય શિક્ષા સમાગમનો શુભારંભ કર્યો અને પીએમ શ્રી યોજનાનો પ્રથમ હપ્તો પણ રિલિઝ કર્યો**



> "હું યુએનમાં પણ ભારતની ભાષા બોલું છું. સાંભળનારાઓને તાળી પાડવામાં થોડો સમય લાગે તો ભલે લાગે.
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ શ્રી યોજનાની 6207 શાળાઓને રૂ. 630 કરોડનો પ્રથમ હપ્તો રિલિઝ કર્યો હતો અને 12 ભારતીય ભાષાઓમાં અનુવાદિત શિક્ષણ અને કૌશલ્ય અભ્યાસક્રમ પુસ્તકોનું વિમોચન પણ કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ બાલવાટિકામાં બાળકો સાથે સમય વિતાવ્યા બાદ કહ્યું હતું કે, "માસૂમ બાળકો સાથે આનંદની કેટલીક ક્ષણો! તેમની ઉર્જા અને ઉત્સાહથી મનમાં ઉમંગ ભરાઈ જાય છે."

વિકસિત ભારતના વિરાટ ધ્યેયને ગતિ અને નવી દિશા આપતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ સફળતાના ત્રણ વર્ષ દરમિયાન સર્વાંગી વિકાસને નવી ઓળખ આપી છે. હવે નાનકડા બાળકોના ખભા પર ભારે ભરખમ સ્કૂલબેગનો બોજ નથી રહ્યો કે વિદ્યાર્થીઓને લાંબા અભ્યાસક્રમનો ડર નથી રહ્યો. નવી નીતિએ શિક્ષણ જગતની કાયાપલટ કરીને અભ્યાસ અને શીખવાની પરિભાષા જ બદલી નાખી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાથમિકતા એ આપવામાં આવી છે કે, શિક્ષણ માત્ર વર્ગખંડો પૂરતું સીમિત ન હોવું જોઈએ, પરંતુ વ્યવહારિક શિક્ષણ (પ્રેક્ટિકલ લર્નિંગ) તેનો એક ભાગ હોવો જોઈએ. આ સમયગાળો એવા યુવાનોના હાથમાં છે, જેઓ આજે શાળાકીય શિક્ષણ કે તાલીમ લઈ રહ્યા છે, તેઓ જ આવતીકાલે દેશને તૈયાર કરવાના છે.●

## 22 ભારતીય ભાષાઓમાં નવા પુસ્તકો આવશે

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં, શિક્ષણ પદ્ધતિ હવે 5+3+3+4ને અનુસરશે. શિક્ષણની શરૂઆત પણ ત્રણ વર્ષની ઉંમરથી થશે. તેનાથી સમગ્ર દેશમાં એકરૂપતા આવશે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક પણ ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવશે. 3 થી 8 વર્ષનાં બાળકો માટે પણ એક ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવ્યું છે. 3 થી 12 ધોરણ સુધીના NCERTના 130 વિષયોમાં નવા પાઠ્યપુસ્તકો આવી રહ્યા છે. હવે પ્રાદેશિક ભાષાઓમાં પણ શિક્ષણ આપવામાં આવશે, તેથી આ પુસ્તકો 22 ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

### સમાન શિક્ષણ અને સમાન તક

પ્રધાનમંત્રી મોદીએ શિક્ષા સમાગમમાં કહ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પ્રાથમિકતા એ છે કે, ભારતના દરેક યુવાનોને શિક્ષણની સમાન તક મળવી જોઈએ. અગાઉના સમયમાં સુદૂરવર્તી વિસ્તારોમાં સારી શાળાઓના અભાવના કારણે ઘણા બાળકો અભ્યાસ કરી શકતા ન હતા. પરંતુ આજે દેશભરમાં હજારો શાળાઓને પીએમ શ્રી શાળા તરીકે અપગ્રેડ કરવામાં આવી રહી છે. '5G'ના આ યુગમાં, આ આધુનિક હાઈટેક શાળાઓ ભારતના વિદ્યાર્થીઓ માટે આધુનિક શિક્ષણનું માધ્યમ બનશે.

## 25 વર્ષમાં યુવા પેઢી આવી ઉર્જાવાન હોવી જોઈએ

- ગુલામીની માનસિકતામાંથી મુક્ત હોય.
- નવા નવા આવિષ્કારો કરવા માટે તત્પર હોય.
- વિજ્ઞાનથી લઈને રમતગમત સુધી દરેક ક્ષેત્રમાં ભારતનું નામ ઉજ્જ્વળ કરે.
- 21મી સદીની ભારતની જરૂરિયાતને સમજે, પોતાનું સામર્થ્ય વધારે.
- કર્તવ્યની ભાવના ભરપૂર હોય, પોતાની જવાબદારીઓને જાણતા-સમજતા હોય.




સહારા રિફંડ પોર્ટલનો શુભારંભ

# વર્ષોથી કૌભાંડમાં ફસાયેલા પૈસા હવે પાછા મળવાના શરૂ થયા

**કેન્દ્રની વર્તમાન સરકાર માત્ર ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી કરે છે એવું નથી, પરંતુ વર્ષોથી કૌભાંડનો ભોગ બનેલા નાના-નાના ખેડૂતો અને વેપારીઓની આકરી મહેનતની કમાણી હવે તેમના ખિસ્સામાં પાછી આવી રહી છે. સામાન્ય લોકોના મનમાં સહકારી મંડળીઓ પ્રત્યે રહેલી અવિશ્વાસની ભાવનાનો સરકારના આ પગલાંથી અંત આવશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સહારા સમૂહની સમિતિઓમાં ફસાયેલા રોકાણકારોના પૈસા પાછા લાવવા માટે 18 જુલાઈના રોજ સહારા રિફંડ પોર્ટલનો શુભારંભ કર્યો છે...**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી હતી અને હવે કૌભાંડોમાં ફસાયેલા નાણાં રોકાણકારોને પારદર્શિતા સાથે પરત કરવાની એક મોટી શરૂઆત કરવામાં આવી છે. તમામ હિતધારકો સાથે વિચાર કરીને એવી વ્યવસ્થા બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યો છે જેમાં નાના રોકાણકારો વિશે સકારાત્મક રીતે વિચારી શકાય અને તેનાં પરિણામો હવે સામે આવી રહ્યાં છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે 18 જુલાઈના રોજ સેન્ટ્રલ રજિસ્ટ્રાર સહારા રિફંડ પોર્ટલ https://mocrefund.crcs.gov.in લોન્ચ કર્યું હતું. આ પોર્ટલ સહારા સમૂહની ચાર સહકારી સમિતિઓ એટલે કે, સહારા ક્રેડિટ કોઓપરેટિવ એન્ડ સોસાયટી લિમિટેડ, સહારાયન યુનિવર્સલ મલ્ટીપર્પઝ સોસાયટી લિમિટેડ, હમારા ઈન્ડિયા ક્રેડિટ કોઓપરેટિવ એન્ડ સોસાયટી લિમિટેડ અને સ્ટાર્સ મલ્ટીપર્પઝ કોઓપરેટિવ એન્ડ સોસાયટી લિમિટેડના થાપણદારો પોતાની રકમના દાવાઓ કરી શકે તે માટે તૈયાર કરવામાં આવ્યું છે.

આ પ્રક્રિયામાં એવી તમામ જોગવાઈઓ કરવામાં આવી છે કે, જેથી કરીને કોઈપણ પ્રકારની ગરબડ અને કોઈપણ પ્રમાણિક રોકાણકાર સાથે અન્યાય થવાનો અવકાશ ન રહે. થાપણદારોના દાવા અને અપલોડ કરવામાં આવેલા દસ્તાવેજોની ચકાસણી કર્યા પછી ઑનલાઈન દાવો સબમિટ કર્યાના 45 દિવસની અંદર રકમ સીધી જ થાપણદારના આધાર સાથે લિંક કરવામાં આવેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. કેન્દ્ર સરકારની આ પહેલ બાદ રોકાણકારોને 5000 કરોડ રૂપિયાની રકમ પારદર્શક રીતે પરત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ પોર્ટલને સહકારિતા મંત્રાલયની વેબસાઈટ દ્વારા ઍક્સેસ કરી શકાય છે. ચુકવણીની


## અજમાયશ ધોરણે રોકાણકારોને રકમ પરત કરવાની શરૂઆત

**5,000** કરોડ રૂપિયાની રિફંડની રકમ પરત કરવાની શરૂઆત અજમાયશ ધોરણે પારદર્શક રીતે કરવામાં આવી.

સર્વોચ્ચ અદાલતના આદેશ પર, ભૂતપૂર્વ ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરીને પારદર્શક રીતે ચુકવણીની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. 5,000 કરોડ રૂપિયા પારદર્શી રીતે અજમાયશના ધોરણે પરત કરવાની શરૂઆત કરવામાં આવી. જ્યારે 5,000 કરોડ રૂપિયાની ચુકવણી થઈ જશે, ત્યારે બાકીના રોકાણકારોને રકમ પરત કરવા માટે ફરી એકવાર સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવામાં આવશે. પોર્ટલના માધ્યમથી, પહેલા એવા રોકાણકારોની રકમ પાછી આપવામાં આવશે જેમની થાપણો રૂ. 10,000 કે તેથી વધુ છે. જમા રકમમાંથી 10,000 રૂપિયા સુધીની રકમ પાછી ચુકવવામાં આવશે.

### ચારેય સમિતિઓનો ડેટા ઑનલાઈન ઉપલબ્ધ છે

સહારાની ચાર સમિતિઓનો સંપૂર્ણ ડેટા ઑનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે, જેના રોકાણકારોની રકમ પરત કરવાનો હાલમાં નિર્ણય લેવામાં આવ્યો છે. લગભગ 1.78 કરોડ નાના રોકાણકારો એવા છે જેમને પોતાના ફસાયેલા નાણા પાછા મળશે.



### આ રીતે અરજી કરવી

અરજી ભરવા માટે કોમન સર્વિસ સેન્ટર (CSC)નો ઉપયોગ કરી શકાય છે. રોકાણકારોને CSC દ્વારા પોતાનું ઑનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું કહેવામાં આવ્યું છે. આ પ્રક્રિયામાં બે મુખ્ય શરતો છે, જેમાં પહેલી શરત છે કે, રોકાણકારનું આધાર કાર્ડ તેના મોબાઈલ સાથે લિંક હોવું જોઈએ અને બીજી શરત છે કે, આધાર નંબર તેના બેંક ખાતા સાથે લિંક કરેલો હોવો જોઈએ. ઑનલાઈન વેરિફિકેશન બાદ અરજદારના ખાતામાં 45 દિવસમાં પૈસા જમા થઈ જશે અને તેમને SMS અથવા પોર્ટલ દ્વારા તેની જાણ પણ કરવામાં આવશે.

### ચુકવણીની સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવામાં આવશે

ચુકવણીની સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ અને દેખરેખ સર્વોચ્ચ અદાલતના નિર્દેશ અનુસાર સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી કરી રહ્યા છે. સહારાની આ ચારેય સમિતિઓ સંબંધિત રિફંડની પ્રક્રિયામાં મદદ કરવા માટે ચાર વરિષ્ઠ અધિકારીઓને ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સમગ્ર પ્રક્રિયા ડિજિટલ અને પેપરલેસ કરવામાં આવી છે. દાવાઓ સબમિટ કરવા માટે તૈયાર કરવામાં આવેલું પોર્ટલ વપરાશકર્તાઓ માટે મૈત્રીપૂર્ણ છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યું હતું કે, આ નિર્ણયનું મહત્વ એ દૃષ્ટિકોણથી છે કે, સહારાની આ ચાર સહકારી મંડળીઓમાં જેમની મહેનતની કમાણી ફસાઈ ગઈ હતી, તેમના પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી, કારણ કે મોટાભાગે એજન્સી રોકાણકારો વિશે નથી વિચારતી. આ જ કારણ છે કે, લોકોમાં સહકારી મંડળીઓ પ્રત્યે ભારે અસુરક્ષા અને અવિશ્વાસની લાગણી જોવા મળતી હતી. તેમણે કહ્યું હતું કે, દેશના કરોડો લોકો પાસે મૂડી નથી પરંતુ તેઓ દેશના વિકાસમાં યોગદાન આપવા માંગે છે, તેમના માટે કોઓપરેટીવ આંદોલન સિવાય બીજો કોઈ રસ્તો નથી, તેથી પ્રધાનમંત્રી મોદીએ આ માટે એક અલગ સહકારિતા મંત્રાલયની રચના કરી છે. સહકારિતા એ એકમાત્ર એવું આંદોલન છે કે, જેના દ્વારા નાની મૂડી ભેગી કરીને અને મોટી મૂડી ઊભી કરીને મોટા પાયે કામ કરવામાં આવે છે.

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યું હતું કે, ઘણી વખત કૌભાંડના આક્ષેપો કરવામાં આવતા હોય છે અને જે લોકો તેમાં રોકાણ કરે છે તેમની મૂડી ફસાઈ જાય છે. સહારા સાથે પણ આવું જ થયું છે. ઘણા વર્ષો સુધી સર્વોચ્ચ અદાલતમાં કેસ ચાલ્યો, એજન્સીઓએ તેમની સંપત્તિ અને ખાતા સીલ કરી દીધા. જેના કારણે સહકારી મંડળીઓની વિશ્વસનીયતા ખતમ થઈ જાય છે. આ મામલે કેન્દ્ર સરકાર દ્વારા પહેલ કરવામાં આવી હતી અને તમામ હિતધારકો સાથે બેઠક યોજવામાં આવી. એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, એવી વ્યવસ્થા તૈયાર કરવામાં આવે જેમાં તમામ લોકો તેમના દાવાઓથી ઉપર ઊઠીને નાના રોકાણકારો વિશે વિચાર કરશે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં પ્રથમ વખત કૌભાંડમાં ફસાયેલા રોકાણકારોના નાણાં પારદર્શિતા સાથે પરત કરવાની કામગીરી શરૂ થઈ રહી છે.●




# 'અંત્યોદય'થી આધુનિકતા તરફ જતું
# ગ્રામીણ ભારત



ભારતનો આત્મા એટલે કે 83 કરોડથી વધુ વસ્તીને સમાવે છે, તે ગ્રામીણ ભારતને લગતી વિશેષ પહેલ અને યોજનાઓએ ગામડાઓને સશક્ત-સક્ષમ અને આત્મનિર્ભર બનાવ્યા છે, તેમજ એટલી જ ઝડપથી ગરીબીમાં પણ ઘટાડો કર્યો છે. કેન્દ્ર સરકારે ગ્રામીણ વિસ્તારોમાં સમાન અને સર્વસમાવેશી વિકાસ માટે ગ્રામીણ વિસ્તારોમાં ગુણવત્તાપૂર્ણ જીવનસ્તરમાં વધારો કરવા પર સતત ભાર મૂક્યો છે. તેનો ઉદ્દેશ્ય સામાજિક-આર્થિક સમાવેશીતા, એકીકરણ અને સશક્તિકરણ દ્વારા ગ્રામીણોના જીવન અને જીવન ધોરણમાં ગરિમાપૂર્ણ પરિવર્તન લાવવાનો છે. પં. દીનદયાળ ઉપાધ્યાયના 'અંત્યોદય'ના સપનાને સાકાર કરનારી વિચારધારાનું પરિણામ એ આવ્યું છે કે, છેલ્લાં કેટલાક વર્ષોમાં ગરીબીમાં જીવવા માટે મજબૂર લોકોની સંખ્યા 22 ટકાથી ઘટીને 10 ટકા થઈ છે. અત્યંત ગરીબી રેખાનો દર પણ એક ટકા કરતાં નીચેના સ્તરે પહોંચી ગયો છે...

**"હું આપને જણાવવા માંગું છું કે, જેઓ મને ઓળખે છે, તેઓ મને સમજે પણ છે. હું મારા પોતાના માટે નથી, કે મારા આપ્તજનો માટે પણ નથી. હું અહીં ગરીબો માટે આવ્યું છું. હું ગરીબીમાં જન્મ્યો છું અને ગરીબીમાં જીવ્યો પણ છું. હું ગરીબોની પીડાને સમજી શકું છું."**

"

ભારતનો વિકાસ ત્યારે જ શક્ય બની શકે છે, જ્યારે ભારતનાં ગામડાંઓનો વિકાસ થાય. ભારત પણ ત્યારે જ વિકસિત બની શકે છે, જ્યારે ભારતના ગામડાઓ વિકસિત થાય. તેથી જ આજે અમારી સરકાર ભારતના ગામડાઓમાં એવી દરેક સુવિધા પહોંચાડવાનું કામ કરી રહી છે, જે શહેરોમાં ઉપલબ્ધ હોય છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

અનેક અવસરો વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ અવતરણો છેલ્લાં 9 વર્ષમાં તેમની કાર્યશૈલીમાં પ્રતિબિંબિત થયા છે. શાસન અથવા રાજનીતિમાં કહેવા અને કરવા વચ્ચેની સમાનતાનું આનાથી વધુ સચોટ ઉદાહરણ બીજું કોઈ હોઈ શકે નહીં કે, છેલ્લાં કેટલાક વર્ષોમાં ભારતનો આત્મા એટલે કે ગ્રામીણ ભારત તેના વિકાસની ઝડપને કારણે વિકસિત ભારતના સંકલ્પનો આધાર બની ગયો છે.

20મી સદીની શરૂઆતમાં મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "ભારત તેનાં ગામડાંઓમાં વસે છે". તેમના આ શબ્દો આજે 21મી સદીમાં પણ એટલા જ મહત્વપૂર્ણ છે. જો કે, કમનસીબે ઘણા દાયકાઓ વીતી જવા છતાં પણ આપણાં ગામડાંઓમાં હજુ પણ પ્રાથમિક સુવિધાઓનો





"મને યાદ છે કે, જ્યારે જન ધન યોજના શરૂ કરવામાં આવી હતી ત્યારે જૂની વિચારધારા ધરાવનારા લોકો મને સવાલ કરતા હતા કે ગરીબ પાસે પૈસા નથી તો તેઓ બેંક ખાતું ખોલાવીને શું કરશે? બેંકોમાં ભારણ વધશે. બેંકના કર્મચારીઓ કેવી રીતે કામ કરશે. જુદી જુદી રીતે નિરાશા ફેલાયેલી હતી. પરંતુ બેંકોના મારા સાથીદારોએ ગરીબોના જન ધન ખાતા ખોલી શકાય તે માટે દિવસ-રાત એક કરી દીધા. આજે દેશમાં લગભગ 50 કરોડ જન ધન બેંક ખાતા ખોલવામાં આવ્યા છે, તેની પાછળ બેંકમાં કામ કરી રહેલા આપણા કર્મચારીઓનો પરિશ્રમ છે. તેમનો સેવા ભાવ છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

અભાવ હતો. આવી સ્થિતિમાં, કોઈપણ રાષ્ટ્ર અને તેના નેતૃત્વ માટે એ ખૂબ જ ચિંતાનો વિષય હતો કે, દાયકાઓ પછી પણ લાખો પરિવારોના ઘરમાં વીજળીનો એક બલ્બ સુદ્ધા નથી, તેમની પાસે બેંકમાં ખાતા નથી. વિકાસની પહોંચ સુનિશ્ચિત થઈ શકતી નહોતી. કેન્દ્રથી જતો 1 રૂપિયો ગામમાં પહોંચે ત્યાં સુધીમાં ઘટીને 15 પૈસા થઈ જતો હતો. પરંતુ 2014માં આવેલા પરિવર્તને દેશને એક મજબૂત અને સશક્ત નિર્ણય લેનારું નેતૃત્વ આપ્યું, જેણે ગામડાંઓ અને ગરીબીની સમસ્યાઓને માત્ર જોઈ જ ન હતી, પરંતુ તેને પોતાના જીવનમાં અનુભવી પણ હતી. તેથી, લાલ કિલ્લા પરથી દેશના બાકી રહી ગયેલા 18,500 ગામડાંઓમાં વીજળી પહોંચાડવાનું લક્ષ્ય પૂર્ણ કરવાનું હોય કે પછી દરેક ઘરના રસોડામાં LPG કનેક્શન પૂરું પાડવાનું હોય, બેંકિંગથી વંચિત 50 ટકાથી વધુ વસ્તીના ઘરઆંગણા સુધી બેંકિંગ વ્યવસ્થા પહોંચાડવાની હોય કે પછી સ્વાસ્થ્ય માટે રૂ. 5 લાખ સુધીનો મફત સ્વાસ્થ્ય વીમો પૂરો પાડવાનો હોય, આવી યોજનાઓની યાદી તો ઘણી લાંબી છે, જેણે ગામડાંઓ-ગરીબો અને વંચિતોને તેમની દાયકાઓની પીડામાંથી મુક્તિ અપાવી છે. 'અંત્યોદય', જેનો અર્થ થાય છે કે, સમાજના સૌથી નીચલા સ્તરનું ઉત્કર્ષ, તેનો સિદ્ધાંત સાકાર થયો છે.

### ગ્રામીણ ભારતઃ વિકસિત ભારતનો આધાર

કેન્દ્ર સરકારે ગ્રામીણ વિકાસને સતત પ્રાથમિકતા આપી છે. આ વર્ષની આર્થિક સમીક્ષા અનુસાર, દેશની કુલ 65 ટકા લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને કુલ 47 ટકા વસ્તી તેમની આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. કેન્દ્ર સરકાર ગ્રામીણ વિસ્તારોમાં વધુ સમાન અને સમાવેશી વિકાસ માટે ગ્રામીણ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત જીવનધોરણને પ્રોત્સાહન આપવા પર વિશેષ ભાર મૂકે છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ 2019-21ના ડેટા અનુસાર, 2015-16થી જીવનધોરણમાં સતત પરિવર્તન આવી રહ્યું છે. આ વર્ષના આર્થિક સર્વેક્ષણના

## જલ જીવન મિશનઃ મહિલાઓને અનોખી ભેટ મળી

ઝારખંડના રામગઢની રહેવાસી રૌનક જહાં જણાવે છે કે, "અમને ઘણા સમયથી પીવાના પાણીની સમસ્યા હતી. જ્યારથી નળ લગાવવામાં આવ્યા છે ત્યારથી જીવન સરળ બન્યું છે, અને સમયની પણ બચત થઈ રહી છે." ગોરખપુરની જાનકી દેવી કહે છે કે, "વરસાદમાં સમસ્યા વધી જતી હતી કારણ કે દૂરથી પાણી ભરીને લાવવામાં મુશ્કેલી પડતી હતી અને ઘણી વખત ઈજાઓ પણ થતી હતી."

**9.41** કરોડ કનેક્શન મિશન શરૂ થયાના 46 મહિનામાં આપવામાં આવ્યા છે.

- 2019માં લગભગ 3.24 કરોડ ઘરોમાં કનેક્શન હતા, 2023માં તે આંકડો વધીને 12.67 કરોડ પર પહોંચી ગયો, એટલે કે 100માંથી 65 ઘરોમાં નળનું પાણી મળવા લાગ્યું. વર્ષ 2024 સુધીમાં તમામ 19.46 કરોડ પરિવારોને નળનું પાણી પૂરું પાડવાનું લક્ષ્ય છે.
- જલ જીવન મિશન પાછળ કુલ 4 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. 2019માં બજેટમાં 5,500 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જે 2023માં 70,000 કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે.

## વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ

- સુરક્ષિત રીતે સંચાલિત પીવાના પાણીની જોગવાઈના કારણે, દેશભરમાં ઝાડા (અતિસાર)ના રોગોથી થતા લગભગ 4 લાખ મૃત્યુને ટાળી શકાશે.
- સુરક્ષિત રીતે સંચાલિત પીવાના પાણીના સાર્વત્રિક કવરેજથી લગભગ 1.4 કરોડને દિવ્યાંગતા સાથે જીવવાની સંભાવનાને ટાળી શકાશે તેવું અનુમાન છે, જેનાથી 8.5 લાખ કરોડ રૂપિયાની બચત થવાની સંભાવના છે.
- જો દરેક ઘરમાં નળ દ્વારા પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે તો રોજના 6.66 કરોડ કલાકનો સમય પાણી એકત્ર કરવામાં ખર્ચાય છે તેને બચાવી શકાશે.





આંકડાઓમાં એવા સૂચકાંકો આપવામાં આવ્યા છે જે ગ્રામીણ લોકોનાં જીવનધોરણમાં થયેલા સુધારાની માહિતી આપે છે. તેમાં લોકોની વીજળીની પહોંચ, પીવાના શુદ્ધ પાણી માટે વધુ સારા સ્રોતોની ઉપલબ્ધતા, સ્વાસ્થ્ય વીમા યોજનાઓના લાભો સહિત અન્ય મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે. મહિલા સશક્તિકરણને પણ ખૂબ જ વેગ મળ્યો છે. ઘરમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી સ્પષ્ટપણે જોવા દેખાવા લાગી છે. મહિલાઓના પોતાના બેંક ખાતા ધરાવે છે અને તેઓ તેમના મોબાઈલ ફોનનો ઉપયોગ પણ કરી રહી છે. ગ્રામીણ મહિલાઓના સ્વાસ્થ્ય અને બાળકો સંબંધિત મોટાભાગના સૂચકાંકો તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું હોવાનું સૂચવે છે. આ પરિણામલક્ષી આંકડાઓ ગ્રામીણ જીવનધોરણોમાં નક્કર

"

અમારી સરકારે ગામડાઓના વિકાસ માટે પણ તિજોરીઓ ખોલી દીધી છે. ગામડામાં રહેતા લોકો મારા ભાઈ-બહેન છે. અમારી સરકારે ગામડાના લોકો માટે હર ઘર જલ યોજના પણ શરૂ કરી. આ યોજનાને કારણે માત્ર 3-4 વર્ષમાં દેશના 9 કરોડથી વધુ ગ્રામીણ પરિવારોને ઘરે ઘરે નળ દ્વારા પાણી મળવા લાગ્યું છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**


## પીએમ સ્વનિધિ યોજના
### રેકડી - પાથરણાવાળાઓનું આત્મસન્માન

**38.53** લાખ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ હેઠળ 20 જુલાઈ, 2023 સુધીમાં 50.63 લાખ લોન આપવામાં આવી છે, જેની રકમ 6492 કરોડ રૂપિયા છે.

શિવ કુમાર કહે છે કે, મને પીએમ સ્વનિધિ દ્વારા બીજી વખત 20 હજાર રૂપિયાની લોન મળી છે. આનાથી હું મારું કામ વધારી શક્યો છું. ડિજિટલ પેમેન્ટ કરાવવાથી અમારું કામ વધી ગયું છે. હવે એવું લાગે છે કે, ઑનલાઈન પૈસા લેવાનું બંધ કરી દઈશું તો કામ અડધું થઈ જશે.

- પીએમ સ્વનિધિ યોજનામાં, રસ્તા પરના વિક્રેતાને ગેરંટી મુક્ત પહેલી લોન 10,000 રૂપિયા, બીજી લોન 20,000 રૂપિયા અને ત્રીજી લોન 50,000 રૂપિયાની આપવામાં આવે છે.
- રસ્તા પરના વિક્રેતાઓ માટે મોબાઈલ એપ પણ શરૂ કરવામાં આવી છે જેમાં અરજી કરવાની, અરજીની સ્થિતિ જોવાની, કૅશબેકની વિગતો જોવાની સુવિધા છે.
- ડિસેમ્બર 2024 સુધીમાં, પ્રથમ લોન 42 લાખ, બીજી લોન 12 લાખ અને ત્રીજી લોન 3 લાખ રસ્તા પરના વિક્રેતાઓને આપવાનું લક્ષ્ય નક્કી કરાયું છે.
- ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન મળવાના કારણે, તેમણે લગભગ 38 કરોડ ડિજિટલ વ્યવહારો કર્યા છે.
- પીએમ સ્વનિધિના લોન લાભાર્થીઓમાં 15.79 લાખ મહિલાઓ અને 230 ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે.
- સ્વનિધિથી તેમાં સમૃદ્ધિને જોડવામાં આવી છે, જેમાં 8 કલ્યાણકારી યોજનાઓ ઉમેરીને તેમનું જીવન સરળ કરવામાં આવી રહ્યું છે.



### જીવનની ત્રિ-સ્તરીય સુરક્ષાઃ 55 કરોડ લોકોને સુરક્ષા કવચ મળ્યું

- 34.18 કરોડ લોકોએ પીએમ સુરક્ષા વીમા યોજનામાં વીમો લીધો, જેમાં 49% મહિલાઓ છે.
- 16.19 કરોડ લોકોએ પીએમ જીવન જ્યોતિ વીમા યોજનામાં વીમો લીધો, જેમાં 52% મહિલાઓ છે.
- અટલ પેન્શન યોજનામાં 5.13 કરોડ લોકો સામેલ થયા.

### રાષ્ટ્રીય પછાતવર્ગ પંચને બંધારણીય દરજ્જોઃ હવે ફરિયાદ નિવારણ પણ થશે


14 ઓગસ્ટ, 2018ના રોજ વર્તમાન રાષ્ટ્રીય પછાતવર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે, જેની રચના 11 ઓગસ્ટ, 2018ના રોજ બંધારણ (102મો સુધારો) અધિનિયમ 2018 હેઠળ કરવામાં આવી છે.

- નવા કાયદામાં સ્વીકારવામાં આવ્યું છે કે, પછાત વર્ગોને અનામત આપવા ઉપરાંત વિકાસની પણ જરૂર છે.
- વર્તમાન પંચને પછાત વર્ગોની ફરિયાદોના નિવારણનું વધારાનું કામ સોંપવામાં આવ્યું છે.

## પીએમ મુદ્રા યોજના: નાના ખેડૂતો અને વેપારીઓને મોટી મદદ

લેહ-લદ્દાખની ત્સેવાંગ ડોલમા કપડાની દુકાન ચલાવે છે. તે કહે છે કે, પહેલાં મારી દુકાન ઘણી નાની હતી, પછી મેં પ્રધાનમંત્રી મુદ્રા લોન લઈને મારો વ્યવસાય વધાર્યો. હવે દુકાન સારી રીતે ચાલી રહી છે. અન્ય દુકાનદારો પણ આ યોજનાનો લાભ લઈ શકે છે.

- કોઈપણ બેંક ગેરંટી વગર મળતી મુદ્રા યોજનાથી કરોડો યુવાનોને મદદ મળી છે, જેની શરૂઆત 8 એપ્રિલ, 2015ના રોજ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ શિશુ, કિશોર અને તરુણ અંતર્ગત અનુક્રમે 50 હજાર, 50 હજારથી 5 લાખ અને 5 લાખથી 10 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે.
- વર્ષ 2016-17માં, કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓ અને આવકના સર્જનના સાધનો માટેની લોનને આ યોજનાના કાર્યક્ષેત્રમાં સમાવી લેવામાં આવી હતી.
- વર્ષ 2017-18માં ટ્રેક્ટર અને પાવર ટીલરની ખરીદી માટે રૂ. 10 લાખ સુધીની લોનનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.




## સ્ટેન્ડ-અપ ઈન્ડિયા: ઉદ્યોગસાહસિકતાની ઊર્જાથી પરિપૂર્ણ

સ્ટેન્ડ-અપ ઈન્ડિયાનિ વિભાવનાને સાકાર કરવાનું દૃષ્ટાંત નોઈડાના અંકિત છે, જેઓ હંમેશા કંઈક મોટું કરવાનું સપનું જોતા હતા. અંકિતે આ યોજના હેઠળ 70 લાખ રૂપિયાની લોન લઈને પ્રિન્ટરની કાર્ટ્રિજ રિસાયક્લિંગનું કામ શરૂ કર્યું. અંકિત કહે છે કે, જે કામ અમે ભંડોળના અભાવે કરી શક્યા નહોતા, તે સમસ્યા હવે દૂર થઈ ગઈ છે.

- SC, ST અને મહિલા ઉદ્યોગસાહસિકોનું સશક્તિકરણ કરી રહેલી સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજના 5 એપ્રિલ 2016ના રોજ શરૂ થઈ.
- આ યોજના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાની દિશામાં નોંધપાત્ર સિદ્ધિ છે. આમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.
- આ યોજનામાં 30 માર્ચ, 2023 સુધીમાં 1.90 લાખ ઉદ્યમો સ્થાપવા માટે 43 હજાર કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે.
- યોજના હેઠળ 80 ટકાથી વધુ ધીરાણ એટલે કે 34,751 કરોડ રૂપિયાની લોન મહિલાઓને આપવામાં આવી છે.

## પ્રધાનમંત્રી જન ધન ખાતા: વંચિતોને આર્થિક સશક્તિકરણ મળ્યું

કઠગેરે ગામના રહેવાસી ગિરેવ્વા હિરગેરે પાટીલ દિવ્યાંગ છે. તેમને અથવા પરિવારના કોઈપણ સભ્યને પેન્શન લેવા માટે ગામથી 30 કિમી દૂર જવું પડતું હતું. તેમાં આખો દિવસ વેડફાઈ જતો હતો. પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ બેંક મિત્રની નિમણૂક બાદ હવે તેમને ગામમાં જ પૈસા મળી શકે છે.

**56%**

જનધન ખાતાધારકો મહિલાઓ છે



લોક-કેન્દ્રિત પહેલની આધારશિલા બનેલી પ્રધાનમંત્રી જન ધન યોજનાની શરૂઆત 28 ઓગસ્ટ, 2014ના રોજ કરવામાં આવી હતી. હાલમાં જન ધન ખાતામાં 2,00,590 કરોડ રૂપિયા જમા છે. બેંકિંગ ક્ષેત્રમાં બે વર્ષ પહેલાં કરવામાં આવેલા એક રિસર્ચમાં એ વાત સામે આવી છે કે, જે રાજ્યોમાં વધુ જનધન ખાતા ખોલવામાં આવ્યા છે ત્યાં ગુનાખોરીનો દર એટલો જ ઓછો થયો છે.

- 10,000 રૂપિયાનો ઓવરડ્રાફ્ટ અને રૂપે કાર્ડ પર રૂ. 2 લાખના અકસ્માત વીમાનું કવચ આપવામાં આવે છે.
- 'દરેક ઘર'થી આગળ વધીને હવે 'દરેક વયસ્ક'ના ખાતા ખોલવા પર ધ્યાન.
- માર્ચ 2015માં 14.72 કરોડ ખાતા હતા, જે જુલાઈ 2023માં સાડા ત્રણ ગણા વધીને 50 કરોડ ખાતા થઈ ગયા.

## સ્વચ્છ ભારત મિશન: સ્વચ્છતાથી બીમારી ભાગી, ગરિમા મળી

ઝારખંડના રાંચી નજીક આવેલા એક ગામ સપારો નયા સરાઈમાં એક ગંદુ તળાવ હતું જેનો ઉપયોગ સ્થાનિક લોકો દ્વારા ખુલ્લામાં શૌચ માટે કરવામાં આવતો હતો. પરંતુ જ્યારે સ્વચ્છ ભારત મિશન દ્વારા આ ગામના તમામ ઘરોમાં શૌચાલય બનાવવામાં આવ્યા ત્યારે લોકોએ વિચાર્યું કે, તળાવને પણ સ્વચ્છ કરવું જોઈએ. ત્યારબાદ લોકોએ મળીને તેના કિનારે એક પાર્ક બનાવ્યો અને લોકો ત્યાં રમવા તેમજ યોગ કરવા માટે આવવા લાગ્યા.

ગ્રામીણ પરિવારો માટે સ્વચ્છતા કવરેજ 2014 માં 43.8% હતું, જે 2023માં વધીને 100% થયું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, સ્વચ્છ ભારત મિશન દર વર્ષે 3 લાખ લોકોના જીવનને ઝાડા (અતિસાર) અને પ્રોટીનના કુપોષણથી બચાવવામાં સક્ષમ છે. યુનિસેફના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ખુલ્લામાં શૌચથી મુક્ત એક પરિવાર તબીબી સારવાર પર થતા ખર્ચમાં ઘટાડો કરીને દર વર્ષે 50,000 રૂપિયા બચાવી શકે છે.

**11.5** કરોડ શૌચાલયનું નિર્માણ 9 વર્ષમાં કરવામાં આવ્યું છે.

**727** ડૉલરના વાર્ષિક સામાજિક-આર્થિક લાભો સ્વચ્છતાથી દરેક પરિવારને મળ્યા છે.

**2.16** ગણો ઘટાડો ખાદ્ય પ્રદૂષણમાં થયો અને 12.7 ગણો ઘટાડો ભૂગર્ભ જળ પ્રદૂષણમાં થયો છે.

**3.31** લાખ ગામડાઓ ODF પ્લસ બન્યા. 1.19 લાખ ગામોમાં ઘન કચરાના અને 2.68 લાખ ગામોમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન સુવિધાઓ ઉભી કરવામાં આવી.






અને મધ્યમ ગતિથી સંચાલિત પ્રગતિ દર્શાવે છે. વિકાસની યાત્રામાં ગામડાઓ પણ ઝડપી ગતિએ દોડે, તે માટે ગામડાઓમાં આધુનિક માળખાકીય સુવિધાઓ પણ વિકાસ કરવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની મદદથી દરેક પ્રકારના હવામાન માટે અનુકૂળ રસ્તાઓ આજે વિકાસના સાક્ષી બન્યા છે. છેલ્લાં નવ વર્ષોમાં, ટેક્નોલોજીએ ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં મદદ કરી છે અને સાથે સાથે, શહેરોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટનો વપરાશ પણ વધ્યો છે. 2015 અને 2021ની વચ્ચેના સમયગાળામાં, ઈન્ટરનેટના ગ્રાહકોની સંખ્યામાં શહેરી વિસ્તારોમાં 158 ટકા જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં 200 ટકાનો વધારો જોવા મળ્યો છે.

વિવિધ યોજનાઓ દ્વારા ગ્રામીણ લોકોનું જીવનધોરણ સુધારવા માટે અને ગ્રામજનોની આવકમાં વધારો કરવા માટે બહુપરિમાણીય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા યોજના (DAY-

## પીએમ આવાસ યોજનાઃ સૌના માટે આવાસનો માર્ગ

'સૌ માટે આવાસ' પીએમ આવાસનું લક્ષ્ય 31 માર્ચ, 2024 સુધીમાં હાંસલ કરવા માટે અને 2.95 કરોડ ઘરોનું નિર્માણ કરવામાં મદદ કરવા માટે 1 એપ્રિલ 2016 ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણની શરૂઆત કરવામાં આવી હતી. 20 જુલાઈ, 2023 સુધીમાં 2.92 કરોડ મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી 2.41 કરોડ મકાનોનું બાંધકામ પૂરું થઈ ગયું છે. તેવી જ રીતે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીમાં, ક્રેડિટ લિંક સબસિડી સ્કીમના ઘટકને સાંકળીને સમગ્ર યોજનાને ડિસેમ્બર 2024 સુધી લંબાવવામાં આવી છે. તેમાં 10 જુલાઈ સુધીમાં 1.19 કરોડ મકાનોને મંજૂરી આપવામાં આવી છે.

**4** કરોડ મકાનો ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પાત્રતા ધરાવતા જરૂરિયાતમંદ લોકોને આપ્યા છે.

**26** લાખ કરોડ રૂપિયાથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**4.2** કરોડ પાકાં મકાનો મૂળભૂત સુવિધાઓ સાથે બનાવવાનું લક્ષ્ય છે.




## પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાઃ વંચિતો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી

નિર્ધન લાભાર્થીઓના આર્થિક બોજને દૂર કરવા અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદાના રાષ્ટ્રવ્યાપી એકરૂપતા અને અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્ર સરકાર દ્વારા 1 જાન્યુઆરી, 2023થી એક વર્ષની મુદત માટે અંત્યોદય અન્ન યોજનાના અને અગ્રતા ધરાવતા પરિવારોના લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં સામેલ કરીને મફત ખાદ્યાન્ન આપવાની શરૂઆત કરવામાં આવી છે. કોવિડ -19 સમયગાળા દરમિયાન આ યોજનામાં, 80 કરોડ લોકોને વધારાનું મફત અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**80** કરોડ લાભાર્થીઓને મફત અનાજનું વિતરણ

**1121** મિલિયન મેટ્રિક ટન અનાજનું વિતરણ સાત તબક્કામાં કરવામાં આવ્યું.

**3.91** લાખ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કેન્દ્ર સરકારે આ મફત અન્ન વિતરણમાં કર્યો છે.

NRLM) દ્વારા આજીવિકાના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત, સ્વ-સહાય જૂથો દ્વારા 9 કરોડથી વધુ મહિલા શક્તિને જોડવામાં આવી છે. કોવિડ દરમિયાન, સ્વ-સહાય જૂથો દ્વારા માસ્ક બનાવવાનું કાર્ય નોંધપાત્ર રહ્યું છે. ગ્રામીણ મહિલાઓ આર્થિક પ્રવૃત્તિઓમાં સર્વગ્રાહી રીતે ભાગ લઈ રહી છે. આ નાણાકીય વર્ષની આર્થિક સમીક્ષા અનુસાર, ગ્રામીણ મહિલા શ્રમ દળની ભાગીદારી (FLFPR) 2018-19માં 19.7 ટકા હતી ત્યાંથી વધીને 2020-21માં 27.7 ટકા થઈ ગઈ છે.

સૌના માટે આવાસના સન્માન સાથે પોતાની માલિકીના ઘરનું સપનું સાકાર થયું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 4 કરોડથી વધુ લોકોને પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જલ જીવન મિશન હેઠળ, 19 કરોડ ગ્રામીણ પરિવારોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાનું ભગીરથી અભિયાન ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત સરોવરના નિર્માણની યોજનાએ ગામડાઓમાં પાણીની ઉપલબ્ધતાને નવજીવન આપ્યું છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયનું



પીએમ સ્વામીત્વ યોજના હેઠળ સંપત્તિ કાર્ડ મેળવવાથી પારસ્પરિક વિવાદની શક્યતા ઓછી થઈ ગઈ છે. આનાથી આપણી પોલીસ અને ન્યાયિક વ્યવસ્થા પર સતત વધી રહેલું દબાણ ઓછું થશે. આ સાથે જ, ગામડાંમાં જેમની મિલકતના કાગળો મળી ગયા છે તેમને બેંકોમાંથી મદદ લેવાનું સરળ થઈ ગયું છે. ગામડાંમાં આ મિલકતોની કિંમતમાં પણ વધારો થયો છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## ખાદી અને ગ્રામોદ્યોગનું ઉત્પાદનઃ ગ્રામોદયને મજબૂતી મળી


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાદીને પ્રોત્સાહન આપવા માટે 'મન કી બાત' સહિત અનેક પ્લેટફોર્મ પર લોકોને સ્વદેશી અને ખાદી અપનાવવા માટે અપીલ કરી છે, જેની અસર પણ જોવા મળી છે. ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનોની માંગમાં વધારો થયો, જેના કારણે ગામડાઓના વિકાસને મજબૂતી મળી છે.

- વર્ષ 2014-15માં રૂ. 33,136 કરોડનું વેચાણ થયું.
- વર્ષ 2021-22માં રૂ. 1,15,415 કરોડનું વેચાણ થયું.
- 23 દેશોમાં નિકાસ સરળ બની, ખાદી ટ્રેડમાર્કની નોંધણી કરાવવામાં આવી.
- 2014 અને 2022 સુધીના સમયમાં 2 કરોડ નવી નોકરીઓનું સર્જન થયું.
- નવી દિલ્હીના કનોટ પ્લેસ આઉટલેટ પર વર્ષ 2022માં એક દિવસમાં રૂ. 1.34 કરોડનું વિક્રમી વેચાણ થયું.

## કોમન સર્વિસ સેન્ટરઃ ગ્રામીણ વિસ્તારોમાં સેવાનું વન-સ્ટોપ સેન્ટર



ઓગસ્ટ 2015માં શરૂ કરવામાં આવેલા કોમન સર્વિસ સેન્ટર 400થી વધુ ડિજિટલ સેવાઓ પૂરી પાડે છે. મે 2023 સુધી, 5.21 લાખ CSC શરૂ કરવામાં આવ્યા છે, જેમાંથી 4.14 લાખ ગ્રામીણ વિસ્તારોમાં છે.




નિર્માણ કરવાનું હોય કે પછી તેનાથી પણ આગળ વધીને સ્વચ્છતા વ્યવસ્થાપનમાં સ્ટાર્ટ-અપની શરૂઆત કરવાની હોય, વેસ્ટમાંથી વેલ્થ બનાવવાની પહેલે ગામડાઓનો ચહેરો બદલી નાખ્યો છે. સૌભાગ્ય યોજના અને પ્રધાનમંત્રી સહજ બિજળી ઘર યોજનાએ દેશના ગ્રામીણ વિસ્તારોમાં વીજળીથી વંચિત ઘરોના વિદ્યુતીકરણની દિશામાં અને શહેરોમાં ગરીબ પરિવારોને વીજ પુરવઠો પૂરો પાડવાની દિશામાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. વિતેલાં વર્ષોમાં લગભગ 40 કરોડ સસ્તા LED બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે, જેના કારણે દર વર્ષે ગરીબ અને મધ્યમ વર્ગના ખિસ્સા પર પડતા વીજળી બિલના લગભગ 20 હજાર કરોડ રૂપિયાનો બોજો ઓછો થયો છે.

### વંચિતોની સેવા સર્વોપરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં સત્તાનું સુકાન સંભાળતાની સાથે જ સ્પષ્ટતા કરી દીધી હતી કે, તેમની સરકાર ગરીબોની, ગરીબો થકી અને ગરીબો માટે હશે. ટૂંકમાં કહીએ તો, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર ગરીબોને

## મહત્વાકાંક્ષી જિલ્લા - મહત્વાકાંક્ષી તાલુકાઃ વિકાસયાત્રાના ભાગીદાર

મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમની શરૂઆત 5 જાન્યુઆરી, 2018ના રોજ કરવામાં આવી હતી, જેમાં 117 જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા હતા. મહત્વાકાંક્ષી જિલ્લામાં વિકાસની ગતિને ઝડપી બનાવવા માટે આશાસ્પદ અને તેજસ્વી યુવા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી, જેના કારણે મહત્વાકાંક્ષી જિલ્લાઓ સરેરાશ કરતાં વધુ સારી સ્થિતિમાં પહોંચી રહ્યા છે.



- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમના અહેવાલમાં સ્થાનિક વિસ્તારના વિકાસના અત્યંત સફળ મોડલ તરીકે ભારતના મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમની પ્રશંસા કરવામાં આવી છે.
- વિશ્વના અન્ય દેશોમાં પણ તેને શ્રેષ્ઠ પ્રથા તરીકે અપનાવવી જોઈએ તેવું કહેવામાં આવ્યું છે.
- મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમને મળેલી સફળતાના આધારે, 500 અલ્પ વિકસિત તાલુકાના સામાજિક વિકાસને વેગ આપવા માટે મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.




## વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામઃ સરહદી ગામો ભારતના પ્રથમ ગામો બની રહ્યાં છે

હવે સરહદી વિસ્તારની મુલાકાત લેતા લોકો તેને દેશના છેલ્લા ગામ તરીકે નહીં પરંતુ ભારતના પ્રથમ ગામ તરીકે ઓળખી રહ્યા છે. સરકારે નાણાકીય વર્ષ 2022-23 થી 2025-26 સુધીમાં રોડ કનેક્ટિવિટી માટે રૂ. 2500 કરોડ સહિત રૂ. 4800 કરોડના કેન્દ્રીય યોગદાન સાથે 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ'ને મંજૂરી આપી છે.

- વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની શરૂઆત 10 એપ્રિલ, 2023ના રોજ અરુણાચલ પ્રદેશના સરહદી ગામ કિબિતુમાં કરવામાં આવી હતી, જેનું કામ ત્રણ તબક્કામાં પૂરું કરવામાં આવશે.
- અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ તેમજ ઉત્તર સરહદે આવેલા 2,967 ગામોની ઓળખ કરીને તેમની સુરક્ષા પણ મજબૂત કરવામાં આવશે.
- આ કાર્યક્રમની મદદથી સરહદી ગ્રામજનોના જીવનધોરણમાં સુધારો આવશે, લોકોને ગામમાં રહેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, જેનાથી સ્થળાંતરણ અટકશે અને સરહદની સુરક્ષા મજબૂત થશે.

## અમૃત સરોવરઃ પાણીની સાથે-સાથે આવકનું પણ સર્જન

અમૃત મહોત્સવમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ભાવિ પેઢીને કંઈક આપવા માટે લેવામાં આવેલા સંકલ્પ અંતર્ગત દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવામાં આવી રહ્યા છે. અમૃત સરોવર જમીનની પાણીની જરૂરિયાત તો પૂરી કરશે જ, પરંતુ આ પ્રયાસથી પીવાના પાણી, ખેતી, મત્સ્યોદ્યોગ, બાગાયત, વનીકરણ જેવા કાયાકલ્પ અને પાણીની ઉપલબ્ધતાથી લોકોની આવકના સર્જનમાં પણ વૃદ્ધિ થઈ રહી છે.



- 15 ઓગસ્ટ, 2023 સુધીમાં, 50 હજાર અમૃત સરોવર બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું, જ્યારે 27 જુલાઈ, 2023 સુધીમાં 63,466 અમૃત સરોવરનું કામ પૂરું થઈ ગયું છે.
- અમૃત સરોવર ઓછામાં ઓછી એક એકર જમીનમાં બાંધવામાં આવી રહ્યાં છે, જેની જળ સંગ્રહ કરવાની ક્ષમતા ઓછામાં ઓછી 10 હજાર ક્યુબિક મીટર હશે.

સમર્પિત રહેશે. ગરીબીને ધરમૂળમાંથી નાબૂદ કરવાનો અને દેશનાં ગામડાંઓ તેમજ ગરીબોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો આ જ મક્કમ સંકલ્પ આર્થિક સુધારાનો સૂચક છે. દેશની ગરીબી દૂર કરવા માટે ઘણા દષ્ટિકોણ છે. પ્રધાનમંત્રી મોદી દેશને આનુવંશિક રૂપમાંથી બદલવા માંગે છે અને સુધારાનું માળખું આ વિવિધ દષ્ટિકોણ પર જ આધારિત છે. સૌથી પહેલા, સરકાર દેશને આર્થિક વિકાસના માર્ગ પર લઈ જવા માંગે છે જેથી કરીને આગામી દાયકા સુધીમાં મજબૂત વિકાસ દર પ્રાપ્ત થઈ શકે.

ગરીબી દૂર કરવાનો બીજો પરિપ્રેક્ષ્ય એ છે કે, કેન્દ્રમાં આરૂઢ વર્તમાન સરકાર ગરીબોને કેવી રીતે મદદ કરી રહી છે. સરકાર ગરીબોને આત્મનિર્ભર, સ્વાવલંબી બનવવાની સાથે સાથે તેમની પોતાની અને તેમના પરિવારની સંભાળ રાખવામાં સમર્થ બનવા માટે તેમને પ્રોત્સાહિત કરી રહી છે. આજે દરેક ગરીબ પરિવાર પાસે બેંક ખાતુ છે, લોન અને વીમા માટે અનેક નાણાકીય માધ્યમો ઉપલબ્ધ છે, તેમની પાસે ઉચ્ચ શિક્ષણ મેળવવા અને

"

**આપણાં ગામડાંઓ સૌથી વધારે સામર્થ્યવાન, શ્રમ શક્તિ અને સમર્પણ ધરાવે છે. ગામડાંઓનું સશક્તિકરણ એ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંની એક છે. જન ધન યોજના હોય, આવાસ યોજના હોય, ઉજ્જવલા હેઠળ ગેસ કનેક્શન હોય, હર ઘર જલ અભિયાન હોય, આયુષ્માન ભારત યોજના હોય, આ બધી યોજનાઓનો લાભ કરોડો ગ્રામીણ લોકોને મળ્યો છે. ગરીબોના કલ્યાણ માટે દેશમાં જે ઝડપથી કામ કરવામાં આવ્યું છે તે અભૂતપૂર્વ છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કૌશલ્યવાન બનવાની તકો છે, સ્વાસ્થ્ય વીમો, વીજળી, રસ્તાઓ અને અન્ય આવશ્યક માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

એક તરફ ગરીબોને અધિકાર સંપન્ન બનાવવામાં આવી રહ્યા છે તો બીજી તરફ તેમની સામાજિક સુરક્ષા પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. ગરીબી નાબૂદીની દિશામાં આ ત્રીજું સૌથી મોટું પરિમાણ છે. સરકારના સામાજિક સુરક્ષા તાણા-વાણા ગરીબોને તેમની મૂળભૂત જરૂરિયાતો જેમ કે અન્ન (ખાદ્ય સુરક્ષા કાયદાનો અસરકારક અમલ), આવાસ (પ્રધાનમંત્રી આવાસ યોજના), શિક્ષણ (સર્વ શિક્ષા અભિયાન), સ્વાસ્થ્ય સેવા, વીમો (પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના) અને આવકમાં સહયોગ (મનરેગા) પૂરી કરવામાં આવી રહી છે. કોઈપણ ભારતીયે ભૂખ્યા સૂવું ન પડે અને આવતીકાલે શું થશે તેની ચિંતા ન કરવી પડે તેના પર ધ્યાન આપવામાં આવે છે. આના માટે 80 કરોડ લોકોને મફતમાં અનાજ આપવામાં આવી રહ્યું છે, તેમજ આ સૂત્ર વાક્યને ચરિતાર્થ કરવા માટે, મોદી સરકારે JAM (જન ધન, આધાર અને મોબાઈલ)ના શક્તિશાળી સામાજિક સુરક્ષા મંચનો ઉપયોગ કર્યો છે, જેથી દરેક વ્યક્તિની પોતાની અલગ ઓળખ હોય, તેની પાસે બેંકમાં ખાતું હોય અને તેઓ પોતાના મોબાઈલ ફોન પર સરકારી યોજનાઓનો લાભ મેળવી શકે. સામાજિક સુરક્ષાનું આ પ્લેટફોર્મ આજે દેશવાસીઓને સરકારની કલ્યાણકારી સેવાઓ પૂરી પાડે છે. જેની વ્યાપક અસર જોવા મળી રહી છે. દેશમાં ગરીબોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવી રહ્યું છે. આજે દરેક ગામડાંઓ અને ગરીબોને વિશ્વાસ અને

## મહિલા સશક્તિકરણ
## કોવિડ સમયગાળામાં ભૂમિકા નિભાવી



ભારત સરકારે મહિલાઓ અને છોકરીઓના સશક્તિકરણ માટે અનેક પગલાં લીધાં છે. હાલની કેન્દ્ર સરકારે અગાઉની ચાલી રહેલી યોજનાઓમાં યોગ્ય ફેરફારો કરવાન સાથે જ, મિશન શક્તિ, મિશન સક્ષમ આંગણવાડી, પોષણ 2.0 અને મિશન વાત્સલ્યનો સમાવેશ કર્યો છે.

- ભારતમાં લગભગ 1.2 કરોડ સ્વ-સહાય જૂથો છે જેમાંથી 88 ટકા સંપૂર્ણપણે મહિલા સ્વ-સહાય જૂથો છે.
- સ્વ-સહાય જૂથોએ કોવિડ-19માં પાયાના સ્તરે ભૂમિકા નિભાવવાની સાથે જ મહિલા સશક્તિકરણનું કામ પણ કર્યું છે.
- મહિલાઓના આર્થિક સશક્તિકરણના કારણે સામાજિક અને રાજકીય સશક્તિકરણ પર પણ અસર પડી છે. પારિવારિક નિર્ણયોમાં મહિલાઓની ભાગીદારી વધી છે, મહિલાઓ પોતાના બેંક ખાતા ધરાવે છે અને મોબાઈલ ફોનનો ઉપયોગ પણ કરી રહી છે.
- કોવિડ સમયગાળામાં, મહિલા સ્વ-સહાય જૂથોએ માસ્ક, સેનિટાઈઝર બનાવવા, સુરક્ષા ઘેરા તૈયાર કરવા, આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા, સામુદાયિક રસોડા ચલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.
- માસ્કના ઉત્પાદનમાં સ્વ-સહાય જૂથોનું ઘણું મહત્વનું યોગદાન રહ્યું હતું. તેમણે જાન્યુઆરી 2023 સુધીમાં લગભગ 17 કરોડ માસ્કનું ઉત્પાદન કર્યું હતું.

## આદિવાસી વિસ્તારોનો વિકાસ
## ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને શાળાઓ સુધી

- છેલ્લાં 9 વર્ષોમાં, આદિવાસી સમાજના આર્થિક ઉત્કર્ષ, શિક્ષણ અને સન્માન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષમાં અનુસૂચિત જનજાતિના બજેટમાં 2014ની સરખામણીમાં 5 ગણો વધારો કરવામાં આવ્યો છે.
- આદિવાસી વિસ્તારોમાં બહેતર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધતી જતી કનેક્ટિવિટીને કારણે પ્રવાસન અને આવકની તકો પણ વધી રહી છે.
- એક સમયે આતંકવાદથી અસરગ્રસ્ત હજારો ગામો હવે 4G કનેક્ટિવિટીથી જોડાયેલા છે.
- 3 હજારથી વધુ વન ધન વિકાસ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. 50 હજારથી વધુ વન ધન સ્વ-સહાય જૂથો દ્વારા લાખો આદિવાસી લોકોને તેનો લાભ મળી રહ્યો છે.
- 2004 અને 2014 વચ્ચેના 10 વર્ષમાં માત્ર 90 એકલવ્ય નિવાસી શાળાઓ ખોલવામાં આવી હતી. 2014 થી માર્ચ 2023 સુધીમાં, આદિવાસી વિસ્તારોમાં 690 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓને મંજૂરી આપવામાં આવી હતી, જેમાંથી 401 શરૂ થઈ ગઈ છે.
- દેશભરમાં 740 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ શરૂ કરવાનું લક્ષ્ય છે, જેના માટે શિક્ષકોની ભરતી શરૂ કરી દેવામાં આવી છે.

## શ્રમિકોનું સશક્તિકરણ
## સામાજિક અને આર્થિક સુરક્ષા મળી

છેલ્લાં 9 વર્ષોમાં શ્રમ નીતિઓમાં કરવામાં આવેલા સુધારાઓના કારણે લઘુતમ વેતન, નોકરીની સુરક્ષા, સામાજિક સુરક્ષા અને સ્વાસ્થ્ય સુરક્ષા દ્વારા શ્રમિકોના સશક્તિકરણને સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

- 29 શ્રમ કાયદાઓને 4 સરળ શ્રમ સંહિતામાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે.
- અસંગઠિત શ્રમિકોનો રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવા માટે ઈ-શ્રમ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું, 28.93 કરોડ શ્રમિકોએ 400 થી વધુ વ્યવસાયોમાં નોંધણી કરાવી છે.
- 31 મે 2023 સુધીમાં, રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ (NCS) પ્લેટફોર્મ પર નોકરી શોધી રહેલા 3.20 કરોડ ઉમેદવારોએ નોંધાણી કરાવી છે, 11.25 લાખ સક્રિય નોકરીદાતાઓ અને 6.42 લાખ સક્રિય ખાલી જગ્યાઓ છે.
- NCS પર 1.39 કરોડથી વધુ ખાલી જગ્યાઓ એકત્રિત કરવામાં આવી છે. તે ઈ-શ્રમ, ઉદ્યમ અને સ્કિલ ઈન્ડિયા પોર્ટલ સાથે સંકલિત છે.
- પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના હેઠળ 31 મે, 2023 સુધીમાં 44.33 લાખ લાભાર્થીઓની નોંધણી થઈ છે.
- શ્રમ અને રોજગાર સંબંધિત સંકલિત શ્રમ સુવિધા પોર્ટલ (SSP)ની શરૂઆત 16 ઓક્ટોબર, 2014ના રોજ કરવામાં આવી છે.

ભરોસો બેસી ગયા છે કે, તેમને ખોરાક અને આવાસ મળશે, બાળકો માટે શિક્ષણ અને પોષણ મળશે તેમજ યુવાનો માટે જરૂરી તાલીમ મળશે. આજે લગભગ દરેક ગામનું વિદ્યુતીકરણ થઈ ગયું છે. ગામડાંઓને પાકાં અને કોઈપણ પ્રકારના હવામાનમાં ખરાબ ન થાય તેવા માર્ગો દ્વારા જોડવામાં આવ્યા છે, જેથી તેમનું અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે.

કેન્દ્ર સરકારે ગરીબ કલ્યાણને પોતાનું માધ્યમ બનાવ્યું છે, જ્યાં તેણે તુષ્ટિકરણ નહીં પરંતુ સંતુષ્ટિકરણને પોતાનો આધાર બનાવ્યો છે. આ દષ્ટિકોણ સાથે દેશના ગામડાં-ગરીબ અને મધ્યમ વર્ગ માટે એક રક્ષણાત્મક કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)ની મદદથી દેશના ગરીબોના 80 હજાર કરોડ રૂપિયા ખર્ચ થવાથી બચાવી શકાયા છે. જો આ યોજના ન હોત તો ગરીબોએ પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરવો પડ્યો હોત. પીએમ જન ઔષધિ કેન્દ્રમાંથી સારી અને સસ્તી દવાઓ ઉપલબ્ધ થવાના કારણે ગરીબોના લગભગ 20 હજાર કરોડ રૂપિયાની બચત થઈ શકી છે. સંકટના સમયે કામમાં આવે તેવી આ માત્ર એક જ યોજના નથી, આવી તો બીજી ઘણી યોજનાઓ છે. જો આગળ વાત કરીએ તો, મફત રસીકરણ, મફત ડાયાલિસિસ, અકસ્માત વીમો, જીવન વીમાની સુવિધા પણ કરોડો નાગરિકોને પહેલી વખત જ મળી છે. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના એ દેશના ખૂબ જ મોટા જનસમુદાય માટે સલામતીનું અન્ય એક કવચ બની છે. આ યોજનાએ કોરોનાના સંકટ સમયે કોઈ ગરીબને ભૂખ્યા સૂવાની નોબત નથી આવવા દીધી. આજે સરકાર આ ખાદ્ય યોજના પર 4 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. એક રાષ્ટ્ર – એક રેશન કાર્ડ હોય કે જામ-ટ્રિનિટી, આ તમામ સુરક્ષા કવચનો જ એક ભાગ છે. આજે, ગરીબમાં ગરીબ વ્યક્તિને ખાતરી મળી છે કે, તેના હકનું જે છે તે ચોક્કસપણે તેને મળશે. આ સાચા અર્થમાં સામાજિક ન્યાય છે. થોડા સમય પહેલાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના એક વર્કિંગ ડોક્યુમેન્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, આવી યોજનાઓને કારણે કોવિડ જેવી મહામારી હોવા છતાં ભારતમાં અત્યંત ગરીબી ખતમ થવાના આરે છે, આ ક્રાંતિકારી પરિવર્તન સુધારાની ગાથા કહે છે.

### કોવિડ સામેની જંગમાં ગામડાઓએ મોરચો સંભાળ્યો

કોવિડ સામેની જંગમાં ગામડાઓનું મહત્વ કેટલું હતું તેના વિશે પ્રધાનમંત્રીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જે દેશમાં 6 લાખ કરતાં વધુ ગામડાં છે અને 80-85 કરોડની વસ્તી ગામડાઓમાં રહે છે, તે દેશે અસરકારક રીતે કોવિડનો ચેપ ફેલાતો અટકાવ્યો છે. જો આખું યુરોપ ભેગું કરી દેવામાં આવે તો પણ આટલી વસ્તી નથી થતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જો અમેરિકા, રશિયા અને ઓસ્ટ્રેલિયાને પણ ભેગા કરી દેવામાં આવે તો ભારતમાં રહેતા ગ્રામીણોની સંખ્યા તેમના કરતાં વધારે છે. દરેક ભારતીય એ વાત પર ગૌરવ લઈ શકે છે. આ સફળતા પાછળ આપણા ગ્રામીણ ભારતની જાગૃતિએ કામ કર્યું છે, પંચાયત સ્તર

> જ્યારે કોઈની પાસે પોતાનું પાકું ઘર હોય ત્યારે તેમનો આત્મવિશ્વાસ ઘણો વધી જાય છે, જોખમ લેવાની ક્ષમતા ઘણી વધી જાય છે. તેમના સપનાં આકાશને સ્પર્શવા લાગે છે. પીએમ આવાસ યોજનાએ દેશના ગરીબોના આત્મવિશ્વાસને એક નવી ઊંચાઈ પર પહોંચાડ્યો છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સુધીની આપણી લોકશાહી વ્યવસ્થા, આપણી આરોગ્ય સુવિધાઓ, આપણા ચિકિત્સા કેન્દ્રો - સુખાકારી કેન્દ્રો, આપણા સ્વચ્છતા અભિયાને આમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું હતું કે, જો આ કામ કોઈ પશ્ચિમી દેશમાં થયું હોત તો વિશ્વમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આ સફળતાની ઘણી ચર્ચા કરવામાં આવી હોત. પરંતુ કેટલાક લોકો એ વાતથી સંકોચ અનુભવે છે કે, જો ભારતના વખાણ થશે તો દુનિયામાં તેઓ શું જવાબ આપશે. પ્રધાનમંત્રીએ કોવિડ સામેની જંગમાં સફળતાપૂર્વક આગળ વધવાનો શ્રેય ગ્રામીણ લોકો અને કોરોના યોદ્ધાઓને આપ્યો હતો.

પ્રધાનમંત્રી મોદીની સંવેદનશીલતા અને તે સમયે હાથ ધરવામાં આવેલા પ્રયાસોએ વિશ્વને પણ વિસ્મયમાં મૂકી દીધું હતું. જ્યારે દેશમાં લૉકડાઉનની જાહેરાત કરવામાં આવી ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બીજા જ દિવસે, એટલે કે 26 માર્ચ 2020ના રોજ 1.75 લાખ કરોડના વિશેષ ગરીબ કલ્યાણ પેકેજની જાહેરાત કરી દીધી હતી. પછી જ્યારે દેશ અનલૉક થઈ ગયો અને અર્થવ્યવસ્થા ફરી પાટા પર પાછી આવવા લાગી ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 જૂન, 2020ના રોજ કોવિડ-19 મહામારીને કારણે ગામડાઓમાં પરત ફરેલા સ્થળાંતરિત કામદારોને રોજગાર અને આજીવિકાની તકો પૂરી પાડવા માટે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાનની શરૂઆત કરી હતી. ઘરની નજીકમાં જ કામ પૂરું પાડવામાં મદદ કરવા માટે ગ્રામીણ સ્થળાંતરિત કારીગરોના કૌશલ્યોને ઓળખી કાઢવામાં આવ્યા હતા. 6 રાજ્યોના 116 જિલ્લાઓમાં 125 દિવસમાં એક અભિયાન તરીકે રૂ. 50,000 કરોડના પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવ્યા હતા. ગરીબોની જીવનશૈલીમાં પરિવર્તન લાવીને તેમને ગુણવત્તાયુક્ત



## વીજળીથી ઘરોમાં અજવાળું પથરાયું

**2.86** કરોડ ઘર સૌભાગ્ય યોજના હેઠળ વીજળીથી પ્રકાશિત થયા.

**40** કરોડ સસ્તા LED બલ્બનું વિતેલાં વર્ષોમાં વિતરણ કરવામાં આવ્યું.

**20** હજાર કરોડ રૂપિયાનો ઘટાડો ગરીબ અને મધ્યમ વર્ગના વીજળીના બિલમાં થયો.

## ધુમાડામુક્ત ઈંધણથી જીવન સુખદ બન્યું

**9.6** કરોડ LPG કનેક્શન ઉજ્જવલા યોજના હેઠળ આપવામાં આવ્યા.

**8.41** કરોડ પરિવારોએ વર્ષ 2022-23માં સિલિન્ડર રિફિલ કરાવ્યા જેમાં 35 કરોડ રિફિલ PMUY પરિવારોએ કરાવ્યા.

## SC, ST અને OBC વર્ગ સર્વોચ્ચ પ્રાથમિકતાએ

**25,000**

કરતાં વધારે SC અને ST ઉદ્યમીઓને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા અંતર્ગત બેંક લોન અને બિઝનેસની સુવિધા આપી.




- વર્તમાન કેન્દ્ર સરકારમાં 60% મંત્રીઓ SC, ST અથવા OBC વર્ગના છે.
- OBC અને EWS માટે તબીબી શિક્ષણમાં અખિલ ભારતીય ક્વોટા બેઠકોનું અનામત.
- રાષ્ટ્રીય પછાતવર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.
- 80% નાના અને સીમાંત ખેડૂતો પીએમ-કિસાનમાં લાભ મેળવી રહ્યા છે, મોટાભાગે SC, ST અને OBC વર્ગના છે.
- પીએમ ફસલ બીમા યોજના હેઠળ આવતા 71% ખેડૂતો SC, ST અને OBC વર્ગમાંથી આવરી લેવાયા છે.

**45.45%**

ઘર PMAY (ગ્રામીણ) હેઠળ SC અને STને મળ્યાં.

**58%**

શિષ્યવૃત્તિ મેળવનારા SC, ST અને OBC વર્ગના વિદ્યાર્થી છે.



**42.2**

કરોડ મુદ્રા લોન મેળવનારાઓમાં થી અડધા કરતાં વધારે SC, ST અને OBC ઉદ્યમીઓ.

ભારત ચોક્કસપણે વિકસિત દેશ બની શકે છે. ભારત ગરીબી દૂર કરી શકે છે. અને મારા પૂરા વિશ્વાસ પાછળનો જે આધાર છે, તે નીતિ આયોગના અહેવાલમાં સામે આવ્યો છે કે, માત્ર પાંચ વર્ષમાં ભારતમાં 13.5 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ કહી રહી છે કે, ભારતમાં અત્યંત ગરીબી ખતમ થવાના આરે છે. એટલે કે, છેલ્લાં 9 વર્ષમાં દેશમાં જે નીતિઓ ઘડવામાં આવી, જે નિર્ણયો લેવામાં આવ્યા તેનાથી દેશ સાચી દિશામાં આગળ વધી રહ્યો છે. દેશનો વિકાસ ત્યારે જ થઈ શકે છે, જ્યારે ઈરાદો સ્પષ્ટ હોય, નીતિ સાચી હોય, દેશમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા યોગ્ય નીતિ હોય.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

જીવનશૈલી આપવાની તેમની વિચારસરણીનું જ પરિણામ છે કે, આ અભિયાન હેઠળ 25 કેટેગરીના કામો નક્કી કરવામાં આવ્યા છે, જે ગામડાઓમાં મૂળભૂત સુવિધાઓની સાથે સાથે આધુનિક સુવિધાઓ પણ પૂરી પાડી શકે. બિહારના ખગડિયા જિલ્લાના તેલીહર ગામમાંથી શરૂ કરવામાં આવેલા આ અભિયાનનો હેતુ કોવિડ મહામારીથી અસરગ્રસ્ત મોટી સંખ્યામાં ઘરે પરત ફરેલા સ્થળાંતરિત કામદારો અને સ્થાનિક કામદારોને આજીવિકાની તકો પૂરી પાડવાનો હતો. ગામડાઓમાં પાયાની માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ અને રસ્તાઓ, આવાસ, આંગણવાડીઓ, પંચાયત ભવન, વિવિધ આજીવિકાના કામો અને સામુદાયિક ભવનો વગેરે માટેની તકો ઊભી કરવાનો હતો. વિવિધ પ્રકારનાં કામોના સંયોજનથી એ સુનિશ્ચિત થશે કે દરેક સ્થળાંતરિત કામદારને તેમના કૌશલ્યના આધારે 125 દિવસ માટે રોજગાર મળે. આમાં, 6 રાજ્યો એટલે કે - બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ અને ઓડિશાના 116 જિલ્લાઓમાં પાછા ફરેલા સ્થળાંતરિત કામદારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્યારે પણ ગ્રામજનોને કહ્યું હતું કે, "તમારી સાથે વાત કરીને તમારામાં ઉર્જા, સન્માન અને આત્મવિશ્વાસનો ભાવ હું અનુભવી રહ્યો છું. કોરોનાનું આટલું મોટું સંકટ, જેની સામે આખું વિશ્વ હચમચી



દાયકાઓ સુધી આપણાં ગામડાંઓ અને ગરીબો પણ પાછળ રહી ગયા કારણ કે, ગામડાઓમાં શિક્ષણ માટે સારી શાળાઓ ન હતી. પછાત અને આદિવાસી સમાજના બાળકો સપનાં જોતા હતા, પરંતુ તેને પૂરા કરવાનો તેમની પાસે કોઈ રસ્તો નહોતો. અમે શિક્ષણનું બજેટ મોટા પ્રમાણમાં વધાર્યું છે, સંસાધનોમાં વધારો કર્યો છે, એકલવ્ય આદિવાસી શાળાઓ ખોલી છે. આપણા આદિવાસી યુવાનોને આનો ઘણો ફાયદો થયો છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## સામાજિક સશક્તિકરણના પ્રતીકોની ઓળખ
### પંચતીર્થ, જનજાતીય દિવસ, આદિજાતિ સંગ્રહાલય

પંચતીર્થ અર્થાત્ બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને સમર્પિત પાંચ સ્મારકો. આમાં મહુનું તેમનું જન્મસ્થળ, લંડનમાં તેઓ અભ્યાસ માટે જ્યાં રહેતા હતા તે સ્થળ, નાગપુરમાં તેમની દીક્ષાભૂમિ, દિલ્હીમાં મહાપરિનિર્વાણ સ્થળ અને મુંબઈમાં ચૈત્ય ભૂમિનો સમાવેશ થાય છે. આજે ભારતથી લઈને ઈંગ્લેન્ડ સુધી ડૉ. આંબેડકર સાથે જોડાયેલા તમામ સ્થળોનો પંચતીર્થ તરીકે વિકાસ કરવામાં આવ્યો છે.

- આંબેડકરની 125મી જયંતિ વર્ષ નિમિત્તે 26 નવેમ્બર 2015થી બંધારણ દિવસ ઉજવવાનું શરૂ કરવામાં આવ્યું છે.
- આદિજાતિ બાબતોના મંત્રાલયે અત્યાર સુધીમાં 10 આદિજાતિ સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયોના નિર્માણને મંજૂરી આપી છે. આ સંગ્રહાલય આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની સ્મૃતિઓને સાચવશે.



- વર્ષ 2021થી, આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની જન્મજયંતિ 15 નવેમ્બરના રોજ 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી.

ગયું, ડરી ગયું, પરંતુ તમે અડગ રહ્યા. ભારતના ગામડાંઓ જે રીતે કોરોનાનો સામનો કર્યો છે, તેનાથી શહેરોને પણ ઘણો મોટો બોધપાઠ મળ્યો છે.''

### સામાજિક ન્યાય અને ગરીબ કલ્યાણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014માં વ્યક્ત કરેલા 'ગરીબ કલ્યાણ'ના સંકલ્પોને સાકાર કરતી, કેન્દ્ર સરકારની લાભાર્થી કલ્યાણની અનેક યોજનાઓની મદદથી ગામડાઓ અને ગરીબોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. દુનિયાભરના વિશ્વસનીય અહેવાલો અનુસાર, ભારતમાં ગરીબીમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. જન-ધન યોજના હેઠળ બેંક ખાતાથી લઈને પીએમ ઉજ્જવલા યોજના હેઠળ ધૂમાડા મુક્ત રસોડું, સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલયથી લઈને જલ જીવન મિશન દ્વારા નળ દ્વારા શુદ્ધ પાણીની ઉપલબ્ધતા સુધી, પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા નાના ખેડૂતોને આર્થિક સહાય આપવાથી લઈને લઘુ અને મધ્યમ ઉદ્યોગોને આર્થિક સહાય આપવા અને સ્વ-રોજગારની તકોનું સર્જન કરવા સુધીના અનેક પ્રશંસનીય કાર્યો છેલ્લાં 9 વર્ષ દરમિયાન કરવામાં આવ્યા છે. તેમના થકી ગામડાના અને ગરીબોના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

સર્વસ્પર્શી અને સર્વસમાવેશી સરકાર તરીકે, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં છેલ્લાં 9 વર્ષોમાં, સામાજિક ન્યાયની મૂળભૂત ભાવનાને અનુરૂપ કામ કરવામાં આવ્યું છે. વર્તમાન કેન્દ્ર સરકારની નીતિઓ અને યોજનાઓ હંમેશા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગ, મહિલાઓ અને આર્થિક રીતે નબળા વર્ગના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે સમર્પિત છે. વંચિત સમાજના હિતો માટે અવાજ ઉઠાવનારા મહાન રાષ્ટ્રીય નેતા બાબા સાહેબ આંબેડકરના જીવન સાથે જોડાયેલા સ્થળોને પંચતીર્થ તરીકે સ્થાપિત કરવાનું કામ પણ આ સમય દરમિયાન જ કરવામાં આવ્યું છે. આ સ્થળોથી સમાજને સમાનતા અને

### દિવ્યાંગજનો માટે સુવિધાઓઃ માર્ગ સુલભ થયો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં દિવ્યાંગજનોને ટોચની પ્રાથમિકતાઓમાંથી એક રાખવામાં આવ્યા છે. 27 ડિસેમ્બર, 2015ના રોજ, મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ પહેલીવાર વિકલાંગને બદલે દિવ્યાંગ શબ્દનો ઉપયોગ કરવાની વાત કરી હતી.

- દિવ્યાંગજનો માટે શિબિરો ગોઠવીને સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, 2014થી અત્યાર સુધીમાં 13,528 શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આના દ્વારા 24.45 લાખથી વધુ દિવ્યાંગજનોનું સશક્તિકરણ કરવામાં આવ્યું છે.
- દિવ્યાંગજનોના અધિકારો અધિનિયમ- 2016 હેઠળ, દિવ્યાંગજનોના હાલમાં 7 પ્રકાર માનવામાં આવે છે તે સંખ્યા વધારીને 21 કરવામાં આવી છે.
- 3 ડિસેમ્બર, 2015ના રોજ સુગમ્ય ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું જેમાં કેન્દ્ર સરકારના 1,030 ભવનો સહિત 1,630 ઈમારતોને સુલભતા સુવિધાઓ આપવામાં આવી છે.



- 11.7 લાખ શાળાઓમાં સુલભતા સુવિધા.
- 600થી વધુ સરકારી વેબસાઈટ સુલભ બનાવાઈ છે.
- 80 હવાઈમથકો અને 709 ઓળખાયેલા રેલ્વે સ્ટેશનોને સુલભ બનાવાયા.



**મારી દિવ્યાંગ બહેનો અને ભાઈઓની મક્કમતા અને સિદ્ધિઓને હું બિરદાવું છું. અમારી સરકારે ઘણી પહેલ કરી છે, જેનાથી દિવ્યાંગ લોકો માટે તકો ઊભી થઈ છે અને તેઓ ખીલી ઉઠવા માટે સમર્થ બન્યા છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**


સમરસતાની પ્રેરણા મળે છે. જો કેન્દ્ર સરકારના પગલાંની સરખામણી કરવામાં આવે તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હિતમાં છેલ્લાં 9 વર્ષમાં જેટલાં પગલાં લેવામાં આવ્યાં છે, તેટલા પગલાં અગાઉ ક્યારેય લેવામાં આવ્યાં નહોતા. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સશક્તિકરણ માટે બજેટમાં દર વર્ષે વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની લાભાર્થી યોજનાઓમાં દલિત અને આદિવાસી સમાજને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. દલિત સમુદાયના આર્થિક સશક્તિકરણ અને સ્વ-રોજગારમાં તેમની સહભાગીતા સુનિશ્ચિત કરવા માટે સ્ટેન્ડ-અપ યોજના, મુદ્રા યોજના હેઠળ સરળ લોન આપવામાં પ્રાથમિકતાને પણ કેન્દ્ર સરકાર મુદ્રા સુનિશ્ચિત કરવામાં આવે છે. આ યોજનાઓનું પરિણામ એ આવ્યું છે કે, SC-ST સમાજના લોકો શિક્ષણ, ઉદ્યોગ, રોજગાર, સેવા અને સામાજિક ક્ષેત્રે ઉદયમાન થઈ રહ્યા છે. કેન્દ્રીય મંત્રીમંડળમાં પ્રતિનિધિત્વની વાત હોય કે પછી 2017માં દલિત સમુદાયમાંથી આવતા રામનાથ કોવિંદને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવાની પહેલ હોય અને આદિવાસી સમુદાયનું પ્રતીક બનેલા દ્રૌપદી મુર્મુને 2022માં રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરવાની પહેલ હોય, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રામીણ ભારતને સર્વોપરી રાખ્યું છે અને વંચિત સમાજના સર્વાંગી વિકાસ માટે તેમની પ્રતિબદ્ધતાને વાસ્તવમાં પ્રતિબિંબિત કરી છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સશક્તિકરણ માટે કેન્દ્ર સરકારે દાયકાઓથી પડતર રહેલી પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવાની માંગ પૂરી કરી છે. કેન્દ્ર સરકારના નીતિ વિષયક નિર્ણયને કારણે મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ માટે પછાત વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે તકો વધી છે. શિક્ષણ અને રોજગારમાં OBC સમુદાયની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ઘણા મોટા પ્રયાસો કરવામાં આવ્યા છે.

## ગ્રામીણ વિસ્તારોમાં મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખેતરો સુધીની કનેક્ટિવિટી વધી

હવે રસ્તો મારા ખેતર સુધી જાય છે, આ વાત પેંડરબેરા ગામના રહેવાસી જનકરામે તેમના ગામમાં રોડ કનેક્ટિવિટી વિશે વાત કરતી વખતે કહી હતી. જ્યારે કોઈ ગામને સારું, 'ઓલ-વેધર રોડ' નેટવર્ક મળે છે, ત્યારે તે કનેક્ટિવિટી આખા ગામનું ભાગ્ય બદલી નાખે છે. તેઓ તેમના પાક વેચવા માટે નગરો અને શહેરોમાં જઈ શકે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમયસર શાળાએ પહોંચે છે અને સરકારી અધિકારીઓ ગામની મુલાકાત લેવામાં અચકાતા નથી. જ્યારે એમ્બ્યુલન્સ આવે છે, ત્યારે એક અમૂલ્ય જીવ બચી જાય છે. રસ્તાઓ લોકોને વ્યવસાય અને રોજગાર માટે પ્રેરિત કરે છે.

- 2014 પહેલાંના 10 વર્ષમાં કેન્દ્ર સરકારની મદદથી લગભગ 6 હજાર પંચાયત ઈમારતો બનાવવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે 9 વર્ષમાં 30 હજારથી વધુ નવી પંચાયત ઈમારતો બનાવી છે.
- 2014 પહેલાં દેશની 70થી પણ ઓછી ગ્રામ પંચાયતો ઓપ્ટિકલ ફાઈબરથી જોડાયેલી હતી. હાલમાં કેન્દ્ર સરકાર દેશની બે લાખથી વધુ પંચાયતો સુધી ઓપ્ટિકલ ફાઈબર લઈ ગઈ છે.
- 2014 પહેલાં પંચાયતો માટે નાણાં પંચનું અનુદાન 70 હજાર કરોડ રૂપિયા કરતાં ઓછું હતું. હવે પંચાયતોને મળતા અનુદાનનો આંકડો 2 લાખ કરોડને ઓળંગી ગયો છે.
- છેલ્લાં 9 વર્ષમાં લગભગ 3,60,355 કિમી લંબાઈના ગ્રામીણ રસ્તાઓનો ઉમેરો થયો છે જ્યારે લગભગ 70 વર્ષમાં 3,81,315 કિમીનો ઉમેરો થયો હતો.
- યોજના હેઠળ અત્યાર સુધીમાં 7,41,670 કિમીના માર્ગો બાંધવામાં આવ્યા છે.




### ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીમાં ઝડપી ઘટાડો

છેલ્લાં 5 વર્ષમાં જ કેન્દ્ર સરકારના પ્રયાસોને કારણે જ 13.5 કરોડ ભારતીયો બહુપરિમાણીય ગરીબીમાંથી મુક્ત થઈ શક્યા છે. એક અહેવાલ અનુસાર, ભારતમાં બહુપરિમાણીય ગરીબોની સંખ્યા વર્ષ 2015-16માં 24.85% હતી તે વર્ષ 2019-2021માં ઘટીને 14.96% થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન શહેરી વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ 8.65 ટકાથી ઘટીને 5.27 ટકા થઈ ગયું છે જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ 32.59 ટકાથી ઘટીને 19.28 ટકા થઈ ગયું છે. ઉત્તરપ્રદેશમાં 3.43 કરોડ લોકો બહુપરિમાણીય ગરીબીમાંથી મુક્ત થઈ શક્યા છે, જે ગરીબોની સંખ્યામાં સૌથી મોટો ઘટાડો સૂચવે છે. 36 રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને 707 વહીવટી જિલ્લાઓ માટે

> આપણે ગમે ત્યાં પહોંચી જઈએ, ભલે આપણે મોટા શહેરો કે દુનિયાના કોઈપણ ખૂણે સ્થાયી થઈએ, જો આપણે આપણાં ગામમાં ઉછર્યાં હોઈએ, તો આપણા દિલમાંથી ગામડું ક્યારેય દૂર નથી થતું. તે આપણી રગે-રગમાં વસી જાય છે, તે હંમેશા આપણા વિચારોમાં રહે છે. તેથી જ આપણે કહીએ છીએ કે ભારતનો આત્મા ગામડાંમાં વસે છે, કારણ કે ગામ આપણા આત્મામાં વસે છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## નીતિ આયોગના એક અહેવાલ અનુસાર, 2015-16થી 2019-21 વચ્ચે 13.5 કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

બહુપરિમાણીય ગરીબી સંબંધિત અંદાજ પૂરો પાડતા અહેવાલ પરથી જાણવા મળે છે કે, બહુપરિમાણીય ગરીબોના પ્રમાણમાં સૌથી ઝડપી ઘટાડો ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઓડિશા અને રાજસ્થાન રાજ્યોમાં જોવા મળ્યો છે.

આમાં, પોષણ, શાળાકીય શિક્ષણનાં વર્ષો, સ્વચ્છતા અને રાંધણ ગેસની ઉપલબ્ધતામાં સુધારાએ ગરીબી ઓછી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરના રાષ્ટ્રીય પારિવારિક સ્વાસ્થ્ય સર્વેક્ષણ, NFHS-5 (2019-21)ના આધારે રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંકની આ બીજી આવૃત્તિ ગરીબી ઓછી કરવામાં ભારતની પ્રગતિ દર્શાવે છે. રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક સ્વાસ્થ્ય, શિક્ષણ અને જીવનધોરણ એમ ત્રણેય પરિમાણોને માપે છે. તેમાં આવરી લેવામાં આવેલાં 12 માપદંડોમાં પોષણ, બાળ અને કિશોર મૃત્યુદર, માતાનું સ્વાસ્થ્ય, શાળાકીય અભ્યાસનાં વર્ષો, શાળામાં હાજરી, રાંધણ ગેસ, સ્વચ્છતા, પીવાલાયક પાણી, વીજળી, આવાસ, સંપત્તિ અને બેંક ખાતાનો સમાવેશ થાય છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં જ આ બધી બાબતોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. બહુપરિમાણીય ગરીબી સૂચકાંક (MPI)ના તમામ 12 માપદંડોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. પોષણ અભિયાન અને એનિમિયા મુક્ત ભારત જેવા મુખ્ય કાર્યક્રમોએ આરોગ્યક્ષેત્રે અભાવની સ્થિતિ ઓછી કરવામાં નોંધનીય ફાળો આપ્યો છે, જ્યારે સ્વચ્છ ભારત મિશન (SBM) અને જલ જીવન મિશન (JJM) જેવી પહેલોએ સમગ્ર દેશમાં સ્વચ્છતા સંબંધિત સુધારો કર્યો છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)ના માધ્યમથી સબસિડીવાળા રાંધણ ગેસ પૂરો પાડવાની જોગવાઈએ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી દીધું છે. સૌભાગ્ય, પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY), પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY) અને સમગ્ર શિક્ષા જેવી પહેલોએ પણ બહુપરિમાણીય ગરીબી ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

### વિકાસની દૃષ્ટિ સમકાલીન અને ભવિષ્યવાદી

કેન્દ્રમાં આરૂઢ વર્તમાન સરકાર નવી ઉર્જાથી ભરેલી ત્રિશક્તિ છે, જેણે નવા ભારત, વિકસિત રાષ્ટ્ર અને લોકોની પ્રાદેશિક આકાંક્ષાઓને પૂરી કરવા માટે પોતાની નીતિઓ, કાર્યક્રમો અને યોજનાઓ દ્વારા દેશમાં આત્મવિશ્વાસના માહોલનું નિર્માણ કર્યું છે. તેનો સંકલ્પ, એજન્ડા, ભાવના અને માર્ગ પણ સકારાત્મક છે. જ્યારે દેશમાં સ્થિર સરકાર હોય ત્યારે દેશ ત્વરિત અને મજબૂત નિર્ણયો લે છે. ખરા અર્થમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ સર્વસમાવેશી વિકાસનો સાક્ષી બની રહ્યો છે અને દેશની એક નવી ગાથા લખાઈ રહી છે. ગામડા, ગરીબો, ખેડૂતો, દલિતો, પછાત, વંચિતો, આદિવાસીઓ, યુવાનો, મહિલાઓ – સૌના કલ્યાણ અને ઉત્કર્ષ માટે કામ કરવામાં આવી રહ્યું છે, જેથી સમાજના તમામ વર્ગોને આગળ વધવાની તક મળી શકે.

> “ગામડાની સંસ્કૃતિ, સંસ્કારો અને અહીં આપણી સાથે જોડાયેલા સંઘર્ષોએ આપણા જેવા અનેક લોકોનું ઘડતર કર્યું છે, આપણાં સંસ્કારોને મજબૂત કર્યા છે. આ જ આપણી લોકશાહીની તાકાત છે. ભારતના ગામડામાં જન્મેલા ગરીબમાંથી ગરીબ વ્યક્તિ પણ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યપાલ, મુખ્યમંત્રીના હોદ્દા સુધી પહોંચી શકે છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કેન્દ્ર સરકારની યોજનાઓએ દેશના ગરીબમાં ગરીબ વ્યક્તિને પણ સન્માન અને સુરક્ષાની ભાવનાથી ભરી દીધી છે. દેશમાં પહેલીવાર ગરીબોને સુરક્ષા અને ગરિમાપૂર્ણ જીવન મળ્યું છે. દાયકાઓ સુધી જે લોકોને એવો અહેસાસ કરાવવામાં આવ્યો હતો કે તેઓ દેશના વિકાસ પર બોજ છે, તે લોકો જ આજે દેશના વિકાસને ગતિ આપી રહ્યા છે. તેથી જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, “જ્યારે સરકાર આ યોજનાઓ શરૂ કરી રહી હતી ત્યારે કેટલાક લોકો અમારી મજાક ઉડાવતા હતા. પરંતુ આજે આ યોજનાઓએ જ ભારતના ઝડપી વિકાસને વેગ આપ્યો છે, આ યોજનાઓ વિકસિત ભારતના નિર્માણનો આધાર બની છે.” ગરીબ, દલિત, વંચિત, પછાત, આદિવાસી, સામાન્ય વર્ગ, મધ્યમ વર્ગ, દરેક વ્યક્તિ છેલ્લાં 9 વર્ષથી તેમના જીવનમાં દેખીતું પરિવર્તન અનુભવી રહ્યા છે.

ચોક્કસપણે, આજે દેશમાં સર્વગ્રાહી અભિગમ અને મિશન મોડમાં કામ થઈ રહ્યું છે. આ દરમિયાન સરકારની વિચારસરણી પણ બદલાઈ છે અને સેવાનો સિદ્ધાંત પાયાના સ્તરે પ્રતિબિંબિત થઈ રહ્યો છે. જેને ભારતનો આત્મા કહેવામાં આવે છે તેવું ગ્રામીણ ભારત, આજે વિકસિત ભારતના સંકલ્પનો સારથી છે કારણ કે પરિવર્તનની આ યાત્રા સમકાલીન હોવાની સાથે સાથે ભવિષ્યવાદી પણ છે.



ઈન્ટરવ્યુ - ગિરિરાજસિંહ, કેન્દ્રીય ગ્રામીણ વિકાસમંત્રી

# "બદલાતી તસવીર અને બદલાતા માર્ગો સાથે આપણે આગળ વધી રહ્યા છીએ"

*ગ્રામીણ ભારતમાં આવેલા પરિવર્તનો અને વંચિતોને પ્રાથમિકતા આપીને સેવાને સર્વોપરી માનીને સેવા-સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે કેવી રીતે ગ્રામીણ ભારતનો કાયાકલ્પ કર્યો છે તે અંગે **ન્યૂ ઈન્ડિયા સમાચારના વરિષ્ઠ સલાહકાર સંપાદક સંતોષ કુમાર** અને **સહાયક સલાહકાર સંપાદક અખિલેશ કુમારે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતીરાજ મંત્રી ગિરિરાજસિંહ સાથે વાતચીત કરી હતી.** તેમની સાથેની વાતચીતના અંશો અહીં આપ્યા છે:*

- **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે ભારતનો આત્મા ગામડાંઓમાં વસે છે. ગ્રામીણ વિસ્તારને સશક્ત બનાવવા માટે કયાં પગલાં લેવામાં આવ્યા છે?**

- ગ્રામીણ ભારતમાં હજુ પણ 80 કરોડ કરતાં વધુ ગ્રામીણ વસ્તી છે. 2011ની વસ્તી ગણતરી મુજબ 19.5 કરોડ પરિવારો ગામડાંઓમાં વસે છે. તેમાંથી મોટાભાગના ખેડૂતો અને શ્રમિકો છે. પ્રધાનમંત્રીએ ખેડૂતો માટે MSP વધારવાનું કામ કર્યું છે. પહેલાંના સમયમાં માત્ર ડાંગર અને ઘઉંના લઘુતમ ટેકાના ભાવ હતા. આજે કઠોળ અને તેલીબિયાં દરેક પર આપવામાં આવે છે. જો આપણે બધા પર નજર કરીએ તો, MSPમાં લગભગ 70% વધારો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ખેડૂતને ખબર નથી કે તેઓ આજે જે યુરિયાનો છંટકાવ કરી રહ્યા છે તે 7 રૂપિયા કિલોના ભાવનું કે મોંઘું કારણ કે સરકાર તેમને સસ્તામાં ઉપલબ્ધ કરાવી રહી છે. ખેડૂતોને લગભગ અઢી લાખ કરોડ રૂપિયા સબસિડી તરીકે આપવામાં આવી રહ્યા છે. કિસાન સન્માન નિધિના રૂપમાં ખેડૂતોને ખાતર અને બિયારણ માટે દર વર્ષે રૂ. 6,000ની આર્થિક સહાય આપવામાં આવી રહી છે. અગાઉના સમયમાં ખાતર અને બિયારણ માટે તેઓ શાહુકાર કે અન્ય કોઈ વ્યક્તિ પાસેથી વ્યાજે પૈસા લેતા હતા અને તેની ચુકવણીનો બોજ તેમના માથે રહેતો હતો. પ્રધાનમંત્રીએ ખેડૂતોના હિતમાં ઘણાં કામ કર્યાં છે. કુદરતી ખેતીની ચર્ચા કરી છે, નેનો યુરિયાની ફેક્ટરી શરૂ કરી છે.

- **ગામડાંઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે કેન્દ્ર દ્વારા કેવા પ્રકારના પ્રયાસો કરવામાં આવ્યા છે?**

- હું દિવંગત ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીનો આભાર માનું છું, જેમણે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત કરીને ભારતના ગામડાંઓને જોડવાનું કામ કર્યું છે. ત્યારપછી પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીજીએ તે કાર્યને આગળ વધાર્યું છે. 2014માં જ્યારે અમારી સરકાર સત્તામાં આવી ત્યારે લગભગ 4 લાખ કિલોમીટરના ગ્રામીણ રસ્તા હતા, પરંતુ હવે આ યોજના હેઠળ આ રસ્તાઓની લંબાઈનો આંકડો લગભગ 7.5 લાખ કિલોમીટર સુધી પહોંચી ગયો છે. અમે આખા દેશમાં એક પ્રયાસ કરી રહ્યા છીએ કે જેમાં ગામડાંનો આત્મા અને શહેરની વ્યવસ્થા હોવી જોઈએ. કનેક્ટિવિટી મજબૂત કરવા માટે, અમે હવે ગ્રામીણ રસ્તાઓને રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો સાથે જોડવાના પ્રયાસો કરી રહ્યા છીએ. મનરેગા હેઠળ પણ ગામડાંઓમાં સંપત્તિનું સર્જન અગાઉના સમયની સરખામણીમાં બમણું થયું છે. જ્યારે અમે સરકારમાં આવ્યા ત્યારે મનરેગાનું બજેટ 35,000 કરોડ રૂપિયા હતું. જો તમે આંકડાઓ પર નજર કરો તો 2019-20માં 62 હજાર કરોડ રૂપિયાનું બજેટ હતું, પરંતુ 1.10 લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. 2020-21માં 72 હજાર કરોડ રૂપિયાના બજેટની સામે 98 હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. 2022-23માં તે 90 હજાર કરોડ રૂપિયા હતા. વાસ્તવમાં આ બજેટનો આધાર નથી. મોદીજીના નેતૃત્વમાં પારદર્શિતાને સૌથી વધુ પ્રાધાન્યતા

આપવામાં આવે છે. આજે લગભગ 100 ટકા મનરેગા ખાતાઓ બેંક સાથે લિંક કરેલા છે. લગભગ 97% લોકોને આધાર લિંક કરીને પૈસા આપવામાં આવ્યા છે. મહિલાઓની ભાગીદારી લગભગ 56% છે. આજે અમૃત સરોવરને પણ મનરેગા સાથે જોડી દેવામાં આવ્યા છે. જળ સંચય માટે ખાસ ઝુંબેશ ચાલી રહી છે. અત્યાર સુધીમાં લક્ષ્યાંક કરતાં વધુ અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. પંચાયતોને પહેલાં કરતાં 4 ગણા વધારે પૈસા આપવામાં આવી રહ્યા છે. પંચાયતોને કાર્બન ન્યૂટ્રલ બનાવવામાં આવી રહી છે. ગામનું પાણી ગામમાં જ રહે અને ખેતરનું પાણી ખેતરમાં જાય તે દિશામાં ગ્રીન પંચાયતની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે.

- ગામડાંઓની પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે દાયકાઓથી પડતર પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે કરવામાં આવ્યું છે?

- આજે પ્રધાનમંત્રી મોદીની દૂરંદેશી અને સહકારથી દરેક ઘરમાં શૌચાલય અને પાણી આપવામાં આવી રહ્યું છે. અમે શિક્ષણયુક્ત પંચાયત, કાર્બન ન્યૂટ્રલ પંચાયત અને રોજગાર સાથે પંચાયત બનાવવામાં જોડાયેલા છીએ. ગ્રામીણ વિસ્તારોમાં દરેક પરિવારની મહિલાઓ એટલે કે લગભગ 10 કરોડ મહિલાઓને સ્વ-સહાય જૂથો સાથે જોડવામાં આવી રહી છે. આનાથી મહિલાઓ માત્ર આજીવિકા માટે આ સાથે નથી જોડાતી, પરંતુ એક ઉદાહરણ પણ રજૂ કર્યું છે. સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટીનું ડિજિટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. રજિસ્ટ્રીનું ડિજિટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. હવે અમારો પ્રયાસ એવો છે કે, સંપત્તિના ડિજિટાઈઝેશનને કોર્ટ સાથે જોડવામાં આવે જેથી સિવિલ કેસોનો ઝડપથી નિકાલ આવી શકે. આપદા વ્યવસ્થાપનમાં પંચાયતોની ભૂમિકા મહત્વની છે. આના માટે રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખવામાં આવ્યો છે. એ જ રીતે, NPA સંબંધિત વિશ્વનું બેન્ચમાર્ક 2 ટકા છે, તે સ્વ-સહાય જૂથોમાં 1.8 ટકા છે. જ્યારે પહેલાંના સમયમાં તે 9 ટકા સુધી હતું. બેંકિંગ ક્ષેત્રમાં સુધારા અને ઈ-ગવર્નન્સની પહેલથી ગામડાંઓ સમૃદ્ધ બન્યા છે.

- તાજેતરમાં, નીતિ આયોગના એક અહેવાલમાં, એવું સામે આવ્યું છે કે કેન્દ્ર સરકારના પ્રયાસોને કારણે છેલ્લાં કેટલાક વર્ષોમાં 13 કરોડથી વધુ વસ્તી ગરીબી રેખામાંથી બહાર આવી છે, શું જેમાં ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીમાં સૌથી ઝડપી ઘટાડો થયો છે?

- કુલ મળીને 13.5 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. લોકો પૂછે છે કે આ કેવી રીતે થયું? માત્ર આવાસ યોજના પર જ નજર કરી લો, 29 વર્ષમાં ઈન્દિરા આવાસ હેઠળ માત્ર 3.25 કરોડ મકાનો જ બાંધવામાં આવ્યા છે, જ્યારે 9 વર્ષથી ઓછા સમયમાં 'પીએમ આવાસ યોજના-ગ્રામીણ' હેઠળ 3 કરોડ મકાનો બન્યા છે. જેમને ગરીબી દેખાતી નથી, તેઓ તેમની સાથે વાત કરે છે જેઓ પહેલાંથી જ છત નીચે સૂતા હતા. આજે ગામડાંઓમાં મનરેગા અંતર્ગત રૂ. 2.15 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઉજ્જવલા દ્વારા રાંધણ ગેસના કનેક્શન આપવામાં આવ્યા છે, જન ધન ખાતાએ ગામડાંના તમામ પરિવારોને બેંક સાથે જોડ્યા. આયુષ્માન ભારત પર જ નજર કરી લો, જો પહેલાંના સમયમાં ગરીબ ઘરમાં કોઈ બીમાર પડે તો તેને પોતાનાં ઘરેણાં અને ખેતર વેચવા પડતા હતા, અન્યથા પીડા ભોગવવી પડતી હતી. હવે પ્રથમ વખત રૂ. 5 લાખનો વીમો આપવામાં આવ્યો છે. ગરીબોના જીવનમાં પરિવર્તન લાવવાના તમામ ઉપાયો કરવામાં આવ્યા છે.

- પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અંત્યોદયના સિદ્ધાંતને કેવી રીતે સાકાર કરવામાં આવી રહ્યો છે?

- અંત્યોદય - આ ગરીબ કલ્યાણ યોજના શું છે. આજે દેશમાં 80 કરોડ લોકોને અનાજ આપવામાં આવી રહ્યું છે. સુખી-સંપન્ન લોકો તેનો અનુભવ થઈ શકતો નથી. કોવિડ સમયગાળા પર જ નજર કરશો તો, કેવી રીતે ગામડાંઓ સૌથી મોટો આધાર બન્યા હતા. પ્રધાનમંત્રીએ પોતે કહ્યું હતું કે, કોવિડ સમયગાળા દરમિયાન ગામડાંઓએ બતાવેલી તાકાતથી કોરોના સામેની લડાઈ જીતવામાં મદદ મળી છે. જો રસી 1200 કે 12 હજારમાં મળતી હોત તો સક્ષમ લોકોએ લઈ લીધી હોત. પરંતુ શું ગરીબો તે લઈ શક્યા હોત? શું આજ સુધી એવો કોઈ રેકોર્ડ છે કે, 22-25 વર્ષ પહેલાં રસી પહોંચી હોય? એક કહેવત છે - જ્યાં સુધી આપવીતી ન થાય ત્યાં સુધી બીજાની પીડા ન સમજાય. કેટલાક લોકો તો કલાવતીના ઘરે જઈને ગરીબીને સમજે અને શીખે છે. કલાવતીના ઘરેથી શીખીને કોઈ ગરીબી નાબૂદીની યોજના ન બનાવી શકે. પ્રધાનમંત્રી મોદીએ પોતે ગરીબી જોઈ છે, ગરીબીમાં જીવ્યા છે. તેથી જ ગરીબો માટે યોગ્ય યોજના એ જ બનાવી શકે જેણે ગરીબી જોઈ હોય, જેઓ ગરીબીમાં જીવ્યા હોય.●

Q&A

## સશક્ત ગ્રામીણ ભારત માટે ભાવિ માર્ગને તમે કેવી રીતે જુઓ છો?

જુઓ, પ્રધાનમંત્રી હંમેશા ગરીબો અને ગામડાંઓના કલ્યાણ માટે સમર્પિત રહ્યા છે. તેમની દરેક નીતિ અને યોજનામાં જીવનનો એક અનુભવ હોય છે, તેથી જ તેઓ પોતાને ગામડાંના ગરીબો સાથે જોડે છે. તેઓ માને છે કે, જ્યારે ભારતના ગામડાંઓનો વિકાસ થશે ત્યારે જ ભારતનો વિકાસ થશે. આ દિશામાં છેલ્લાં 9 વર્ષમાં અનુપમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. હવે આવનારા પાંચ વર્ષમાં આપણે ગ્રામીણ ભારતની બદલાતી તસવીરના રસ્તે ચાલવાનું છે, જ્યાં છત વગરનું કોઈ ઘર નહીં મળે.

સ્વ-રોજગારને નવો આયામ મળ્યો છે અને ગ્રામીણ સ્તરે રોજગારની પરિભાષા બદલાઈ છે. ટેક્નોલોજીની પહોંચથી ગામડાંઓને ફાયદો થયો છે અને તે ઈન્ટરનેટનો વપરાશ હોય કે પછી અન્ય યોજનાઓનો લાભ હોય, ગામડાંઓ આગળ જોવા મળી રહ્યાં છે. તેથી જ હું કહી શકું છું કે આપણે બદલાતા ચિત્ર અને બદલાતા માર્ગ સાથે આગળ વધી રહ્યા છીએ.



### આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્ર (પ્રગતિ મેદાન)નું લોકાર્પણ

# ભારતના સામર્થ્ય, દૃઢ ઈચ્છાશક્તિનું પ્રમાણ 'ભારત મંડપમ'

**આજે, બદલાતું ભારત સાફ નીતિ અને સાર્થક પરિવર્તન લાવવા માટે યોગ્ય નીતિ સાથે આગળ વધી રહ્યું છે. જૂના પડકારોનો કાયમી ઉકેલ આપીને ભારતમાં નવનિર્માણની ક્રાંતિ થઈ રહી છે. છેલ્લાં 9 વર્ષમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે લગભગ 34 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. નવા હવાઈમથક, એક્સપ્રેસ-વે, રેલવે લાઈન, પુલ અને નવી હોસ્પિટલો માટે આજે ભારત જે ઝડપે અને વ્યાપકતા પર કામ કરી રહ્યું છે તે અભૂતપૂર્વ છે. આ શ્રેણીમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 26 જુલાઈના રોજ નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્ર 'ભારત મંડપમ' સંકુલનું ઉદ્ઘાટન કર્યું...**

વિકસિત થવા માટે આપણે મોટું વિચારવું જ પડશે. મોટાં લક્ષ્યો હાંસલ કરવા જ પડશે. તેથી, "મોટું વિચારો, મોટું સપનું જુઓ, મોટું કરો" સિદ્ધાંતને અપનાવીને, ભારત આજે ઝડપથી આગળ વધી રહ્યું છે. નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્ર (IECC)ના સંકુલના ઉદ્ઘાટન સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'ભારત મંડપમ' એ ભારતના સામર્થ્ય, ભારતની નવી ઉર્જાનું આહ્વાન છે. 'ભારત મંડપમ' એ ભારતની ભવ્યતા અને ભારતની ઈચ્છાશક્તિનું દર્શન છે. કોરોનાના મુશ્કેલ સમયમાં, જ્યારે દરેક જગ્યાએ કામ બંધ થઈ ગયું હતું, ત્યારે આપણા દેશના શ્રમિકોએ રાત-દિવસ કામ કરીને તેનું નિર્માણ પૂરું કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવા ITPO આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્રમાં પૂજા કરી અને આ કેન્દ્રના નિર્માણમાં સામેલ શ્રમિકોને સન્માનિત કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માને છે કે, કોઈ પણ દેશ કે સમાજ ટુકડે ટુકડે વિચારીને અથવા ટુકડે ટુકડે કામ કરીને આગળ વધી શકતો નથી. 'ભારત મંડપમ' એ વાતનો પણ સાક્ષી છે કે, કેવી રીતે આપણી સરકાર દીર્ઘદૃષ્ટિની વિચારસરણી સાથે સર્વગ્રાહી રીતે કામ કરી રહી છે. ભારત અને વિદેશની મોટી કંપનીઓ અહીં આવી શકે, તેમના માટે 160 થી વધુ દેશોને ઈ-કોન્ફરન્સ વિઝાની સુવિધા આપવામાં આવી રહી છે. એટલે કે, આનું માત્ર નિર્માણ કરવામાં આવ્યું એવું નથી પરંતુ સમગ્ર પુરવઠા સાંકળની વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હીને આધુનિક અને ભવિષ્યવાદી આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-સહ-સંમેલન કેન્દ્ર મળ્યું છે, જે સમગ્ર વિશ્વના લોકોને આકર્ષિત કરીને ભારતમાં સંમેલન પર્યટનને મોટું પ્રોત્સાહન આપશે. કેન્દ્રના આર્થિક અને પ્રવાસન સંબંધિત લાભો પણ અનેક ગણા હશે. આ ભારત અને વિદેશના મોટા પ્રદર્શનકારોને મદદ કરશે અને આપણા સ્ટાર્ટઅપ્સ માટે પ્રદર્શનનું માધ્યમ પણ બનશે.

## કન્વેન્શન સેન્ટરની મુખ્ય લાક્ષણિકતાઓ

- ભારતમાં સંમેલનો માટેનું સૌથી મોટું સ્થળઃ વિશ્વના 10 સૌથી મોટા પ્રદર્શન અને સંમેલનો ક્લસ્ટરોમાંથી (ફ્રેન્કફર્ટ અને શાંઘાઈની જેમ)માંથી એક છે.
- 1.5 લાખ ચો.મી.નો આવરી લેવામાં આવેલો વિશાળ વિસ્તાર.
- 7,000 લોકોની સામૂહિક ક્ષમતા સાથે અદભૂત પ્લેનરીથી સજ્જ બહુલક્ષી હોલ. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં આવેલા ઓપેરા હાઉસ કરતાં વધુ લોકોની બેઠક ક્ષમતા.
- દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે અનુકૂળ ભવન.
- સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો અને કારીગરો માટે વૈશ્વિક પ્લેટફોર્મ.
- ઝડપી 5G ઈન્ટરનેટ અને 10G ઈન્ટ્રાનેટ બેન્ડવિડ્થ સાથેની સુવિધા.
- એક ભારત- શ્રેષ્ઠ ભારતની ભાવના સાથે દેશની શ્રેષ્ઠ કલાકૃતિઓ અને પસંદ કરેલી સામગ્રીઓ સાથે સમાવિષ્ટ.
- 5,500 થી વધુ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા.
- 7 નવા અને શ્રેષ્ઠ પ્રદર્શન હોલ અને 3 ભવ્ય ઓપન એરિયા થિયેટર (એમ્ફીથિયેટર).
- ઉત્તમ રોડ કનેક્ટિવિટી અને ફાઈવ સ્ટાર હોટલની નજીકમાં છે.
- 24x7 દેખરેખ માટે એકીકૃત કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ.
- વૈભવી, સુરક્ષિત, સામાનની અવરજવર, ખાવા-પીવાની અનેક પ્રકારની સુવિધાઓ વગેરે એક જ જગ્યાએ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.



## ભારતમાં નવનિર્માણની ક્રાંતિ

70 વર્ષમાં ભારતમાં માત્ર 20 હજાર કિલોમીટરની રેલવે લાઈનોનું વીજળીકરણ કરવામાં આવ્યું હતું. જ્યારે છેલ્લાં 9 વર્ષમાં ભારતમાં લગભગ 40 હજાર કિલોમીટરની રેલવે લાઈનોનું વીજળીકરણ કરવામાં આવ્યું છે.

| દેશમાં 2014 પહેલાં | હાલમાં |
| --- | --- |
| **600** મીટરની નવી મેટ્રો લાઈન દર મહિને બનતી હતી. | **6000** મીટર નવી મેટ્રો લાઈનનું કામ દર મહિને પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. |
| 4 લાખ કિમીથી ઓછા ગ્રામીણ રસ્તાઓ હતા. | 7.41 લાખ કિલોમીટરથી વધુ. |
| લગભગ 70 એરપોર્ટ હતા. | 150ની આસપાસ છે. |
| સિટી ગેસ વિતરણ વ્યવસ્થા માત્ર 60 શહેરોમાં. | હવે 600થી વધુ શહેરોમાં ઉપલબ્ધ છે. |

## દિલ્હીમાં વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ 'યુગે-યુગીન ભારત' બનશે

પ્રધાનમંત્રી મોદીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ દિલ્હીમાં વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ 'યુગે-યુગીન ભારત' રાષ્ટ્રીય સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય એક્સ્પો 2023માં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોર્થ અને સાઉથ બ્લોકમાં બનાવવામાં આવનાર આ રાષ્ટ્રીય સંગ્રહાલયના વર્ચ્યુઅલ વોકથ્રુનું ઉદ્ઘાટન કર્યું હતું. આ મ્યુઝિયમ ભારતના ભૂતકાળની એવી ઐતિહાસિક ઘટનાઓ, વ્યક્તિત્વો, વિચારો અને સિદ્ધિઓને પ્રકાશિત કરવાનો અને પ્રદર્શિત કરવાનો એક વ્યાપક પ્રયાસ છે જેણે ભારતના વર્તમાનનું નિર્માણ કરવામાં યોગદાન આપ્યું છે.

- દિલ્હીમાં પ્રધાનમંત્રી સંગ્રહાલયમાંથી આજની નવી પેઢીને દેશના તમામ ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓ વિશે જાણવાની તક મળી રહી છે.
- આજે દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, પોલીસ સ્મારક, બાબા સાહેબ આંબેડકર સ્મારક છે. આજે કર્તવ્યપથની આસપાસમાં સરકારની આધુનિક કચેરીઓ માટે ઝડપથી કામ ચાલી રહ્યું છે.
- દિલ્હીમાં વિતેલાં વર્ષોમાં જે બાંધકામો થયા છે તે દેશનું ગૌરવ વધારી રહ્યા છે. દેશની નવી સંસદ જોઈને ભારતીયોનું માથું ગૌરવથી ઊંચુ થઈ રહ્યું છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "આપણે સક્ષમ ભારત, વિકસિત ભારતનું સ્વપ્ન લઈને નીકળ્યા છીએ. આપણે ભારતને તે ઊંચાઈ આપવી છે, આપણે તે સફળતા સુધી પહોંચવાનું છે, જેનું સપનું દરેક સ્વતંત્રતા સેનાનીએ જોયું હતું." 'ભારત મંડપમ' નામ ભગવાન બસવેશ્વરના 'અનુભવ મંડપમ' પરથી મેળવેલી પ્રેરણા છે. અનુભવ મંડપમ એટલે ચર્ચા અને સંવાદની લોકશાહી પદ્ધતિ, અનુભવ મંડપમ એટલે અભિવ્યક્તિ, અભિપ્રાય.●




રાજસ્થાનના વિકાસને કેન્દ્રનો સાથ

# કૃષિ ક્ષેત્રમાં મળી રહી છે નવી સિદ્ધિઓ

# ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગે ખેડૂતો

**આજે ભારત વિકાસની અભૂતપૂર્વ અને અનોખી યાત્રાનું સાક્ષી છે. છેલ્લાં 9 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની ટોચની 5 અર્થવ્યવસ્થાઓમાં સ્થાન પામ્યું છે. ખેડૂતોની મહેનતના કારણે આ વિકાસ યાત્રામાં કૃષિ ક્ષેત્ર પણ સહયોગ આપી રહ્યું છે. ભારત સરકાર હંમેશા ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત રહી છે. આ શ્રેણીમાં, 27 જુલાઈના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના સીકરથી કિસાન સન્માન નિધિનો 14મો હપ્તો રિલીઝ કરવાની સાથે જ રાજસ્થાનમાં 12 મેડિકલ કોલેજોના ઉદ્ઘાટન અને શિલાન્યાસ સહિત વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું હતું...**

ભારતનો વિકાસ ત્યારે જ થઈ શકે જ્યારે ભારતના ગામડાંઓનો વિકાસ થાય. ભારત પણ ત્યારે જ વિકસિત બની શકે જ્યારે ભારતના ગામડાંઓનો વિકાસ થાય. આ જ કારણ છે કે ભારત સરકાર દ્વારા માટીના પરીક્ષણ અને સિંચાઈથી લઈને ખાતર સુધી, તેમજ બિયારણ અને વીમાથી લઈને બજાર સુધી અને FPOથી લઈને કિસાન સમૃદ્ધિ કેન્દ્ર સુધીની સંખ્યાબંધ પહેલો શરૂ કરીને આપણા અન્નદાતાને પણ સશક્ત કરી રહી છે. આ શ્રેણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોને ઘણી ભેટ આપી છે. આ દરમિયાન, 1.25 લાખથી વધુ પીએમ કિસાન સમૃદ્ધિ કેન્દ્રો રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા છે. આ સાથે જ, રાજસ્થાનને વિકાસની અનેક ભેટો પણ આપવામાં આવી છે. રાજસ્થાનના સીકરમાં વિવિધ પ્રોજેક્ટના શિલાન્યાસ/ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, “પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો પરથી જ ખેડૂતોને બિયારણ અને ખાતર મળી રહેશે. આ ઉપરાંત આ કેન્દ્રમાં ખેતીને લગતા સાધનો અને અન્ય મશીનો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કેન્દ્રો દ્વારા ખેડૂતોને કૃષિ સંબંધિત દરેક માહિતી આપવામાં આવશે.” ખેતીને લગતી અન્ય સુવિધાઓ જેવી કે ખાતર, જંતુનાશક દવાઓ, મશીનરી, માટી-બિયારણનું પરીક્ષણ, સાધનો અને અન્ય સરકારી યોજનાઓની માહિતી પણ કિસાન સમૃદ્ધિ કેન્દ્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી ખેડૂતોએ દોડધામ ઓછી કરવી પડે અને વધુ સારી રીતે તેઓ ખેતી કરી શકે.

એક સમય હતો જ્યારે દેશની મોટી જનસંખ્યા આરોગ્ય સેવાઓથી વંચિત હતી. એટલે કે, કરોડો લોકો હંમેશા ભાગ્યના ભરોસે પોતાનો જીવ દાવ પર લગાવીને જીવતા હતા. એવું માનવામાં આવતું હતું કે, સારી હોસ્પિટલો તો માત્ર દિલ્હી-જયપુર

## રાજસ્થાનના સીકરમાં વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1.25 લાખ પીએમ કિસાન સમૃદ્ધિ કેન્દ્ર (PMKSK) રાષ્ટ્રને સમર્પિત કર્યાં હતાં. આ સમૃદ્ધિ કેન્દ્રો ખેડૂતોને સમૃદ્ધ અને સશક્ત બનાવવામાં અસરકારક રીતે યોગદાન આપશે, તેથી દેશભરમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે 2.80 લાખ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો સ્થાપના કરવાની યોજના છે.
- પ્રધાનમંત્રી મોદીએ યુરિયા ગોલ્ડ લોન્ચ કર્યું હતું. તે સલ્ફરથી કોટિંગ કરેલું નવા પ્રકારનું યુરિયા છે. સલ્ફર કોટેડ યુરિયા જમીનમાં સલ્ફરની ઉણપની સમસ્યાને શરૂઆતના તબક્કેથી જ ઉકેલી દેશે.
- આ આવિષ્કારી ખાતર નીમ-કોટેડ યુરિયા કરતાં વધુ સસ્તું અને અસરકારક છે, છોડમાં નાઈટ્રોજનના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો કરે છે, ખાતરનો વપરાશ ઘટાડે છે અને પાકની ગુણવત્તામાં વધારો કરે છે.
- પ્રધાનમંત્રી મોદીએ ઓપન નેટવર્ક ઓફ ડિજિટલ કોમર્સ (ONDC) પર 1600 ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)ને સામેલ કરવાનો પ્રારંભ કર્યો હતો.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) હેઠળ 14મો હપ્તો રિલીઝ કરવામાં આવ્યો. આ હપ્તાના 17,000 કરોડ રૂપિયા આપ્યા પછી અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ખેડૂતોને 2.60 લાખ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રીએ ચિત્તોડગઢ, ધોલપુર, સિરોહી, સીકર અને શ્રીગંગાનગરમાં પાંચ નવી મેડિકલ કોલેજોનું ઉદ્ઘાટન કર્યું હતું. બારાં, બુંદી, કરૌલી, ઝુંઝુનુ, સવાઈ માધોપુર, જેસલમેર અને ટોંકમાં સાત મેડિકલ કોલેજોનો શિલાન્યાસ પણ કર્યો હતો.




- ઉદ્ઘાટન કરવામાં આવેલી પાંચ મેડિકલ કોલેજો રૂ. 1,400 કરોડ કરતાં વધુના ખર્ચે વિકસાવવામાં આવી છે, જ્યારે સાત મેડિકલ કોલેજો કે જેના માટે શિલાન્યાસ કરવામાં આવ્યો હતો તેના નિર્માણ માટે રૂ. 2,275 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- આ 12 નવી મેડિકલ કોલેજોની સ્થાપના થવાથી, રાજ્યમાં MBBSની બેઠકોની સંખ્યા 2013-14માં 1,750 હતી તે વધીને હવે 6,275 થઈ જશે. આ રીતે બેઠકોની સંખ્યામાં 258 ટકાનો વધારો થશે.
- 2014 સુધીમાં, રાજસ્થાન રાજ્યમાં માત્ર 10 મેડિકલ કોલેજો હતી. કેન્દ્ર સરકારના પ્રયાસોથી રાજ્યમાં મેડિકલ કોલેજોની સંખ્યા વધીને 35 થઈ છે, જે 250 ટકાનો વધારો દર્શાવે છે.
- ઉદયપુર, બાંસવાડા, પ્રતાપગઢ અને ડુંગરપુર જિલ્લામાં આવેલી છ એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી મોદીએ જોધપુરની કેન્દ્રીય વિદ્યાલય તિંવરીનું પણ ઉદ્ઘાટન કર્યું.

અથવા મોટા શહેરોમાં જ હોય છે. હવે આ સ્થિતિ બદલાઈ રહી છે. આજે દેશના દરેક ભાગમાં નવી એઈમ્સ ખુલી રહી છે, નવી મેડિકલ કોલેજો ખુલી રહી છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આજે દેશમાં મેડિકલ કોલેજોની સંખ્યાનો આંકડો 700 કરતાં પણ વધુ થઈ ગયો છે. 8-9 વર્ષ પહેલાં રાજસ્થાનમાં માત્ર 10 મેડિકલ કોલેજો હતી. આજે રાજસ્થાનમાં મેડિકલ કોલેજોની સંખ્યા વધીને 35 થઈ ગઈ છે. જેના કારણે આપણા જીલ્લામાં અને તેની આસપાસમાં સારી સારવારની સુવિધા આપવામાં આવી રહી છે, તેમાંથી અભ્યાસ કરીને મોટી સંખ્યામાં ડૉક્ટરો પણ બહાર આવી રહ્યા છે." રાજસ્થાનમાં જે નવી મેડિકલ કોલેજો મળી રહી છે તેમાંથી બારાં, બુંદી, ટોંક, સવાઈ માધોપુર, કરૌલી, ઝુંઝુનુ, જેસલમેર, ધોલપુર, ચિત્તોડગઢ, સિરોહી અને સીકર સહિતના ઘણા વિસ્તારોને તેનો લાભ મળશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી મોદીએ રાજસ્થાનમાં છ એકલવ્ય મોડલ નિવાસી શાળાઓનું પણ ઉદ્ઘાટન કર્યું હતું જેનાથી અહીં રહેતા આદિવાસી લોકોને ઘણો ફાયદો થશે. ●

> રાજસ્થાન તો દેશનું એવું રાજ્ય છે જેની ભવ્યતાએ સદીઓથી વિશ્વને અચંબિત કર્યું છે. આપણે એ વારસાનું જતન કરીને આધુનિક વિકાસની ઊંચાઈએ લઈ જવાનું છે. છેલ્લા કેટલાક મહિનામાં રાજસ્થાનને બે આધુનિક એક્સપ્રેસ-વે મળ્યા છે, જે વિકાસની નવી ગાથા લખી રહ્યા છે. વંદે ભારત ટ્રેન મળી છે. હવે રાજસ્થાન 'પધાર મ્હારો દેશ' કહીને પ્રવાસીઓને આમંત્રણ આપશે તો એક્સપ્રેસ-વે અને સારી રેલવે સુવિધા તેમનું સ્વાગત કરશે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




પોર્ટ બ્લેર ખાતે નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન

# નાના શહેરોથી લઈને ટાપુ સમૂહો સુધી પહોંચી રહી છે વિકાસની ગતિ

*આંદામાન અને નિકોબાર એ બંગાળની ખાડીમાં આવેલો એક ટાપુ સમૂહ છે જે તેની સફેદ રેતી અને ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો માટે પ્રખ્યાત છે. આ ટાપુ તેની પ્રાકૃતિક સૌંદર્ય અને રોમાંચક પ્રવાસ માટે પણ જાણીતો છે. મોટી સંખ્યામાં લોકો ત્યાં જવા માંગે છે પરંતુ અહીં મર્યાદિત કનેક્ટિવિટીને કારણે ગંતવ્ય બદલી નાખે છે. છેલ્લાં નવ વર્ષમાં કેન્દ્ર સરકારે દ્વીપ સમૂહોના વિકાસ પર ઝડપથી કામ કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 18 જુલાઈના રોજ પોર્ટ બ્લેર ખાતે વિકાસ અને કનેક્ટિવિટીની એ જ ગતિમાં વધારો કરતા રૂ. 710 કરોડના ખર્ચે બાંધવામાં આવેલા વીર સાવરકર ઈન્ટરનેશનલ એરપોર્ટના નવા એકીકૃત ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું...*

અગાઉની સરકારની વિચારસરણી અને કામ કરવાની ધીમી ગતિને કારણે દેશમાં વિકાસનો વ્યાપ લાંબા સમય સુધી મોટા શહેરો પૂરતો સીમિત રહ્યો. આનું પરિણામ એ આવ્યું કે, નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોના લોકો પોતાની પ્રગતિ મોટા શહેરોમાં જ જોવા લાગ્યા. કેન્દ્રમાં સરકાર બદલાવાની સાથે જ કામ કરવાની રીત અને વિચારસરણીમાં પણ પરિવર્તન આવ્યું. છેલ્લાં નવ વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના નાના-મોટા શહેરો તેમજ દ્વીપ સમૂહોના વિકાસ માટે નવી ગાથા લખવામાં આવી રહી છે. ટાપુ સમૂહમાં વિકાસની ગતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, અગાઉની સરકારના નવ વર્ષમાં આંદામાન અને નિકોબારને રૂ. 23,000 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જ્યારે વર્તમાન સરકારે છેલ્લાં નવ વર્ષમાં 48,000 કરોડનું બજેટ ફાળવ્યું છે.

વર્તમાન સમયમાં આંદામાન અને નિકોબારમાં દરેક વ્યક્તિ બેંકમાં

# પોર્ટ બ્લેર એરપોર્ટની વિશેષતા





**710**

કરોડ રૂપિયાના ખર્ચે નવું એકીકૃત ટર્મિનલ ભવન તૈયાર કરવામાં આવ્યું છે.

**40,800**

ચોરસ મીટર બાંધકામ કરેલો વિસ્તાર નવા ટર્મિનલમાં છે.

**50**

લાખ મુસાફરોનું દર વર્ષે સંચાલન કરવાની ક્ષમતા છે.

**80**

કરોડ રૂપિયાના ખર્ચે પોર્ટ બ્લેર એરપોર્ટ પર બે બોઈંગ 767-400 અને બે એરબસ-321 પ્રકારના વિમાનો માટે એક એપ્રનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- એરપોર્ટ ટર્મિનલની આર્કિટેક્ચરલ ડિઝાઈન સમુદ્ર અને ટાપુઓનું ચિત્રણ કરતી શંખની રચના જેવી ડિઝાઈન કરવામાં આવી છે.
- એરપોર્ટ ટર્મિનલ ભવનમાં ગરમી ઓછી થાય તે માટે ડબલ ઈન્સ્યુલેટેડ રૂફિંગ સિસ્ટમનું નિર્માણ કર્યું છે.
- લેન્ડસ્કેપિંગ માટે 100 ટકા ટ્રીટેડ ગંદાપાણીનો ફરી ઉપયોગ કરવા માટે ઓન-સાઈટ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ કર્યું છે.
- પર્યાવરણ પર ઓછામાં ઓછી નકારાત્મક અસર પડે તેવું સુનિશ્ચિત કરવા માટે ભૂગર્ભ પાણીની ટાંકીમાં વરસાદી પાણીનો સંગ્રહ.



**હવે ભારતમાં વિકાસનું નવું મોડલ વિકસિત થયું છે. આ મોડલ સૌને સાથે રાખીને ચાલવાનું સમાવેશીતાનું મોડલ છે. આ મોડલ સબકા સાથ, સબકા વિકાસનું છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પોતાનું ખાતું ધરાવે છે. એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડની સુવિધા છે. કેન્દ્રમાં આરૂઢ વર્તમાન સરકારે જ આંદામાન-નિકોબારની રાજધાની પોર્ટ બ્લેરમાં મેડિકલ કોલેજની પણ સ્થાપના કરી છે. એટલું જ નહીં, આવા ટાપુઓ પર ઈન્ટરનેટ સંપૂર્ણ રીતે ઉપગ્રહો પર નિર્ભર છે, પરંતુ વર્તમાન સરકારની આધુનિક વિચારસરણીના પરિણામે દરિયાની અંદર સેંકડો કિલોમીટર ઓપ્ટિકલ ફાઈબર નાખવાની પહેલ કરવામાં આવી છે. મોબાઈલ કનેક્ટિવિટી, સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એરપોર્ટની સુવિધાઓ અને માર્ગ કનેક્ટિવિટી પ્રવાસીઓના આગમનને પ્રોત્સાહન આપે છે. આ જ કારણ છે કે, વર્ષ 2014ની સરખામણીમાં પર્યટકોની સંખ્યા બમણી થઈ ગઈ છે. સુવિધાઓમાં વધારો કર્યા પછી, દેશના અલગ અલગ ભાગોમાંથી અહીં સ્નૉર્કલિંગ, સ્કુબા ડાઈવિંગ, સી-ક્રુઝ જેવા સાહસો માટે આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે.

વીર સાવરકર આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નવા સંકલિત ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી મોદી દ્વારા કરવામાં આવ્યું છે જે વાર્ષિક લગભગ 50 લાખ મુસાફરોનું સંચાલન કરવામાં સક્ષમ છે. આંદામાન જવા માંગતા હોય તેવા લોકો લાંબા સમયથી અહીંના એરપોર્ટ પર પેસેન્જર ક્ષમતા વધારવાની માંગ કરી રહ્યા હતા. અત્યાર સુધી, હાલના ટર્મિનલની ક્ષમતા 4,000 પર્યટકોનું સંચાલન કરવાની હતી અને નવા ટર્મિનલથી આ સંખ્યા વધીને 11,000 થઈ ગઈ છે. એટલું જ નહીં, એરપોર્ટના વિસ્તરણ બાદ અહીં ગમે ત્યારે 10 વિમાન પાર્ક કરી શકાશે. ફ્લાઈટની સંખ્યામાં વધારો થવાથી અહીં પર્યટન અને ઉડ્ડયન ક્ષેત્રમાં નોકરીઓની તકોમાં વધારો થશે અને વ્યવસાય કરવામાં સરળતા રહેશે.

પ્રધાનમંત્રી મોદીએ આ અવસર પર કહ્યું હતું કે, દેશના આદિવાસી અને ટાપુ વિસ્તારો લાંબા સમયથી વિકાસથી વંચિત હતા, પરંતુ છેલ્લાં નવ વર્ષમાં કેન્દ્રની વર્તમાન સરકારે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે અગાઉની સરકારો દ્વારા કરવામાં આવેલી ભૂલોને સુધારવાની સાથે સાથે, એક નવી વ્યવસ્થાનું પણ નિર્માણ કર્યું છે. ભારતમાં સમાવેશી વિકાસનું એક નવું મોડલ ઉભરી આવ્યું છે. વર્તમાન સરકારે જ રોસ આઈલેન્ડનું નામ બદલીને નેતાજી સુભાષ દ્વીપ, હેવલોક અને નીલ આઈલેન્ડનું નામ બદલીને સ્વરાજ અને શહીદ દ્વીપ રાખ્યું છે. આ સાથે જ, 21 ટાપુઓના નામ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના નામ પર રાખવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદીનું માનવું છે કે, આંદામાન-નિકોબાર ટાપુઓનો વિકાસ હવે દેશના યુવાનો માટે પ્રેરણાનો સ્રોત બની ગયો છે. ●




# યુવા શક્તિના સપનાંને નવી ઊડાન મળી રહી છે

*ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે અને તેની યુવા શક્તિની મહેનત અને સાહસના બળ પર આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રની આ યુવા શક્તિનાં સપનાંઓને ઉડાન આપવામાં જોડાયેલી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર યુવાશક્તિના વિચાર અને અભિગમને નવી ઓળખ આપી રહી છે. છેલ્લાં 9 વર્ષમાં કેન્દ્ર સરકારે માત્ર રોજગારીની તકો જ ઉભી કરી નથી, પરંતુ યુવાનોને સમયબદ્ધ રીતે રોજગારી મળી રહે, તે માટે રોજગાર મેળાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. 22 જુલાઈના રોજ આયોજિત 7મા રાષ્ટ્રીય રોજગાર મેળામાં 70,000 થી વધુ નિયુક્તિ પત્રો નવા ભરતી કરવામાં આવેલા ઉમેદવારોને વિતરિત કરવામાં આવ્યા હતા...*

રોજગાર મેળા દ્વારા નિયુક્તિ પત્ર મેળવનારી મુક્તા અગ્રવાલ કહે છે, “મને નિયુક્તિ પત્ર મળી ગયો છે. મારી પસંદગી SSC દ્વારા ઈન્સ્પેક્ટરના હોદ્દા માટે કરવામાં આવી છે. આ તક આપવા બદલ હું ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું.” અને નિયુક્તિ પત્ર મેળવનાર અર્જૂનને આવકવેરા ઈન્સ્પેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તમિલનાડુના કોઈમ્બતુરમાં આયોજિત રોજગાર મેળામાં તેમને નિયુક્તિ પત્ર આપવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ પ્રસંગે હું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માનું છું. ભારત સરકાર લાખો નવી નોકરીઓનું સર્જન કરી રહી છે અને રોજગાર મેળા હેઠળ નિયુક્તિ પત્રોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. 10 લાખ નોકરીઓ આપવાના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે, યુવાનોને સમગ્ર દેશમાં વિવિધ સ્થળોએ નિયુક્તિ પત્રો આપવામાં આવી રહ્યા છે.



## નવનિયુક્ત કર્મચારીઓ વિવિધ ક્ષેત્રોમાં ફરજ બજાવશે

સમગ્ર દેશમાં પસંદ કરવામાં આવેલા નવા કર્મચારીઓને મહેસૂલ વિભાગ, નાણાકીય સેવાઓ વિભાગ, પોસ્ટ વિભાગ, શાળા શિક્ષણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, સંરક્ષણ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો, જળ સંસાધન વિભાગમાં, કાર્મિક અને તાલીમ વિભાગ તેમજ ગૃહ મંત્રાલય સહિત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં નિયુક્ત કરવામાં આવશે.

**અત્યાર સુધીમાં લગભગ 5 લાખ યુવાનોને નોકરી મળી છે**

| રોજગાર મેળો | આયોજનની તારીખ | નિયુક્તિ પત્રો આપ્યા |
|---|---|---|
| પહેલો | 22 ઓક્ટોબર 2022 | 75 હજારથી વધારે |
| બીજો | 22 નવેમ્બર 2022 | 71 હજારથી વધારે |
| ત્રીજો | 20 જાન્યુઆરી 2023 | 71 હજારથી વધારે |
| ચોથો | 13 એપ્રિલ 2023 | 71 હજારથી વધારે |
| પાંચમો | 16 મે 2023 | 70 હજારથી વધારે |
| છઠ્ઠો | 13 જૂન 2023 | 70 હજારથી વધારે |
| સાતમો | 22 જુલાઈ 2023 | 70 હજારથી વધારે |

## 9 વર્ષમાં યુવાનોને 9 લાખ સરકારી નોકરીઓ આપી



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે 2014થી 2023 સુધીના 9 વર્ષમાં 9 લાખ સરકારી નોકરીઓ આપી છે, જ્યારે 2004થી 2013ના સમયગાળામાં 6 લાખ સરકારી નોકરીઓ આપવામાં આવી હતી.

- કેન્દ્રીય જાહેર સેવા પંચે 2004-13 દરમિયાન 45,431 નોકરીઓ આપી હતી જ્યારે 2014-23 દરમિયાન 50,906 ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે.
- સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) દ્વારા 2004-2014 દરમિયાન 2,07,563 ભરતીઓ કરવામાં આવી હતી જ્યારે છેલ્લાં 9 વર્ષમાં 4,00,691 ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. આથી ભરતીમાં 58% વધારો થયો છે.
- પ્રાદેશિક ભરતી બોર્ડ દ્વારા 2004 થી 2013ના સમયગાળામાં 3,47,251 ભરતીઓ કરવામાં આવી હતી જ્યારે 2014-2023 દરમિયાન 4,30,592 યુવાનોને સરકારી નોકરી આપવામાં આવી છે.

રોજગાર મેળા હેઠળ વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં લગભગ 70,000 નવા ભરતી કરવામાં આવેલા ઉમેદવારોને નિયુક્તિ પત્રોના વિતરણ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "જે લોકો આજે નિયુક્તિ પત્રો મેળવી રહ્યા છે, તેમના માટે આ એક યાદગાર પ્રસંગ છે અને દેશ માટે ખૂબ જ ઐતિહાસિક દિવસ છે. 1947માં, આજના દિવસે જ એટલે કે 22 જુલાઈના રોજ, બંધારણ સભા દ્વારા તિરંગાને તેના વર્તમાન સ્વરૂપમાં સ્વીકારવામાં આવ્યો હતો." છેલ્લાં 9 વર્ષોમાં, મોદી સરકારે માત્ર યુવા શક્તિ માટે રોજગારીની તકો ઊભી કરી નથી, પરંતુ સ્વ-રોજગાર અને ઉદ્યોગસાહસિકતાને મજબૂત કરવા માટે અર્થતંત્રના ટેકનિકલ માર્ગદર્શન અને આવિષ્કારને પણ પ્રોત્સાહન આપ્યું છે. યુવાનોના સશક્તિકરણ માટેના આ પ્રયાસોમાં રોજગાર મેળો પણ મહત્વની કડી છે.

એક તરફ વિશેષ ઑનલાઈન વ્યવસ્થાતંત્ર દ્વારા પસંદગી પ્રક્રિયા પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, તો બીજી તરફ કર્મયોગી પ્રારંભ મોડ્યુલ હેઠળ નવા ભરતી કરવામાં આવેલા યુવાનોને ઑનલાઈન તાલીમ પણ આપવામાં આવી રહી છે. આ અભિયાન દ્વારા મહિલાઓ, દિવ્યાંગ લોકો અને મહત્વાકાંક્ષી જિલ્લાના ઉમેદવારોને વિશેષ લાભ મળી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીના સંબોધન દરમિયાન દેશભરના 44 સ્થળ આ મેળા સાથે જોડાયેલા હતા. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "આઝાદીના આ અમૃતકાળમાં તમામ દેશવાસીઓએ આગામી 25 વર્ષમાં ભારતને વિકસિત બનાવવાનો સંકલ્પ લીધો છે. આ 25 વર્ષ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે વિશ્વમાં ભારત માટે જે આકર્ષણ અને વિશ્વાસ પેદા થયો છે તેનો આપણે પૂરેપૂરો લાભ ઉઠાવવાનો છે."

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવનિયુક્ત કર્મચારીઓને સૂચન આપ્યું હતું કે, દેશના લોકોની સેવા કરવી અને જીવનની સરળતા વધારવા માટે તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવું એ તેમની પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, "તમે જે પણ વિભાગમાં નિયુક્ત થયા છો, જ્યાં પણ નિયુક્ત થયા છો, ત્યાં હંમેશા ધ્યાનમાં રાખો કે તમારા કાર્યોથી સામાન્ય લોકોની મુશ્કેલીઓમાં ઘટાડો થાય, ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય અને વિકસિત ભારતનું સપનું પણ સાકાર થાય." ●

# સૌરાષ્ટ્રના વિકાસનું એન્જિન બની રહ્યું છે 'રાજકોટ'

*દેશ ઝડપી ગતિએ વિકાસ કરી રહ્યો છે. આના માટે કેન્દ્ર સરકાર દેશની જરૂરિયાતો અનુસાર જ નહીં પરંતુ વિશ્વની જરૂરિયાતો અનુસાર યોજનાઓ ઘડીને દરેક ક્ષેત્રમાં કામ કરી રહી છે. હવે મેટ્રોપોલિટન શહેરો ઉપરાંત અન્ય શહેરોમાંથી પણ વિશ્વના વિવિધ દેશોમાં સીધી હવાઈ મુસાફરીની સુવિધા શક્ય બની રહી છે. દુનિયા સાથે મળીને, વાઈબ્રન્ટ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના નિર્માણમાં પણ ભારત પૂરેપૂરી તાકાત લગાવી રહ્યું છે. આ શ્રેણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેમિકોન ઈન્ડિયા 2023નું ઉદ્ઘાટન કર્યું અને રાજકોટમાં આંતરરાષ્ટ્રીય હવાઈમથક અને અન્ય વિકાસલક્ષી પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું*



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 27 જુલાઈના રોજ ગુજરાતના રાજકોટમાં આંતરરાષ્ટ્રીય હવાઈમથક અને રૂ. 860 કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલી અન્ય વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. હવે અહીંથી વિશ્વના અનેક શહેરોમાં સીધી ફ્લાઈટની સુવિધા પણ શક્ય બનશે. આ હવાઈમથકના ઉદ્ઘાટનથી માત્ર મુસાફરી જ સરળ નથી બની, પરંતુ આ સમગ્ર વિસ્તારના ઉદ્યોગોને પણ ઘણો ફાયદો થશે. હવે રાજકોટની ઓળખ સૌરાષ્ટ્રના વિકાસના એન્જિન તરીકે થઈ રહી છે. આ શહેરમાં ઉદ્યોગ, વેપાર, સંસ્કૃતિ, ખાણી-પીણી બધું જ છે. અહીંના ખેડૂતો માટે હવે દેશ-વિદેશ બજારોમાં ફળો અને શાકભાજી પહોંચાડવાનું પણ સરળ થઈ જશે. આ હવાઈમથક શરૂ થવાથી રાજકોટને નવી ઉડાન આપનારું એક પાવરહાઉસ મળ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, હવે એ દિવસ

> અમે ગુડ ગવર્નન્સની, સુશાસનની ગેરંટી આપીને આવ્યા હતા. આજે અમે ગેરંટી પૂરી કરી બતાવી છે. ગરીબ હોય, દલિત હોય, પછાત હોય, આદિવાસી હોય, દરેકનું જીવન બહેતર બનાવવા માટે સતત કામ કરવામાં આવે છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી.**

## સ્માર્ટ ટેકનોલોજીના મોટા વિઝન પર ભારત આગળ વધી રહ્યું છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં સેમિકોન ઈન્ડિયા કોન્ફરન્સ 2023નું ઉદ્ઘાટન કર્યું હતું જેમાં ઉદ્યોગજગતના નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ, નવી નવી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સે ભાગ લીધો હતો. અહીં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, સેમિકોન ઈન્ડિયા કોન્ફરન્સ સોફ્ટવેરને અપડેટ કરવા જેવું છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, પહેલાં એવી ચર્ચા થતી હતી કે ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં શા માટે રોકાણ કરવું જોઈએ, જ્યારે હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે શા માટે રોકાણ ન કરવું જોઈએ. સેમિકન્ડક્ટર એ માત્ર દેશની જ જરૂરિયાત નથી પરંતુ વિશ્વને પણ આજે એક ભરોસાપાત્ર ચિપ પુરવઠા સાંકળની જરૂર છે. આ ક્ષેત્રમાં ભારતથી વધુ સારો અને ભરોસાપાત્ર ભાગીદાર બીજો કોઈ હોઈ શકે નહીં. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, ભારતની ડેમોક્રેસી (લોકશાહી), ડેમોગ્રાફી (વસ્તી), અહીંથી મળતું ડિવિડન્ડ (લાભાંશ) તમારા વ્યવસાયને પણ બમણો- ત્રણ ગણો કરી દેશે.

ભારતનું ડિજિટલ અને ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર ઝડપી ગતિએ વધી રહ્યું છે. આજે વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો અનેકગણો વધી ગયો છે. 2014માં ભારતનું ઈલેક્ટ્રોનિક્સનું ઉત્પાદન 30 બિલિયન ડૉલરથી ઓછું હતું, જે આજે વધીને 100 બિલિયન ડૉલરથી વધુ થઈ ગયું છે. ભારતમાંથી ઈલેક્ટ્રોનિક્સની નિકાસ પણ માત્ર બે વર્ષમાં બમણી થઈ ગઈ છે. ભારતમાં બનતા મોબાઈલ ફોનની નિકાસ પણ હવે બમણી થઈ ગઈ છે. 2014 પહેલાં ભારતમાં 25 કરોડ ઈન્ટરનેટ કનેક્શન હતા જ્યારે હવે તેની સંખ્યા વધીને 85 કરોડ કરતાં વધુ થઈ ગઈ છે.



## રાજકોટ હવાઈમથકથી ઉદ્યોગ અને વેપારને વેગ મળશે

- 2,500 એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું ગ્રીનફિલ્ડ એરપોર્ટ છે.
- રૂ. 1,400 કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે.
- હવાઈમથકના ટર્મિનલની ડિઝાઈન રાજકોટની સાંસ્કૃતિક જીવંતતાથી પ્રેરિત છે.
- હવાઈમથકથી ઓટોમોબાઈલ ઉદ્યોગ, વેપાર, પ્રવાસન, શિક્ષણ અને ઔદ્યોગિક ક્ષેત્રને ફાયદો થશે.

દૂર નથી કે જ્યારે ગુજરાતમાં વિમાન પણ બનાવવામાં આવશે, ગુજરાત આ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

છેલ્લાં નવ વર્ષમાં હાલની સરકારે આવાગમનમાં થઈ રહેલી સમસ્યા દૂર કરવા માટે શક્ય હોય તેવા તમામ પ્રયાસો કર્યા છે. એક એવો સમય હતો જ્યારે 2014માં માત્ર ચાર શહેરોમાં મેટ્રોનું નેટવર્ક હતું, આજે દેશના 20થી વધુ શહેરોમાં મેટ્રોનું નેટવર્ક પહોંચી ગયું છે. દેશમાં 25 રૂટ પર વંદે ભારત ટ્રેન દોડી રહી છે. 2014માં, દેશમાં લગભગ 70 હવાઈમથકો હતા, જ્યારે હવે તેમની સંખ્યા વધીને બમણી થઈ ગઈ છે. પ્રધાનમંત્રી મોદી કહે છે કે, મધ્યમ વર્ગના લોકો પાસે પોતાનું ઘર હોવું જોઈએ, આ દિશામાં પહેલાં ધ્યાન આપવામાં આવતું ન હતું. વર્તમાન સરકારે પીએમ આવાસ યોજના હેઠળ મધ્યમ વર્ગના પરિવારોને મકાન બનાવવા માટે વિશેષ સબસિડી આપવાની શરૂઆત કરી છે. આ અંતર્ગત 18 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને સહાય આપવામાં આવી છે. 6 લાખથી વધુ મધ્યમ વર્ગીય પરિવારોએ તેનો લાભ લીધો છે. કેન્દ્રમાં અગાઉની સરકાર હતી ત્યારે ઘરના નામે છેતરપિંડી થતી હોવાનું વારંવાર જોવા મળતું હતું. કેટલાય વર્ષો સુધી મકાનનો કબજો આપવામાં આવતો ન હતો. કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ હતું જ નહીં. વર્તમાન કેન્દ્ર સરકારે રેરા કાયદો બનાવીને લોકોને તેમના નાણાં લૂંટાતા બચાવ્યા છે.

પ્રધાનમંત્રી મોદીએ સૌની યોજના હેઠળ અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ સૌરાષ્ટ્રના ડઝન જેટલા ગામડાંઓને પીવાનું પાણી અને ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરું પાડશે. સૌની યોજના સૌરાષ્ટ્ર વિસ્તારમાં સિંચાઈની સુવિધાને વધુ મજબૂત કરવા સાથે પીવાના પાણીના પુરવઠામાં મદદ કરશે. દ્વારકા RWSના અપગ્રેડેશનથી ગામડાંઓને પાઈપલાઈન દ્વારા પૂરતી માત્રામાં અને પીવાલાયક પાણી આપવામાં મદદ મળશે. આ ઉપરાંત ઉપરકોટ કિલ્લાના સંરક્ષણ, પુનરુદ્ધાર અને વિકાસ સાથે સંકળાયેલા ફેઝ એક અને બે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફ્લાયઓવર બ્રિજ અને અન્ય યોજનાઓથી વિકાસને વેગ મળશે.●



**પ્રાથમિકતાઓ પર સહમતિ થઈ રહી છે, નેતાઓના શિખર સંમેલનની તૈયારીઓ**

# G-20: દુનિયાને થઈ રહ્યો છે 'ભારતીયતા'નો સાક્ષાત્કાર

*ભારતની G-20ની અધ્યક્ષતા હેઠળ અત્યાર સુધીમાં 50થી વધુ શહેરોમાં 180 બેઠકો યોજાઈ છે. બેઠકો માટે ઘણા શહેરોમાં નવી સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જૂની સુવિધાઓનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. તેનાથી દેશ અને લોકોને ફાયદો થયો છે. ભારતની અધ્યક્ષતાની પ્રાથમિકતાઓ પર સર્વસંમતિ સાધવામાં આવી રહી છે અને 9-10 સપ્ટેમ્બરના રોજ યોજાનારા નેતાઓના શિખર સંમેલન માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે...*

ભારતની અધ્યક્ષતા હેઠળ G-20ના નેતાઓના શિખર સંમેલનની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ શ્રેણીબદ્ધ બેઠકોથી ભારતની સિદ્ધિઓ, ક્ષમતાઓ, વિવિધતા, જ્ઞાન, સંસ્કૃતિ અને સામર્થ્યોનો દુનિયાને પરિચય થઈ રહ્યો છે. ભારતની અધ્યક્ષતામાં, 50થી વધુ સ્થળોએ 180 બેઠકો યોજવામાં આવી છે અને 9-10 સપ્ટેમ્બરના રોજ G-20 નેતાઓના શિખર સંમેલનના આયોજન પહેલાં ઘણી મંત્રી સ્તરની બેઠકો થવાની બાકી છે. જુલાઈના બીજા પખવાડિયામાં આયોજિત G-20 ઊર્જા મંત્રીઓ, શ્રમ અને રોજગાર મંત્રીઓ, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રીઓની બેઠકને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે સંબોધિત કરી હતી. જ્યાં પ્રધાનમંત્રી મોદીએ વૈશ્વિક નેતાઓ સાથે ભારતના ટેકનોલોજીકલ કૌશલ્ય, પર્યાવરણ માટેની જીવનશૈલી, યોગ, UPI, આપદા જોખમ અને સૌર ઉર્જા ગઠબંધનની સાથે સાથે એક પૃથ્વી, એક પરિવારના મંત્રને આગળ વધારવા માટે અને વૈશ્વિક કલ્યાણ માટે એકજૂથ થઈને કામ કરવા માટે આહ્વાન કર્યું હતું.

નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠકની સાથે સાથે, ભારતના નાણાં મંત્રી નિર્મલા સીતારમણ અને ઈન્ડોનેશિયાના નાણાં મંત્રી મુલયાની ઈન્દ્રાવતીએ પણ 'ભારત-ઈન્ડોનેશિયા આર્થિક અને નાણાકીય સંવાદ' શરૂ કરવાની જાહેરાત કરી હતી. ભારતની 'એક્ટ ઈસ્ટ નીતિ'ના વિકાસથી ઈન્ડોનેશિયા સાથે વ્યાપારી અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઝડપી વિકાસની સુવિધા મળી શકી છે. ભારત-ઈન્ડોનેશિયા વેપાર ક્ષેત્રમાં અનેકગણી વૃદ્ધિ થઈ છે અને વર્ષ 2022-23માં 38 અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે. નાણાં મંત્રીઓએ નિષ્કર્ષ કાઢ્યો હતો કે, આ સંવાદ ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને ઘનિષ્ઠ બનાવવાની સાથે સાથે, દક્ષિણપૂર્વ એશિયા અને સમગ્ર વિશ્વની આર્થિક અને નાણાકીય સ્થિરતામાં પણ યોગદાન આપશે.

## ઝડપી વિકાસમાં ડિજિટલ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પરિવર્તનકારી ભૂમિકા

- G-20 નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો (FMCBG)ની ત્રીજી બેઠક 17-18 જુલાઈના રોજ ગાંધીનગરમાં યોજાઈ હતી. FMCBG પહેલાં 14-15 જુલાઈના રોજ G-20 નાણાં અને સેન્ટ્રલ બેંકના ડેપ્યુટીઓની બેઠક યોજાઈ હતી.
- કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણ અને ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંતા દાસ દ્વારા સંયુક્ત રીતે આ બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી હતી. કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ મંત્રીએ આપેલા સ્વાગત પ્રવચનમાં તેમણે મજબૂત, ટકાઉક્ષમ, સંતુલિત અને સર્વસમાવેશી વિકાસ તરફ આગળ વધવામાં G-20ની સામૂહિક જવાબદારીનો પુનરોચ્ચાર કર્યો હતો.
- બેઠકમાં, સભ્યોએ વૈશ્વિક આર્થિક દૃષ્ટિકોણ અને જોખમો અંગે ચર્ચા કરી હતી તેમજ આબોહવા પરિવર્તન અને ઉભરતા વ્યાપારિક આર્થિક જોખમો અંગેના G-20 અહેવાલને સમર્થન આપ્યું. બહુપક્ષીય વિકાસ બેંકો (MBD)ને મજબૂત બનાવવાની પ્રાથમિકતા આપવા માટે ભારતની અધ્યક્ષતામાં ગઠિત કરવામાં આવેલા સ્વતંત્ર નિષ્ણાત જૂથના પ્રયાસોની પ્રશંસા કરી હતી, જેનો પ્રથમ અહેવાલ બહાર આવ્યો છે.
- ભારતની અધ્યક્ષતાએ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) એજન્ડાને G-20 ચર્ચામાં રજૂ કર્યા છે. નાણાકીય સમાવેશીતા અને ઉત્પાદકતાના લાભને આગળ વધારવામાં DPIની પરિવર્તનકારી ભૂમિકાને સ્વીકારતા સભ્ય દેશોએ ભારતના પ્રયાસોને બિરદાવ્યા છે.
- G-20 FMCBG એ ત્રણ વર્ષ 2024-26 માટે નવા G-20 આર્થિક સમાવેશીતા એક્શન પ્લાન (FIAP)ને મંજૂરી આપી છે, જેનું નેતૃત્વ 2024થી આગામી ત્રણ વર્ષ માટે સહ-અધ્યક્ષ તરીકે ભારત કરશે.
- ભારતની અધ્યક્ષતાએ ક્રિપ્ટો અસ્કયામતો પર રોડમેપ માટે મહત્વપૂર્ણ ઈનપુટ્સ આપતા G-20ના સભ્યપદ માટે એક 'અધ્યક્ષતા નોંધ' રજૂ કરી છે.



## રોજગાર માટે જવાબદાર અને અસરકારક વ્યૂહરચના તૈયાર કરવાનું આહ્વાન

- રોજગાર કાર્ય સમૂહની ચોથી બેઠક 19 અને 20 જુલાઈના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં યોજાઈ હતી, જે 21 જુલાઈના રોજ શ્રમ અને રોજગાર મંત્રીઓની બેઠકમાં ત્રણ પરિણામ દસ્તાવેજોને સર્વસંમતિથી અપનાવવા સાથે સંપન્ન થઈ હતી.
- કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્રસિંહ યાદવની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે, દુનિયા અત્યારે રોજગાર ક્ષેત્રે કેટલાક સૌથી મોટા ફેરફારોના કિનારા પર છે.
- ભારત પાસે ટેક્નોલોજી આધારિત ફેરફારો દરમિયાન મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન કરવાનો અનુભવ છે. સ્કિલિંગ, રિસ્કિલિંગ અને અપસ્કિલિંગ એ ભવિષ્યની વર્કફોર્સ માટેના મંત્રો છે. ભારતનું 'કૌશલ્ય ભારત મિશન' આ વાસ્તવિકતા સાથે જોડવાનું અભિયાન છે. 'પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના' હેઠળ અત્યાર સુધીમાં 1.25 કરોડથી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે.
- પ્રધાનમંત્રી મોદીએ સતત વિકસી રહેલી દુનિયા પર તેમનો દૃષ્ટિકોણ રજૂ કરવાની સાથે જ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભવિષ્યમાં મોબાઈલ વર્કફોર્સ એક વાસ્તવિકતા બનવા જઈ રહ્યું છે. તેથી, હવે ખરા અર્થમાં કૌશલ્યોના વિકાસ અને વહેંચણીનું વૈશ્વિકરણ કરવાનો સમય આવી ગયો છે. G-20 એ આમાં અગ્રણી ભૂમિકા ભજવવી જોઈએ."
- ભારતે 'ઈ-શ્રમ પોર્ટલ' બનાવ્યું છે જેમાં એક વર્ષમાં જ 28 કરોડથી વધુ કામદારોની નોંધણી થઈ ગઈ છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, હવે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરવાની સાથે સાથે, દરેક દેશ માટે સમાન ઉકેલો અપનાવવા મહત્વપૂર્ણ બની જાય છે. આ સંદર્ભમાં ભારતને પોતાનો અનુભવ શેર કરવામાં ખુશી થશે.
- મંત્રી સ્તરીય બેઠકમાં ત્રણ પરિણામ દસ્તાવેજો અપનાવવામાં આવ્યા હતા જેમાં વૈશ્વિક સ્તરે કૌશલ્યના અંતરાયને ઘટાડવા માટેની વ્યૂહરચનાઓ પર G-20 નીતિની પ્રાથમિકતાઓ, પર્યાપ્ત અને ટકાઉક્ષમ સામાજિક સુરક્ષા, ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે યોગ્ય કાર્ય પર G-20 નીતિ પ્રાથમિકતાઓ અને સામાજિક સુરક્ષાના સતત ધિરાણ માટે 20 નીતિ વિકલ્પનો સમાવેશ થાય છે.



## આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનમાં ગ્રીન ગ્રીડમાં જોડાવાનું આમંત્રણ

- ગોવામાં એનર્જી ટ્રાન્ઝિશન કાર્ય સમૂહની ચોથી બેઠકનું આયોજન કર્યા પછી 22 જુલાઈના રોજ G-20 ઉર્જા મંત્રીઓની બેઠક યોજવામાં આવી હતી, જેમાં ભારતની અધ્યક્ષતાના સારાંશ અને પરિણામ દસ્તાવેજને અપનાવવામાં આવ્યો હતો.
- મહત્વાકાંક્ષી અને દૂરંદેશી પરિણામ માટે હાઈડ્રોજન પર G-20ના ઉચ્ચસ્તરીય સિદ્ધાંતો અપનાવવામાં આવ્યા, તેમજ આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટેનાં પગલાં લેવા તમામ સભ્ય દેશો સંમત થયા હતા.
- આ બેઠકમાં વિશેષરૂપે વિકાસશીલ દેશો માટે ટેક્નોલોજીના આદાનપ્રદાન અને ઓછા ખર્ચે ધિરાણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી કરીને કોઈ તેના લાભોથી પાછળ ન રહી જાય.
- ઉર્જા મંત્રીઓની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં, તમામ દેશોને ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ગ્રીન ગ્રીડમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું હતું.

“

**એકબીજા સાથે જોડાયેલી ગ્રીન ગ્રીડની પરિકલ્પનાને સાકાર કરવાથી આપણા આબોહવા સંબંધિત ધ્યેયો પૂરા કરવામાં, ગ્રીન ઈન્વેસ્ટમેન્ટને પ્રોત્સાહિત કરવામાં અને લાખો ગ્રીન જોબનું સર્જન કરવામાં મદદ મળશે. હું બેઠકમાં ભાગ લેનારા તમામ દેશોને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની ગ્રીન ગ્રીડ પહેલ - 'એક સૂર્ય, એક પૃથ્વી, એક ગ્રીડ'માં જોડાવા માટે આમંત્રણ પાઠવું છું.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

“

**આપણા વિચારો અને કાર્યો હંમેશા આપણી 'એક પૃથ્વી'ને સંરક્ષિત કરવામાં, આપણા 'એક પરિવાર'ના હિતોનું રક્ષણ કરવામાં અને હરિયાળા 'એક ભવિષ્ય' તરફ આગળ વધવામાં મદદરૂપ થવા જોઈએ.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

- G-20 ઉર્જા મંત્રીઓ શૂન્ય અને ઓછા કાર્બન હાઈડ્રોજનનો મહત્તમ ઉપયોગ કરવા માટે મુક્ત વેપારને પ્રોત્સાહિત કરવા સંમત થયા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G-20 ઉર્જા મંત્રીઓને આપેલા સંબોધનમાં સ્પષ્ટ કર્યું હતું કે, ભવિષ્ય, સ્થિરતા કે વૃદ્ધિ અને વિકાસ વિશે કોઈ પણ વાત ઉર્જા વિના પૂરી થઈ શકે નહીં. તે વ્યક્તિથી રાષ્ટ્રો સુધીના તમામ સ્તરે વિકાસને અસર કરે છે. ઉર્જા ક્ષેત્રમાં પરિવર્તનના સંદર્ભમાં ભલે દરેક દેશની વાસ્તવિકતા અલગ હોય અને માર્ગ હોય તેમ છતાં, હું માનું છું કે દરેક દેશના લક્ષ્યો સમાન છે.
- ભારત આબોહવા પરિવર્તનની દિશામાં નેતૃત્વનું સાક્ષી રહ્યું છે. બિન-અશ્મિભૂત સ્થાપિત ક્ષમતાનો લક્ષ્યાંક નવ વર્ષ વહેલાં હાંસલ કર્યો છે અને 2030 સુધીમાં 50% બિન-અશ્મિભૂત સ્થાપિત ક્ષમતા હાંસલ કરવાની ભારતની યોજના છે.
- ભારતે છેલ્લાં નવ વર્ષમાં 19 કરોડ લોકોને LGP સાથે જોડ્યા છે, દરેક ગામને વીજળીથી જોડવામાં આવ્યું છે. ભારતમાં 2015માં LED લાઈટનો ઉપયોગ કરવાનો જે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, તે આજે વિશ્વનો સૌથી મોટો LED વિતરણ કાર્યક્રમ બની ગયો છે. આનાથી 45 અબજ યુનિટ ઉર્જાની બચત થઈ છે. આ વર્ષે જ 20% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ શરૂ કરવામાં આવ્યું છે. કાર્બન ન્યૂટ્રલ એનર્જી સ્પેસ બનાવવા માટે ગ્રીન હાઈડ્રોજન પર મિશન મોડમાં કામ કરવામાં આવી રહ્યું છે.





## પર્યાવરણને અનુકૂળ સ્થાયી ભવિષ્ય નિર્માણની પ્રતિબદ્ધતામાં G-20 મંત્રીઓ એકજૂથ

- ચેન્નાઈમાં 28 જુલાઈના રોજ પર્યાવરણ અને આબોહવા સ્થિરતા કાર્ય સમૂહની ચોથી બેઠક અને G-20 પર્યાવરણ અને આબોહવા મંત્રીઓની બેઠક સંપન્ન થઈ.
- આ બેઠક એક પરિણામ દસ્તાવેજ, બ્લુ ઈકોનોમી માટે ચેન્નાઈ ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતો સહિત સંખ્યાબંધ દસ્તાવેજોને અપનાવવા સાથે સમાપ્ત થઈ હતી, જ્યાં G-20 મંત્રીઓ પર્યાવરણ માટે અનુકૂળ, ટકાઉક્ષમ અને સ્થિતિસ્થાપક ભવિષ્યના નિર્માણ માટે તેમની પ્રતિબદ્ધતામાં એકજૂથ જોવા મળ્યા હતા.
- આ બેઠકમાં જમીન અને જૈવવિવિધતા, બ્લુ ઈકોનોમી, જળ સંસાધન વ્યવસ્થાપન અને વલયાકાર અર્થતંત્ર પર કેન્દ્રિત મહત્વની સિદ્ધિઓ અને તારણોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા.
- આ સમૂહનું મુખ્ય લક્ષ્ય મહાસાગરોના ટકાઉક્ષમ વ્યવસ્થાપન અને સમુદ્રી જૈવવિવિધતાના સંરક્ષણ માટે ટકાઉ ઉકેલો વિકસાવવાના ઉદ્દેશ્યથી G-20 દેશો વચ્ચે સહયોગ વધારવાનો છે.
- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, ભારતની અધ્યક્ષતામાં ઉદ્યોગ આધારિત સંસાધન કાર્યક્ષમતા અને વલયાકાર અર્થતંત્ર ઉદ્યોગ ગઠબંધન (RECEIC)ની શરૂઆત એક સીમાચિહ્નરૂપ બાબત છે. G-20 મંત્રીઓને RECEIC સાથે જોડાવા માટે અને ભવિષ્યમાં તાલમેલનો લાભ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, આબોહવા સંબંધિત કાર્યવાહીમાં 'અંત્યોદય'નું પાલન કરવું જોઈએ, જેનો અર્થ એ છે કે, આપણે સમાજના છેવાડાના માણસના ઉત્કર્ષ અને વિકાસની ખાતરી કરવી પડશે. ગ્લોબલ સાઉથના દેશો વિશેષરૂપે આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય મુદ્દાઓથી અસરગ્રસ્ત છે. આપણે 'સંયુક્ત રાષ્ટ્ર આબોહવા સંમેલન' અને 'પેરિસ સમજૂતી' હેઠળ નિર્ધારિત પ્રતિબદ્ધતાઓને અનુરૂપ પગલાં લેવાની જરૂર છે.
- પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, ભારત તેના મહત્વાકાંક્ષી 'રાષ્ટ્રીય સ્તર પર નિર્ધારિત યોગદાન'ના માધ્યમથી આગળ વધી રહ્યું છે. ભારતે નિર્ધારિત લક્ષ્યાંકને 9 વર્ષ વહેલો હાંસલ કરી લીધો છે. સ્થાપિત અક્ષય ઉર્જા ક્ષમતાના સંદર્ભમાં ભારત વિશ્વના ટોચના 5 દેશોમાં સામેલ થઈ ગયું છે. ભારત 2070 સુધીમાં 'નેટ ઝીરો' કાર્બન ઉત્સર્જનના ધ્યેય સાથે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન, CDRI અને 'ઉદ્યોગ પરિવર્તન માટે નેતૃત્વ સમૂહ' સહિતના જોડાણોના માધ્યમથી તેના ભાગીદારો સાથે સહયોગ કરવાનું ચાલુ રાખે છે.

## ભારતે DRRWGની શરૂઆત કરી, બ્રાઝિલ તેની અધ્યક્ષતા આગળ વધારશે

- ભારતની અધ્યક્ષતા હેઠળ શરૂ કરવામાં આવેલા આપદા જોખમ ઘટાડવાના કાર્ય સમૂહની ત્રીજી અને અંતિમ બેઠક 26 જુલાઈના રોજ ચેન્નાઈમાં યોજવામાં આવી હતી, જેમાં સભ્યોએ પ્રાસંગિક પાંચ પ્રાથમિકતાનાં ક્ષેત્રો માટે પગલાં લેવાના મુદ્દાઓને અપનાવ્યા હતા. G-20 માટે ભારતના વારસાવાળા આ સમૂહને ડિસેમ્બર 2023માં બ્રાઝિલની અધ્યક્ષતા પણ આગળ વધારશે.
- પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓનું વૈશ્વિક કવરેજ, આપદા અને આબોહવા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આપદા જોખમ ઘટાડવા માટે ફાઈનાન્સિંગ માળખું, આપદા પ્રતિભાવ પ્રણાલીઓ અને DRR માટે ઈકોસિસ્ટમ આધારિત અભિગમનો સમાવેશ થાય છે. તે નવા જોખમોને રોકવા અને હાલના આપદાના જોખમોને ઘટાડવા માટે આપદા જોખમ ઘટાડા 2015-2030 (સેન્ડાઈ ફ્રેમવર્ક) માટે સભ્યોની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## સ્મૃતિ સિક્કા અને ટપાલ ટિકિટ બહાર પાડ્યા

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત મંડપમના ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન ભારતની G-20ની અધ્યક્ષતાની યાદમાં સ્મૃતિ ટપાલ ટિકિટ અને સિક્કા બહાર પાડ્યા હતા.
- ટપાલ ટિકિટ અને સિક્કાઓની ડિઝાઈનમાં G-20નો લોગો અને વસુધૈવ કુટુમ્બકમ - એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યને સામેલ કરવામાં આવ્યા છે. G-20ની શ્રેણીબદ્ધ ફળદાયી બેઠકો પછી, 9-10 સપ્ટેમ્બરના રોજ 18મી G-20 નેતાઓનું શિખર સંમેલન ભારતના સૌથી મોટા સંમેલન કેન્દ્ર ભારત મંડપમમાં યોજાશે.
- ટપાલ ટિકિટ 20 રૂપિયાની કિંમતની છે. ભારતની G-20ની અધ્યક્ષતાની ઉજવણીની યાદમાં બહાર પાડવામાં આવેલી સોનેરી રંગની ટપાલ ટિકિટ ભારતની વિવિધતા, સર્વસમાવેશીતા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું પ્રતિનિધિત્વ કરે છે.
- ભારતના રાષ્ટ્રીય ફૂલ કમળની સાત પાંખડીઓમાં સાત ખંડો દર્શાવવામાં આવ્યા છે. બીજી ટિકિટ G-20 સભ્યોની એકતા અને સામૂહિક ઈચ્છાને પ્રતિબિંબિત કરે છે.
- ભારતની G-20ની અધ્યક્ષતાને અંકિત કરવા માટે પ્રધાનમંત્રી મોદીએ રૂ. 75 અને રૂ. 100ના બે સિક્કા પણ બહાર પાડ્યા હતા. 75 રૂપિયાનો સિક્કો ભારતની આઝાદીના 75 વર્ષ પૂરા થયા અને અમૃતકાળની શરૂઆત થઈ તેને દર્શાવે છે, જ્યારે 100 રૂપિયાનો સિક્કો ભારતની આઝાદીના 100 વર્ષની યાત્રાને દર્શાવે છે.●




FIT INDIA

**ફિટ ઈન્ડિયા અભિયાનનાં ચાર વર્ષ**

# નવા ભારતમાં ફિટ ઈન્ડિયા સંકલ્પને તાકાત મળી

**સફળતા અને ફિટનેસ વચ્ચેનો સંબંધ પણ એકબીજા સાથે જોડાયેલો છે. આજે, કોઈપણ ક્ષેત્રના આઈકોન અને તેમની સફળતાની ગાથાઓ જુઓ અને વાંચો, તેમાંથી મોટાભાગના એવા છે જેઓ તંદુરસ્ત પણ છે. આ માત્ર એક સંયોગ નથી, પરંતુ દરેક સફળ વ્યક્તિની જીવનશૈલીમાં ફિટનેસ એ સમાનરૂપ જેવા મળી બાબત છે. ફિટનેસના આ મંત્રને જન આંદોલન બનાવવા માટે, 29 ઓગસ્ટ, 2019ના રોજ રાષ્ટ્રીય ખેલ દિવસ પર ફિટ ઈન્ડિયા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આવો, રાષ્ટ્રીય ખેલ દિવસ પર, ચાલો સમજીએ કે, ફિટ ઈન્ડિયા, ખેલો ઈન્ડિયા, ટોપ્સમાં મળતી તકોની મદદથી કેવી રીતે ખેલાડીઓ નવા ઈતિહાસ રચી રહ્યા છે...**

---

આયુર્વેદના શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે – *સર્વપ્રાણિ ભૃતમ્ નિત્યમ્, આયુઃ યુક્તિમ્ અપેક્ષતે। દૈવે પુરુષ કરે ચ, સ્થિતમ્ હિ અસ્ય બલ બલમ્* ॥ એટલે કે, વિશ્વમાં સખત મહેનત, સફળતા, ભાગ્ય બધુ જ સ્વાસ્થ્ય પર નિર્ભર હોય છે. જ્યાં સ્વાસ્થ્ય છે ત્યાં ભાગ્ય અને સફળતા છે. જ્યારે આપણે નિયમિતપણે વ્યાયામ કરીએ છીએ અને આપણી જાતને તંદુરસ્ત અને મજબૂત રાખીએ છીએ, ત્યારે આપણી અંદર એક લાગણી ઉત્પન્ન થાય છે જે કહે છે – હા, આપણે આપણા પોતાના સર્જક છીએ, આત્મવિશ્વાસ વિકસે છે. વ્યક્તિનો આ આત્મવિશ્વાસ જ તેને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરવામાં પણ મદદ કરે છે. આ જ વાત પરિવાર, સમાજ અને દેશ માટે પણ લાગુ પડે છે. એક પરિવાર જે સાથે રમે છે, સાથે તંદુરસ્ત રહે છે. ભારત કેવી રીતે ફિટનેસને તેમની જીવનશૈલીનો મંત્ર બનાવી રહ્યું છે તેનો પુરાવો 2022માં ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન, ફિટ ઈન્ડિયા ક્વિઝ, ફિટ ઈન્ડિયા સ્કૂલ વીકમાં 9 કરોડથી વધુ લોકોની ભાગીદારીના આંકડાઓ પરથી મળે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, ફિટનેસ સુધારવામાં રોકાણ શૂન્ય છે, પરંતુ વળતર અમર્યાદિત છે. સ્વસ્થ વ્યક્તિઓ, સ્વસ્થ પરિવારો અને સ્વસ્થ સમાજ, નવા ભારતને શ્રેષ્ઠ ભારત બનાવવાનો આ માર્ગ છે. આ જ કારણ છે કે, હજારો વર્ષોથી




## યુવાનો ટોપ્સમાંથી ચેમ્પિયન બની રહ્યા છે

**એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2023માં વિદેશી ધરતી પર કોઈપણ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 27 ચંદ્રકો જીતવાનો વિક્રમ બન્યો. જેમાં સુવર્ણ અને રજત ચંદ્રક જીતનારી જ્યોતિ યાર્રાજી, સુવર્ણ ચંદ્રક જીતનાર અબ્દુલ્લા અબુબકર અને તજિન્દર પાલ સિંહ તૂર, રજત ચંદ્રક જીતનારી શૈલીસિંહ, પ્રિયંકા ગોસ્વામી, મુરલી શ્રીશંકર અને ડીપી માનુની સાથે સાથે કાંસ્ય ચંદ્રક જીતનાર તેજશ્વિન શંકરને કેન્દ્ર સરકારની ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ) તરફથી સહકાર મળી રહ્યો હતો. ટોપ્સમાં, સરકાર ટોચના ખેલાડીઓને ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સની તૈયારી માટે સહાય પૂરી પાડે છે. હાલમાં આ યોજના હેઠળ 269 ખેલાડીઓને મદદ કરવામાં આવી રહી છે. ટોપ્સમાં 2028ના લક્ષ્ય સાથે જ, સરકાર હાલમાં ફક્ત તે જ રમતો માટેના પ્રસ્તાવોને આગળ વધી રહી છે જે ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ, પેરાલિમ્પિક્સ, પેરા એશિયન ગેમ્સનો હિસ્સો છે. ટોપ્સ અંતર્ગત 2028ની ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ તેમજ વર્ષ 2026 કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ અને પેરા એશિયન ગેમ્સને સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે.**

## ફિટ ઈન્ડિયાના કાર્યક્રમો

- પ્રથમ પ્લૉગ રન 2 ઑક્ટોબર, 2019ના રોજ કરવામાં આવી હતી જેમાં **30 લાખ** લોકોએ ભાગ લીધો હતો. તેમાં લોકો ધીમે ધીમે દોડીને રસ્તા પરથી કચરો ઉપાડતા જાય છે.
- ફિટ ઈન્ડિયા સાયક્લોથોન, ફિટ ઈન્ડિયા સ્કૂલ વીક, 'ઈન્ડિયા ફ્રીડમ રન'નું પણ આયોજન કરવામાં આવે છે. માત્ર ફિટ ઈન્ડિયા ફ્રીડમ રનમાં જ 2022માં 7 કરોડથી વધુ લોકોએ **18,40,69,332 કિમી**નું અંતર કાપ્યું હતું.
- ફિટ ઈન્ડિયામાં લગભગ **11 લાખ** શાળાઓની નોંધાણી થયેલી છે જેમાંથી લગભગ 5 લાખ શાળાઓને થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટારમાં વર્ગીકૃત કરીને ચકાસવામાં આવી છે.

## રાષ્ટ્રીય ખેલ દિવસ નિમિત્તે સંકલ્પ લો

આજે જ સંકલ્પ લો કે આપણે પોતે ફિટ રહીશું, આપણે આપણા પરિવાર, મિત્રો, પડોશીઓ અને આપણે જેને ઓળખીએ છીએ તે દરેકને ફિટ રહેવા માટે પ્રોત્સાહિત કરીશું. તેઓ રમતગમત અને ફિટનેસ જળવાઈ રહે તેવી પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપે, જે સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં યોગદાન આપશે. જો હું ફિટ, તો ભારત ફિટ.

## ખેલો ઈન્ડિયા કાર્યક્રમ

નાણાકીય વર્ષ 2016-17માં શરૂ કરવામાં આવેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રમતગમતમાં સામૂહિક ભાગીદારી અને શ્રેષ્ઠતા છે. રમતવીરોની તાલીમ માટે ખેલો ઈન્ડિયા એકેડમીને દર વર્ષે દરેક એથલેટ દીઠ રૂ. 6.28 લાખની સહાય આપવામાં આવે છે. ખેલો ઈન્ડિયા હેઠળ 297 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. સાથે જ, 733 ખેલો ઈન્ડિયા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે અને 266 એકેડમીને માન્યતા આપવામાં આવી છે.




## સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ ફિટ બની

રમતગમતની વાત આવે ત્યારે સમગ્ર યુવા પેઢી સ્વાભાવિક રીતે આગળ આવે છે. જ્યારે આપણે યુવા પેઢી પર ધ્યાનથી નજર કરીએ, ત્યારે ખબર પડે છે કે આજનું યુવા માનસ પ્રાચીન બીબાંઢાળ રીતભાતોમાંથી, કંઈક નવું કરવા માંગે છે, નવા માર્ગો બનાવવા માંગે છે. રમતગમતને કારકિર્દી બનાવવાનો માર્ગ અપનાવી રહેલા યુવાનોને હાલની કેન્દ્ર સરકાર ખેલો ઈન્ડિયા, ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ), રમતો પર વધારવામાં આવેલા બજેટ દ્વારા તેમને પ્રોત્સાહન આપી રહી છે. સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમના આ મજબૂતીકરણને કારણે, જ્યાં નવ વર્ષ પહેલાં સો કરતાં ઓછા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય રમતોમાં ભાગ લેતા હતા, તેમની સંખ્યા વધીને હવે 300થી વધુ થઈ ગઈ છે.

> "દેશમાં રમત-ગમત, ખેલદિલીની ભાવના હવે અટકવી જોઈએ નહીં. આ ક્ષણને પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં કાયમી કરવાની છે. શહેર હોય કે ગામ, આપણા રમતના મેદાનો ભરેલા હોવા જોઈએ. સૌ કોઈ રમે - સૌ કોઈ ખીલે. સૌના પ્રયાસોથી જ ભારત રમતગમતમાં તે ઉંચાઈ હાંસલ કરી શકશે, જેના માટે તે હકદાર છે."
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

રમત-ગમતો ભારતની ધરોહર અને વિકાસનો એક હિસ્સો રહી છે, જેને રાષ્ટ્ર આઝાદીના અમૃતકાળમાં પોતાના વારસામાં ગૌરવ સાથે પુનર્જીવિત કરી રહ્યું છે. તેને મજબૂતી આપવા માટે શરૂ કરવામાં આવેલી 'ફિટ ઈન્ડિયા ચળવળ' વાસ્તવમાં 'હિટ ઈન્ડિયા ચળવળ' છે. તેથી, ઈન્ડિયા જેટલું વધારે ફિટ રહેશે, એટલું જ ઈન્ડિયા વધારે હીટ થશે. ફિટ ઈન્ડિયા ચળવળ માત્ર ચાર વર્ષમાં જ જનઆંદોલન બની ગઈ છે. આ ચળવળને મજબૂત કરવા માટે દેશના રમતગમતના બજેટમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. ખેલાડીઓને વધુને વધુ સંસાધનો પણ આપવામાં આવી રહ્યા છે અને તેમને વધુને વધુ તકો પણ મળી રહી છે.●





# સીમા માર્ગ સંગઠને સરળ અને સુગમ બનાવી

# અમરનાથ યાત્રા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા છેલ્લાં 9 વર્ષમાં દેશના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સ્થળોના પુનર્વિકાસ માટે કરવામાં આવેલું કામ અદ્ભુત છે. કાશીમાં બાબા વિશ્વનાથ મંદિર પરિસર, કેદારનાથ ધામનો જીર્ણોદ્ધાર, દેવઘરમાં બાબા બૈદ્યનાથ ધામને વિકાસની ભેટ અને સોમનાથ મંદિર પરિસર માટે કરવામાં આવેલ કાર્યોના પરિણામ સ્વરૂપે ભક્તોને ઘણી સુવિધાઓ મળી રહી છે. આ શ્રેણીમાં અમરનાથ યાત્રાને સરળ બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સીમા માર્ગ સંગઠન (BRO) દ્વારા આ વર્ષે યાત્રા શરૂ થવાના 15 દિવસ પહેલાં 15 જૂન, 2023 સુધીમાં તમામ નિર્ધારિત કાર્યો પૂરા કરવામાં આવ્યા અને અમરનાથ યાત્રાળાઓ માટે ચાલવાનો માર્ગ સરળ બનાવી દીધો. અમરનાથ યાત્રાને સરળ અને સુગમ બનાવવા માટે, કેવી રીતે અને શું કામ કરવામાં આવ્યું છે, તેના વિશે BROના મહાનિદેશક લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચૌધરી માહિતી આપી રહ્યા છે...

બાબા બર્ફાની અમરનાથ એ જમ્મુ અને કાશ્મીર રાજ્યના અનંતનાગ જિલ્લાના પહેલગામ તાલુકામાં સ્થિત એક પવિત્ર હિન્દુ તીર્થસ્થળ છે. સિંધ ખીણમાં આવેલી પવિત્ર ગુફા 12,756 ફૂટની ઊંચાઈ પર છે અને તે બરફથી ઢંકાયેલા પર્વતોથી ઘેરાયેલી છે. ઉનાળા દરમિયાન જ્યારે મંદિર યાત્રાળુઓ માટે ખુલે છે તે થોડા સમયને બાદ કરતા તે વર્ષના મોટાભાગના સમયમાં બરફથી ઢંકાયેલું રહે છે. હજારો યાત્રાળુઓ દર વર્ષે જૂન (જેઠ મહિનાની પૂનમ)થી ઓગસ્ટ (શ્રાવણ મહિનાની પૂનમ) દરમિયાન અમરનાથની પવિત્ર ગુફાની મુલાકાતે આવે છે. આ પવિત્ર ગુફા બાલતાલ અને પહેલગામથી પગદંડીના માર્ગોથી જોડાયેલી છે.

બાલતાલનો રસ્તો ડોમેલથી નીકળે છે જે 9,580 ફૂટની ઉંચાઈ પર સ્થિત છે. ડોમેલથી શરૂ થતો માર્ગ અમરાવતી નદીની સાથે સાથે આગળ વધે છે અને રાયલ પથરી, બરારી માર્ગ અને કાલીમાતા મંદિર થઈને પવિત્ર ગુફા સુધી પહોંચે છે. આ રસ્તો એકદમ સીધા ઢોળાવ પર છે. પવિત્ર ગુફા સુધીના આ માર્ગની લંબાઈ 11.75 કિલોમીટર છે.

બીજો માર્ગ પહેલગામ નજીક ચંદનવાડીથી 9,500 ફૂટની ઉંચાઈએ શરૂ થાય છે. કેટલીક સીધા ઢોળાવની જગ્યાઓ સાથે સાથે તે પિસ્સુ ટોપ, જોજીપાલ, શેષનાગ, નાગાકોટી, વાવલ ટોપ, એમજી ટોપ (14,800 ફુટ), પોશ પઠારી (13500 ફુટ) થઈને નીકળે છે. આ પછી પવિત્ર ગુફા સાથે આ માર્ગ જોડાય છે. આ માર્ગેથી પવિત્ર ગુફા સુધી પહોંચવા માટે ભક્તોને 32 કિલોમીટર પગપાળા જવું પડે છે.

દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ માર્ગો પરથી ગુફાના પવિત્ર દર્શન કરવા માટે આવે છે. ગયા વર્ષે આ યાત્રા 30 જૂનથી 11 ઓગસ્ટ 2022 સુધી ચાલી હતી અને તેમાં કુલ 3.60 લાખ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. ગયા વર્ષ સુધી બાલતાલ તરફના રસ્તાની જમ્મુ અને કાશ્મીરના આર એન્ડ બી ડિવિઝન દ્વારા જાળવણી કરવામાં આવતી હતી. બીજી તરફ, પહેલગામ બાજુના માર્ગની જવાબદારી પહેલગામ ડેવલપમેન્ટ ઓથોરિટીની હતી. જમ્મુ અને કાશ્મીર પ્રદેશમાં રસ્તાઓના વિકાસ અને જાળવણીમાં BROની તજજ્ઞતા અને કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને, સપ્ટેમ્બર 2022માં, જમ્મુ અને કાશ્મીર સરકારે આ માર્ગોના વિકાસ અને જાળવણીની જવાબદારી BROને સોંપવાનો નિર્ણય કર્યો હતો.

BROએ વર્ષ 2023ની યાત્રા શરૂ થાય તે પહેલાં જ પ્રતિબદ્ધતા સાથે આ અઘરી જવાબદારી નિભાવી અને નિર્ધારિત સમય પહેલાં કામ સારી રીતે પૂરું કર્યું. BROને હાલના રસ્તાઓની જાળવણી અને સમારકામ, રસ્તા પહોળા કરવા, ઢોળાવ અને સક્રિય



ભૂસ્ખલનના સંભવિત વિસ્તારોનું ફરીથી નિર્માણ કરવાની કામગીરી સોંપવામાં આવી હતી.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામની શરૂઆત બરફ હટાવવાની સાથે થઈ હતી. ત્યારબાદ ભારતીય વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટરનો ઉપયોગ રસ્તાના નિર્માણ અને જાળવણી માટેના સાધનો સહિત જરૂરી મશીનરીને નિર્માણ સ્થળ સુધી પહોંચાડવા માટે કરવામાં આવ્યો હતો. ભક્તોની સરળ અવરજવર માટે રૉક બ્રેકર અને હાઈડ્રોલિક રૉક સ્પ્લિટર્સનો ઉપયોગ કરીને માર્ગની પહોળાઈ 8 ફૂટથી વધારીને 12 ફૂટ કરવામાં આવી છે. તીર્થયાત્રીઓને ઢોળાવ અને સક્રિય ભૂસ્ખલનની સંભાવનાવાળા સ્થળોએ બચાવવા માટે ઘણી જગ્યાએ નવા માર્ગો પણ બનાવવામાં આવ્યા છે. BROએ યાત્રાળુઓની સુરક્ષા માટે 34 કિલોમીટર સુધી પકડીને ચાલી શકાય તેવી રેલિંગ પણ લગાવી છે. આ ઉપરાંત, BRO દ્વારા બાલતાલ રોડ પરના આઠ પુલ અને ચંદનવાડી રોડ પરના 10 પુલનું સમારકામ કરવામાં આવ્યું છે.

ચોમાસા દરમિયાન ભક્તોને આશ્રય આપવા માટે, બંને માર્ગો પર 25 વર્ષ આશ્રયસ્થાનો પણ બનાવવામાં આવ્યા છે. તમામ પડકારો અને મુશ્કેલીઓ હોવા છતાં, BRO એ યાત્રા શરૂ થાય તે પહેલાં 15 જૂન 2023 સુધીમાં તમામ નિર્ધારિત કાર્યો પૂરાં કર્યા છે. યાત્રા દરમિયાન પણ સતત વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માર્ગો પર BROની ટુકડીઓને તૈનાત કરવામાં આવી છે.

BROના કર્મયોગીઓ આ કાર્ય પૂરું કરીને અત્યંત ગૌરવ અને સંતોષ અનુભવી રહ્યા છે. સચોટ આયોજન, મક્કમ ઈરાદો, નિષ્ઠાપૂર્ણ પ્રયાસો, સમજદારભર્યા દિશા-નિર્દેશો કાર્યક્ષમ અમલીકરણ અને પડકારોને તકોમાં રૂપાંતરિત કરવાના પરિણામે સમયસર અને ગુણવત્તાયુક્ત કામ પૂરું થયું. પરિણામો દુનિયાની સમક્ષ છે કારણ કે ભક્તોએ પ્રેરિત કર્મયોગીઓ દ્વારા કરવામાં આવેલા કાર્યની ગુણવત્તાની ખૂબ જ પ્રશંસા કરી છે. ●

# 'સ્કીલ ઈન્ડિયા'થી કાશ્મીરની 'નમદા' કળા પુનર્જીવિત થઈ

**કૌશલ્ય વિકાસ લોકોના જીવનમાં કેવી રીતે અજાયબીઓ કરી શકે છે તેનું ઉદાહરણ બની ગઈ છે કાશ્મીરની 'નમદા' કળા. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY)ના કૌશલ્ય ભારત પ્રોજેક્ટ હેઠળ કાશ્મીરની લગભગ લુપ્ત થઈ ગયેલી નમદા શિલ્પકળાને ફરીથી નવું જીવન મળ્યું છે. આ પ્રોજેક્ટના સુખદ પરિણામો હવે સામે આવી રહ્યાં છે. તે માત્ર રોજગાર પ્રદાન કરવામાં મદદ કરે છે એવું નથી, પરંતુ તેના વિસ્તરણથી દેશમાં નવી તકો અને સમૃદ્ધિ ઊભી કરવાની શક્યતાઓ પણ વધી છે. તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળ યુવાનોને સ્કિલ, રિસ્કિલ અને અપસ્કિલ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે...**



નમદા કળાની તાલીમ આપનારા રઝિયા સલીમ જણાવે છે કે, હું હાલમાં 10 છોકરીઓને આ કળા શીખવી રહી છું. જ્યારે તેઓ શીખી જશે, ત્યારે તેઓ પોતાની સાથે રહેલી અન્ય 10-10 છોકરીઓને તાલીમ આપશે. આ રીતે ધીમે ધીમે આ કળા ફરી શરૂ થવા જઈ રહી છે. એવા ઘણા છોકરા-છોકરીઓ છે જેમને આનાથી એક પ્લેટફોર્મ મળી રહ્યું છે. તે પોતાનું કામ જાતે કરી રહ્યા છે. સરકારના તાલીમ કાર્યક્રમોથી ઘણો ફાયદો થયો છે.

સ્કીલ ઈન્ડિયા પ્રોગ્રામની મદદથી 11મી સદીની આ કળા ફરી એક વખત પુનર્જીવિત થઈ રહી છે અને કાશ્મીર તેના પુનર્જીવનનું સાક્ષી બની રહ્યું છે. બે વર્ષ પહેલાં અહીં તાલીમનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે તાજેતરમાં જ બ્રિટનમાં નમદા કળાના ઉત્પાદનોની નિકાસનો પ્રારંભ કર્યો છે. રોજગારીની નવી તકો ઊભી કરવા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે જમ્મુ અને કાશ્મીરના લગભગ 2,200 કારીગરોને નમદા હસ્તકળાની તાલીમ આપવામાં આવી છે, જે આ પરંપરાગત હસ્તકળાને સંરક્ષિત કરવામાં, સ્થાનિક વણકર અને કારીગરોને સશક્ત બનાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ ટ્વીટ કરીને કાશ્મીરની સદીઓ જૂની 'નમદા' કળાના પુનર્જીવન પર લખાયેલો એક લેખ શેર કર્યો હતો અને કહ્યું હતું કે, "કાશ્મીરની સદીઓ જૂની 'નમદા' કળા ફરી જીવંત થઈ રહી છે તેનાથી ખૂબ જ ખુશ છું. હવે વર્ષો પછી તે વૈશ્વિક સ્તરે પહોંચી રહી છે! તે આપણા કારીગરોના કૌશલ્ય અને જુસ્સાનો પુરાવો છે. આ આપણા સમૃદ્ધ વારસાના પુનર્જીવન માટે શુભ સમાચાર છે."

નમદા હસ્તકળા કાશ્મીરનો અનોખો વારસો છે, જે ધીમે ધીમે કાચા માલ, તાલીમબદ્ધ માનવશક્તિ, બજારના અભાવે લુપ્ત થવાના આરે પહોંચી ગઈ હતી. આ કળાના કારીગરો ઘેટાંના ઊનમાંથી ગાલીચા બનાવતા હતા. તેમાં પરંપરાગત વણાટને બદલે ઊનને સખત પ્રક્રિયાથી કોમ્પ્રેસ કરીને ગાલીચા બનાવવામાં આવતા હતા. આ પ્રોજેક્ટ કૌશલ્ય વિકાસ ક્ષેત્રમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડલનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ પ્રોજેક્ટ હેઠળ કાશ્મીર, શ્રીનગર, બારામુલ્લા, ગાંદરબલ, બાંદીપોરા, બડગામ અને અનંતનાગ એમ છ જિલ્લાઓમાં સફળતાપૂર્વક લોકોને તાલીમ આપવામાં આવી છે. એક અંદાજ મુજબ આગામી બે-ત્રણ વર્ષમાં નમદાના કારીગરોની સંખ્યા વધીને 6 થી 7 હજાર થઈ જશે. ●



**PMO India** @PMOIndia

आज से सौ साल पहले, जब भारत आजादी की जंग लड़ रहा था, तो वो पिछली शताब्दी का तीसरा दशक था। वो दशक भारत की आजादी के लिए बहुत अहम था।

इसी प्रकार 21वीं सदी का ये तीसरा दशक भी उतना ही महत्वपूर्ण है।



**रक्षा मंत्री कार्यालय/ RMO India**

हम यह जानते हैं, कि जब तक आप सीमाओं पर हमारी रक्षा कर रहे हैं, भारत की ओर आंख उठाकर देखने की हिम्मत भी किसी के अंदर नहीं हो सकती है। सिर्फ कारगिल ही नहीं, बल्कि आज़ादी से लेकर आज तक कई बार, समय-समय पर आप लोगों के शौर्य ने देश का मस्तक ऊंचा किया है: श्री @rajnathsingh



**Amit Shah** @AmitShah

When a poor person reaches the highest post in the democratic system, he dedicates democracy to the welfare of the poor. Both Dr Kalam and Modi Ji have proven this notion right.



**Nitin Gadkari** @nitin_gadkari

India ascends to great heights!

Bharat Mandapam resonates with the promise of India's latent potential and its vibrant new energy. It embodies a visionary testament to India's magnificence and unwavering determination.



**Shandilya Giriraj Singh**

The construction of #AmritSarovar has improved the groundwater level of the village and is now expected to improve along with the moisture that now remains in the nearby fields. Both the residents and farmers of the village are happy. #MGNREGA



**Office of Arjun Ram Meghwal**

#MeraGaonMeraDharohar मिशन से 29 राज्यों और 7 केंद्र शासित प्रदेशों के 6.5 लाख गांवों का सांस्कृतिक मानचित्रण कर मा. प्रधानमंत्री श्री @narendramodi जी के #NewIndia का संकल्प पूरा हो रहा है। आधिकारिक 'वेब पोर्टल लांच' के लिए कुतुब मीनार में आयोजित कार्यक्रम की एक झलक।

---

तीसरे कार्यकाल से पहले मोदी की गारंटी

# भारत बनेगा तीसरी बड़ी अर्थव्यवस्था



भारत मंडपम के उद्घाटन से पहले हवन करते प्रधानमंत्री नरेंद्र मोदी।

**मोदी** के नेतृत्व वाले राष्ट्रीय जनतांत्रिक गठबंधन (राजग) की सरकार अगले साल मई में अपने 10 साल पूरे करेगी। राजग विकास के मुद्दे पर तीसरे कार्यकाल के लिए चुनाव में उतरने की तैयारी कर रहा है। **प्रधानमंत्री** ने कहा कि हमें अगले 25 साल में भारत को विकसित राष्ट्र बनाने का लक्ष्य हासिल करना है।

जनसत्ता ब्यूरो
नई दिल्ली, 26 जुलाई।

आगामी लोकसभा चुनाव से पहले ही प्रधानमंत्री नरेंद्र मोदी ने अपनी सरकार के तीसरे कार्यकाल का खाका पेश करते हुए बुधवार को दावा किया कि भारत अभी की तुलना में तेज वृद्धि दर के साथ दुनिया की तीसरी सबसे बड़ी अर्थव्यवस्था बन जाएगा।

उन्होंने कहा कि भारत उनके तीसरे कार्यकाल में दुनिया की शीर्ष तीन अर्थव्यवस्थाओं में से एक होगा। उन्होंने कहा, 'यह मोदी की गारंटी है।' अगले आम चुनाव मई 2024 में होने हैं।

मोदी के नेतृत्व वाले राष्ट्रीय जनतांत्रिक गठबंधन (राजग) की सरकार अगले साल मई में अपने 10 साल पूरे करेगी। राजग विकास के मुद्दे पर तीसरे कार्यकाल के लिए चुनाव में उतरने की तैयारी कर रहा है।

नई दिल्ली के बीचों-बीच एक विश्वस्तरीय सम्मेलन केंद्र 'भारत मंडपम' का उद्घाटन करने के बाद उन्होंने कहा, 'हमें अगले 25 साल में भारत को विकसित राष्ट्र बनाने का लक्ष्य हासिल करना बाकी पेज 8 पर

# बलिदानियों की याद में चलेगा मेरी माटी, मेरा देश अभियान, दिल्ली में बनेगी अमृत वाटिका

स्वतंत्रता दिवस से पहले पीएम मोदी ने देशव्यापी अभियान की रूपरेखा रखी सामने

मन की बात



# जैव विविधता संरक्षण पर कार्रवाई करने में भारत आगे



चेन्नई, (पंजाब केसरी): प्रधानमंत्री नरेन्द्र मोदी ने शुक्रवार को कहा कि जैव विविधता के संरक्षण, सुरक्षा, बहाली एवं उनके संवर्धन पर कार्रवाई करने में भारत लगातार आगे रहा है और अपने अद्यतन लक्ष्यों के माध्यम से देश ने और भी ऊंचे मानक तय किए हैं।

जी-20 पर्यावरण एवं जलवायु स्थिरता पर यहां आयोजित मंत्रिस्तरीय बैठक को वीडियो कॉन्फ्रेंस के माध्यम से संबोधित करते हुए प्रधानमंत्री ने कहा कि उन्हें यह कहते हुए गर्व होता है कि भारत ने अपने महत्वाकांक्षी ''राष्ट्रीय स्तर पर निर्धारित योगदान'' के माध्यम से इस दिशा में नेतृत्व किया है उन्होंने कहा, ''भारत ने 2030 के लक्ष्य से नौ साल पहले ही गैर-जीवाश्म ईंधन स्रोतों से अपनी स्थापित विद्युत क्षमता हासिल कर ली है। हमने अपने अद्यतन लक्ष्यों के माध्यम से और भी ऊंचे मानक तय किए हैं। आज स्थापित नवीकरणीय ऊर्जा क्षमता के मामले में भारत दुनिया के शीर्ष पांच देशों में से एक है।'' प्रधानमंत्री ने कहा, ''हमने 2070 तक ''शून्य उत्सर्जन'' का लक्ष्य भी निर्धारित किया है। हमने अंतरराष्ट्रीय सौर गठबंधन, सीडीआरआई (केंद्रीय औषधि अनुसंधान संस्थान) और ''उद्योग परिवर्तन के लिए नेतृत्व समूह'' सहित अन्य गठबंधनों के माध्यम से अपने भागीदारों के साथ सहयोग करना जारी रखा है।'' उन्होंने कहा, ''भारत विशाल-विविधता से भरा देश है और देश जैव विविधता के संरक्षण, सुरक्षा, बहाली एवं उनके संवर्धन पर कार्रवाई करने में लगातार आगे रहा है।' गांधीनगर कार्यान्वयन खाका एवं मंच' के माध्यम से आप जंगल की आग और खनन से प्रभावित प्राथमिकता वाले स्थानों पर इस संबंध में की गई प्रगति को देख सकते हैं।'' उन्होंने कहा कि भारत ने बाघों के संरक्षण की दिशा में महत्वपूर्ण पहल की है। उन्होंने कहा कि 'प्रोजेक्ट टाइगर' से मिली सीख के आधार पर हाल में धरती पर बाघों की सात प्रजातियों के संरक्षण के लिए देश ने ''इंटरनेशनल बिग कैट एलायंस'' नामक पहल शुरू की है। 'प्रोजेक्ट टाइगर' के नतीजतन आज दुनिया में बाघों की कुल आबादी में से 70 प्रतिशत बाघ भारत में हैं उन्होंने कहा कि भारत 'प्रोजेक्ट लॉयन' और 'प्रोजेक्ट डॉल्फिन' पर भी काम कर रहा है। उन्होंने ''मिशन अमृत सरोवर'' की ओर इशारा करते हुए कहा कि भारत की पहल लोगों की भागीदारी से संचालित होती है। ''मिशन अमृत सरोवर'' एक अनूठी जल संरक्षण पहल है। इस मिशन के तहत लगभग एक वर्ष में 63,000 से अधिक जलाशयों का विकास किया गया है। यह मिशन पूरी तरह से सामुदायिक भागीदारी के माध्यम से और प्रौद्योगिकी की सहायता से कार्यान्वित किया गया है। उन्होंने कहा, ''हमारे 'कैच द रेन' अभियान के भी उत्कृष्ट परिणाम सामने आए हैं। जल संरक्षण के लिए इस अभियान के माध्यम से 2,80,000 से अधिक जल संचयन संरचनाओं का निर्माण किया गया है।'' इसके अलावा, लगभग 2,50,000 पुनः उपयोग एवं पुनर्भरण संरचनाओं का भी निर्माण किया गया है। उन्होंने कहा कि यह सब लोगों की भागीदारी और स्थानीय मृदा एवं जल की स्थिति पर ध्यान केंद्रित करके हासिल किया गया।

# जी-20 की मेजबानी को देश का सबसे बड़ा कन्वेंशन सेंटर तैयार

2700 करोड़ खर्च 26 को राष्ट्र को समर्पित करेंगे मोदी, सिडनी के ओपेरा हाउस से डेढ़ गुना बड़ा



अंतरराष्ट्रीय प्रदर्शनी-सह-सम्मेलन केंद्र (आईईसीसी) परिसर बनकर हुआ तैयार

# भारत पर दुनिया का बढ़ा भरोसा, देश में सेमीकंडक्टर क्रांति की शुरुआत : मोदी

सेमीकॉन इंडिया-2023 : प्रधानमंत्री ने दुनियाभर के चिप निर्माताओं को दिया निवेश का न्योता



**3,300** करोड़ रुपये का निवेश एएमडी करेगी भारत में

आत्मनिर्भर बनाने पर जोर

# हमारी शिक्षा प्रणाली आधुनिक विज्ञान के साथ परंपराओं को सहेज रही : मोदी

अखिल भारतीय शिक्षा समागम में पीएम बोले-शिक्षा में देश का भाग्य बदलने की ताकत



प्रगति मैदान में आयोजित कार्यक्रम में बच्चों के साथ प्रधानमंत्री नरेंद्र मोदी।

छात्रों से की बातचीत

अटल टिंकरिंग लैब्स से 75 लाख छात्र विज्ञान व नवाचार सीख रहे

RNI
DELGUJ/2020/78812
16-31 August, 2023

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

RNI Registered No. DELGUJ/2020/78812, Delhi Postal License No. DL(S)-1/3550/2023-25, WPP No. U(S)-98/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 13-17 advance Fortnightly (Publishing Date- 3 August, 2023, Pages-52)

16 ઓગસ્ટે પુણ્યતિથિ નિમિત્તે રાષ્ટ્ર શત્ શત્ વંદન કરે છે

# અટલ આદર્શ: આત્મનિર્ભર ભારતનો આધાર

ભારત રત્ન અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના વિચારો અને દષ્ટિકોણ દેશના લોકો માટે મહાન પ્રેરણાનો સ્રોત છે. જીવન કેવી રીતે જીવવું, દેશ માટે કેવી રીતે ઉપયોગી બનવું તે તેમણે પોતાના જીવન દ્વારા અન્ય લોકોને શીખવ્યું હતું. અટલજી કહેતા હતા કે, “આપણે ફક્ત પોતાના માટે ન જીવવું જોઈએ, આપણે બીજા માટે પણ જીવવું જોઈએ આપણે રાષ્ટ્ર માટે વધુને વધુ ત્યાગ કરવો જોઈએ. જો ભારતની સ્થિતિ દયનીય હશે તો દુનિયામાં આપણું સન્માન નહીં થઈ શકે. પરંતુ જો આપણે તમામ પાસાઓમાં સમૃદ્ધ હોઈશું તો દુનિયા આપણું સન્માન કરશે.”

> દેશ અને દુનિયા અટલજીને એક રાજનેતા, છટાદાર વક્તા, સંવેદનશીલ કવિ, ધારદાર પત્રકાર અને દૂરંદેશી લોકનેતા તરીકે ઓળખે છે. પરંતુ મારા માટે તેનું સ્થાન આના કરતાં પણ ઊંચું હતું. માત્ર એટલા માટે જ નહીં કે, મને તેમની સાથે વર્ષો સુધી કામ કરવાની તક મળી, પરંતુ તેમણે મારા જીવન, વિચારો, આદર્શો અને મૂલ્યો પર જે છાપ છોડી, તેમણે મારા પર જે ભરોસો મૂક્યો, તેમણે મારું ઘડતર કર્યું, મને દરેક પરિસ્થિતિમાં અટલ રહેવાનું શીખવાડ્યું છે.
>
> – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



**Editor in Chief**
**Rajesh Malhotra,**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General,
on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd.
FBD-One Corporate Park, 10th floor,
New Delhi-Faridabad border,
NH-1,Faridabad-121003